
મે, ૨૦૨૧ • ₹ ૧૫

# સરસ સલિલ

મનપસંદ અંદાજ, બુલંદ અવાજ



## કોરોનાની બીજી લહેર ગરીબ લોકોમાં દહેશત



સબસ્ક્રાઈબ કરવા માટે ૯૮૨૪૦૭૭૫૮૬ પર મેસેજ મોકલો
અથવા જુઓ. delhipress.in
આગામી 'ઈ એડિશન ફ્રી' મેળવવા માટે ઉપરના નંબર પર મેસેજ કરો.

• પુરુષનો માર સહન કરે અથવા ઘર છોડી દે મહિલા? • તું તો 'નપુંસક' છે • એક્સપોઝર હવામાં ઉડાવી શકે છે - ગુલ્કી જોશી

# HAEMOCAL®

Delicious Taste

SUNCARE
A WHO GMP COMPANY
SURE SAFE SECURE

## ગ્લુકોઝથી ભરપૂર આયર્ન ટોનિક



ભૂખ ઓછી લાગવી | એનીમિયા (શરીરમાં લોહીની ઊણપ) | ચક્કર આવવા | કમજોરી




લાઈફને આયર્ન અને ફોલિક એસિડથી રીચાર્જ કરો. હેમોકોલ બાળકોના વિકાસ માટે, ગર્ભાવસ્થામાં આયર્નની કમીને પૂરી કરવા અને માસિકને સુચારુ બનાવવા માટેનો શ્રેષ્ઠ ઉપાય છે. તે લોહીમાં આરબીસી એટલે કે લાલ રક્ત કોશિકાઓની સંખ્યા વધારવાનું કામ કરે છે જેનાથી થાક અને કમજોરી દૂર થાય છે. ગ્લુકોઝથી ભરપૂર અનોખી ઓરેન્જ ફ્લેવર તેના સ્વાદને વધારે છે.

# STOMAFIT®

## લિક્વિડ અને ટેબ્લેટ્સ




## રાખો તમારું સ્ટમક ફિટ અને હેલ્થિ

વધારે એસિડિટી, છાતીમાં બળતરા અને બેચેની, ડાયેરિયા, કબજિયાત, ઓડકાર, અપચો, ગેસના લીધે છાતીમાં બળતરા, આ કારણોસર પેટ સંબંધિત વિકાર.

મેન્થોલ અને અજમાનાં તત્ત્વોથી ભરપૂર

SCAN TO BUY HAEMOCAL

Please contact for more information:

**SUNCARE FORMULATIONS PVT. LTD.**

Ph.: 8447977889/ 999, 011-46108735, Mail: info@stomafit.com

Available on all major Online Pharmacies

SCAN TO BUY STOMAFIT

# સરસ સલિલ

**મનપસંદ અંદાજ, બુલંદ અવાજ**

સંસ્થાપક

**વિશ્વનાથ** *(૧૯૧૭-૨૦૦૨)*

મે , ૨૦૨૧ | અંક : ૨૯૧

Saras Salil Gujarati May, 2021

***Editor, Publisher & Printer** PARESH NATH.*
*Head Office: Delhi Press, E-8, Jhandewala Estate, Rani Jhansi Road, New Delhi - 110 055*

સંપાદક અને પ્રકાશક : પરેશ નાથ

● **પ્રમુખ સંપાદન, જાહેરખબર અને પ્રકાશન કાર્યાલય : દિલ્લી પ્રેસ, ઈ-૮, ઝંડેવાલા એસ્ટેટ, રાણી ઝાંસી માર્ગ, નવી દિલ્હી - ૧૧૦૦૫૫.**

● **અમદાવાદ સંપાદન અને જાહેરખબર વિભાગ : દિલ્લી પ્રેસ, ૩૧, નારાયણ ચેમ્બર્સ, આશ્રમ રોડ, અમદાવાદ - ૩૮૦ ૦૦૯.**

● **અન્ય કાર્યાલય :** ૩૦૨, 'બી', ત્રીજો માળ, ક્વીન્સ કોર્નર એપાર્ટમેન્ટ્સ, ક્વીન્સ રોડ, **બેંગ્લોર-૫૬૦૦૦૧.** ૭૯/એ, મિત્તલ ચેમ્બર્સ, નરીમન પોઈન્ટ, **મુંબઈ-૪૦૦૦૨૧.** ૧૬-A, અમૃતા બેનર્જી રોડ પહેલો માળ, કાલી ઘાટ, **કોલકાતા-૭૦૦૦૧૬.** જી-૭, પાયોનિયર ટાવર, મરીન ડ્રાઈવ, **કોચીન-૬૮૨૦૩૧.** ગ્રાઉન્ડ ફ્લોર, ૪, સપ્રુ માર્ગ, **લખનૌ-૨૨૬૦૦૧.** ૨/૯૨, પહેલો માળ, સીસન્સ કોમ્પલેક્સ, મોન્ટીએથ રોડ, **ચેન્નઈ-૬૦૦૦૦૮.** ૧૧૧, આશિયાના ટાવર, એક્ઝિબિશન રોડ, **પટણા-૮૦૦૦૦૧.** ગીતાંજલી ટાવર, શોપ નં. ૧૧૪, ફર્સ્ટ ફ્લોર, અજમેર રોડ, **જયપુર-૩૦૨૦૦૬.** ૧૨૨, પહેલો માળ, ચિનોય ટ્રેડ સેન્ટર, ૧૧૬, પાર્ક લેન, **સિકન્દરાબાદ - ૫૦૦૦૦૩.** ૧૨-બી, મહારાણા પ્રતાપ નગર, ઝોન - ૧, **ભોપાલ-૪૬૨૦૧૧.**



● દિલ્લી પ્રેસ પત્ર પ્રકાશન પ્રા. લિ. ની પરવાનગી વિના કોઈપણ રચનાનો ઉપયોગ કરવો નહીં. 'સરસ સલિલ'માં પ્રકાશિત વાર્તાઓમાં આવતાં નામ, સ્થળ, સંસ્થાઓ અને બનાવો કાલ્પનિક છે અને વાસ્તવિક વ્યક્તિ કે સંસ્થા સાથે તેની સમાનતા સંજોગ માત્ર છે.



● દિલ્લી પ્રેસ પત્ર પ્રકાશન પ્રા. લિ. વતી પ્રકાશક અને મુદ્રક પરેશ નાથ દ્વારા પીએસ પીસી પ્રેસ પ્રાઈવેટ લિમિટેડ, ડીએલએફ-૫૦, ઈન્ડસ્ટ્રિયલ એરિયા, ફરીદાબાદ, હરિયાણા-૧૨૧૦૦૩, દિલ્લી પ્રેસ ઈ-૮, ઝંડેવાલા એસ્ટેટ, નવી દિલ્લીમાં છપાયું અને ઈ-૮, ઝંડેવાલા એસ્ટેટ, નવી દિલ્લીથી પ્રકાશિત.

*Printed, Published and Edited by Paresh Nath on behalf of Delhi Press Patra Prakashan Private Limited at E-8, jhandewala Estate, New Delhi-110055. Printed by PSPC Press Private Limited 50 DLF Industrial Area Phase-1, Faridabad, Haryana - 121003*



COPYRIGHT NOTICE
' Delhi Press Patra Prakashan Pte. Ltd., New Delhi-110055. India.
No article, story, photo or any other matter can be reproduced from this magazine without written permission. THIS COPY IS SOLD ON THE CONDITION THAT JURISDICTION FOR ALL DISPUTES CONCERNING SALE, SUBSCRIPTION AND PUBLISHED MATTER WILL BE IN COURTS/FORUMS/TRIBUNALS AT DELHI.



**મુખ્ય વિતરક :** દિલ્લી પ્રકાશન વિતરણ પ્રા. લિ., ઈ-૮, ઝંડેવાલા એસ્ટેટ, રાણી ઝાંસી માર્ગ, નવી દિલ્હી-૧૧૦૦૫૫.

Rates : Inland : One copy Rs. 15.
One year Rs.295, Two years Rs. 570. Regd. Post

**કિંમત : એક નકલ ૧૫.૦૦ રૂપિયા**


## વહેતા વાયરા



દેશમાં સરકાર વિરુદ્ધ દરેક વાત કહેનાર સાથે હવે તે જ વર્તણૂક થઈ રહી છે જે આપણી પૌરાણિક વાર્તાઓમાં વારંવાર પુનરાવર્તિત થયું છે. દરેક ઋષિમુનિ આ વાર્તાઓમાં જે પણ એક વાર કહી નાખતા, તે તો થશે જ. વિશ્વામિત્રના યજ્ઞમાં દખલ દેનાર રાક્ષસોને મરાવવાના હતા તો દશરથના રાજદરબારમાં દાવો કર્યો કે રામલક્ષ્મણને મોકલી દો. દશરથે ખૂબ વિનવણી કરી કે બંને બાળકો છે, હજી તો શિખાઉ છે પણ વિશ્વામિત્રે કહી દીધું તો કહી દીધું. તે ન માન્યા.

કુંતીને વરદાન મળ્યું કે તે જ્યારે ઈચ્છે કોઈપણ દેવતાને બોલાવી શકે છે. સૂર્યને યાદ કર્યા તો આવી ગયા પણ કુંતીએ લાખ કહ્યું કે તે કુંવારી છે અને બાળક ન કરી શકે, પણ સૂર્ય દેવતા ન માન્યા અને કર્ણ પેદા થયો. તેને જન્મ પછી પાણીમાં છોડવો પડ્યો.

હવે ભલે ને પશ્ચિમ બંગાળ હોય, કાશ્મીરનો મુદ્દો હોય, ખેડૂતોના કાયદા હોય, જજની નિયુક્તિ હોય, લોકડાઉન હોય, નોટબંધી હોય, જીએસટી હોય, સરકારના મહર્ષિઓએ એકવાર કહી દીધું તો કહી દીધું હવે તીર પાછું નહીં આવે.

કોવિડના દિવસોમાં નક્કી હતું કે વેક્સિન બની તો દેશને ૮૦ કરોડ ડોઝ જરૂર પડશે પણ નરેન્દ્ર મોદીને પબ્લિસિટી જોઈતી હતી પણ લાખો ડોઝ ભારતીયોને ન આપતા ૧૫૦ દેશમાં મોકલવામાં આવી જેમાંથી ૮૨ દેશોને તો મફત આપવામાં આવી છે. ભારતમાં લોકો મરી રહ્યા છે, વેક્સિન એક આશા છે પણ નિર્ણય લઈ લીધો તો લઈ લીધો. આ દરેક બાબતમાં થઈ રહ્યું છે. પેટ્રોલ, ડીઝલ, ઘરેલુ ગેસના ભાવ વધી રહ્યા છે તો કોઈ સાંભળતું નથી. ચૂંટણી તો હિંદુમુસ્લિમ કરીને જીતી લેવાશે. ન જીત્યા તો સાંસદોને ખરીદી લેશે. જાણે કે કર્ણાટક, આસામ, મધ્યપ્રદેશમાં કર્યું.

પ્રજાનું ન સાંભળવું આપણા ધર્મગ્રંથોમાં સ્પષ્ટ લખ્યું છે. રાજા માત્ર ગુરુનું સાંભળશે ભલે ને તેના લીધે સીતાનો પરિત્યાગ થાય, શંબુકનો વધ થાય, એકલવ્યનો અંગૂઠો કાપવાનો હોય. પ્રજા વચ્ચે ક્યાંય નથી આવતી. આ પાઠ હકીકતમાં આપણા પ્રવચન કરનાર શહેરોમાં જ નહીં ગામડાંમાં પણ આટલી વાર પુનરાવર્તિત કરે છે કે લોકો સમજે છે કે રાજ કરવાની આ જ સાચી રીત છે. ભાજપા જ નહીં કોંગ્રેસ પણ આ જ રીતે રાજ કરતી રહી છે, મમતા બેનર્જી પણ એવું જ કરે છે, ઉદ્ધવ ઠાકરે પણ.

આ આપણી નસેનસમાં વસી ગયું છે કે કોઈનું ન સાંભળો. આપણો દરેક નેતા, દરેક અધિકારી પોતાના ક્ષેત્રમાં પોતાનું ધાર્યું કરે છે ભલે ને તે સાચું હોય કે ખોટું. એક વાત તો પાકી છે કે જ્યારે ૧૦ નિર્ણય લેશો તો ૫ સાચા પડશે, પણ ૫ છે ખરાબ છે, ખોટા છે, દુખદાયક છે, પ્રજાને પસંદ નથી તો દુર્વાસા મુનીની જેમ જમાવીને બેસી જવાનો શું અર્થ? આજે સરકાર લોકશાહીની દેન છે, સંવિધાનની દેન છે, પુરાણોની નહીં. પૌરાણિક વિચારસરણી આપણને નિમ્ન અને પાછળ ખેંચી રહી છે. દરેક વ્યક્તિ આજે પરેશાન છે. આજે ધનવાન શેઠને બાદ કરતા દરેક ખેડૂત, મજૂર, વેપારી પરેશાન છે પણ તે એ વિચારે છે કે રાજાનો નિર્ણય તો માનવો જ પડશે. તેના ગળામાંથી અવાજ નથી નીકળતો.

આ વિચારસરણી દરેક ગરીબને લઈ ડૂબશે. ગરીબ હજારો વર્ષથી ગરીબ રહ્યો, કારણ કે તે બોલ્યો નહીં. તે ભણ્યો નહીં, સમજ્યો નહીં, જાણ્યું નહીં. ઈન્દિરા ગાંધીએ તેનો લાભ ઉઠાવ્યો. આજે મોદી ઉઠાવી રહ્યા છે. જે સારા દિવસોની આશા હતી આવશે તો ત્યારે જ્યારે સારું શું હોય છે એ કહેવાનો હક હશે અને સાંભળનાર સાંભળશે.

★★★

દરેક જવાનની ઈચ્છા હોય છે કે તેની કોઈ ગર્લફ્રેન્ડ હોય. આજકાલ ગામ-કસબામાં યુવકયુવતીઓને મળવાની એટલી તક મળે છે કે સહેલાઈથી ગર્લફ્રેન્ડ બની જાય છે પરંતુ આજના નાના શહેર, કસબા અને ગામડાની છોકરીઓ ભલીભોળી નથી. તે પોતાની કિંમત જાણે છે. તે છોકરાઓથી વધારે ભણી રહી છે. તે છોકરાઓથી વધારે હુન્નરવાળી છે. ઘરમાં રહીને પણ તેમને પૈસાની કિંમત ખબર છે.

આજે ગામડાની છોકરીઓને પણ કામની તક મળવા લાગી છે. થોડો અભ્યાસ હોય, થોડું કામ તો આશાને પાંખો લાગી જાય છે. શહેરમાં જઈને મોલમાં ખાવું અને ફિલ્મ જોવી, સ્માર્ટ ફોન ખરીદવો, ડેટા ચાર્જ કરાવવો, ઘરેલુ રોટલી, શરબતની જગ્યાએ બર્ગર, પિઝા અને કોક લેવાનું તેને ખબર છે અને આ બધાની ચુકવણી બોયફ્રેન્ડ જ કરશે, તે એ પણ જાણે છે.

આજની છોકરીઓ પોતાના સાથની કિંમત પણ જાણે છે અને પોતાના તનની પણ. તેમને જો સેક્સ માટે કોઈ વાંધો ન હોય તો તે એ પણ જાણે છે કે આ વસ્તુ કિંમતી છે. તેની કિંમત લેવાનું લગ્ન સુધી ટાળવા નથી ઈચ્છતી. તેમને આજે જ જોઈએ અને એટલે છોકરાઓએ ગમે તેમ કરીને કમાઈને, ચોરી કરીને ગર્લફ્રેન્ડ માટે પૈસા જમા કરાવવાના જ હોય છે. ઘરમાં છોકરીને આજે પણ નિમ્ન માનવામાં આવે છે પણ યુવતીઓ જુગાડ કરીને આકાશમાં ઉડાણ ભરવા માટે એક સાથીને શોધતા ખચકાતી નથી અને આ સાથીને જ પંખાને હવા આપવાની હોય છે.

દિલ્લીમાં એપ્રિલના બીજા અઠવાડિયામાં એક છોકરાએ પોતાની ગર્લફ્રેન્ડનો ખર્ચ ઉઠાવવા માટે ૭ મહિનાના એક બાળકનું અપહરણ કરી લીધું અને ૪૦ લાખ રૂપિયાની ડિમાન્ડ કરી નાખી. આ શિખાઉ અપરાધીઓને પકડી લેવામાં આવ્યો પણ તેણે બકી નાખ્યું કે આ પ્રકારનું જોખમ તેણે કેમ લીધું હતું.

છોકરીઓ માટે ગલીઓમાં અવારનવાર મારપીટ થતી રહે છે. લવ જેહાદનું રણશિંગું એટલે ઉઠાવવામાં આવ્યું છે કારણ કે હિંદુ છોકરીઓને મુસ્લિમ છોકરાઓ ગમે છે જે મહેનતુ છે, કામ કરવાનું જાણે છે અને હિંદુ છોકરાઓની સરખામણીમાં વધારે સંસ્કારી છે. મુસલમાનોમાં છોકરીઓને વધારે આઝાદી નથી. પડદો છે, બુરખો છે, તેમ છતાં ધાર્મિક કાયદામાં તે સમાન છે. તેમની વચ્ચે ઊછરેલા છોકરા હિંદુ નઠારાથી વધારે સારા છે.



પછી હિંદુ દલિત છોકરીઓ સુંદર હોય તો હિંદુ છોકરા ગર્લફ્રેન્ડ નથી બનાવવા ઈચ્છતા, બસ તેમની પાસેથી સેક્સ ઈચ્છે છે, રાજીરાજી કે જબરદસ્તી. લવ જેહાદનું રણશિંગુ હિંદુ છોકરાની પોલ ખોલી રહ્યું છે કે આખરે કેમ હિંદુ છોકરીઓ મુસ્લિમ છોકરાઓને મરવાની હદ સુધી ચાહવા લાગે છે.

ગર્લફ્રેન્ડ હિંદુ હોય કે મુસ્લિમ રાખવી સરળ નથી. આજે લગ્નની ઉંમર ટળી રહી છે. ૩૦-૩૫ વર્ષ સુધીની ઉંમરના છોકરા પણ એક છત મેળવવા લાયક નથી કમાઈ શકતા. તેમને ગર્લફ્રેન્ડ જ જોઈએ કારણ કે લગ્ન નથી કરી શકતા, ઘરે નથી લાવી શકતા. બે જણની મોદીશાહ સરકારને એમ તો સમાજની ખૂબ ચિંતા છે પણ તેમના છોકરાઓની કેવી ખરાબ હાલત છે સમાજમાં, તેની કોઈ ચિંતા નથી. તેથી ગર્લફ્રેન્ડ બનાવો, ખર્ચ કરો, રડો, છોકરાઓ માટે આ જ બાકી રહ્યું છે. ●



# કોરોનાની બીજી લહેર ગરીબ લોકોમાં દહેશત

શનિવાર, ૩ એપ્રિલ, ૨૦૨૧ના રોજ એક રાષ્ટ્રીય દૈનિકમાં ફોટો છપાયો હતો, જે ખૂબ ડરામણો હતો. તે ફોટા ઉપર શીર્ષક હતું, ‘બે વાર જમીન માટે ખોદી નાખ્યું કબ્રસ્તાન.’

તે ફોટો બ્રાઝિલના એક કબ્રસ્તાનનો હતો. તે ફોટા નીચે જે લખ્યું હતું, તે વધારે ડરામણું હતું, જે કંઈક આવું હતું કે ‘બ્રાઝિલમાં કોરોનાનું નવું સ્વરૂપ તબાહી મચાવી રહ્યું છે. અહીંના સાઓ પાઉલો શહેરમાં એટલા જીવ ગયા કે તે મૃતદેહોને દફનાવવાની જગ્યા ઓછી પડી ગઈ. આ સ્થિતિમાં જૂની કબરો ખોદીને હાડપિંજર કાઢવામાં આવી રહ્યા છે અને નવા મૃતદેહ દફનાવવા માટે જગ્યા બનાવાઈ રહી છે. ગત અઠવાડિયે બ્રાઝિલમાં ૬૦ હજારથી વધારે મોત થયા છે.’

દુનિયાભરમાં કોરોના મહામારીની બીજી લહેર આવી ગઈ છે. ભારત પણ તેનાથી વણસ્પર્શ્યુ નથી. દિલ્લીને જ જોઈ લો. ત્યાં માર્ચ મહિના પછી કોરોનાના કેસ આ મહિને એ ઝડપથી વધ્યા કે ત્યાં રાત્રિ કર્ફ્યૂ લગાવવો પડ્યો.

એવું નથી કે ત્યાં કોરોનાનું ટેસ્ટિંગ નથી કરવામાં આવી રહ્યું, પરંતુ ત્યાં તો રેકોર્ડબ્રેક એક લાખથી વધુ લોકોની કોરોના તપાસ કરવામાં આવી, કોરોનાની રસી પણ મૂકવામાં આવી રહી છે, પણ તેનાથી સ્થિતિ કાબૂમાં આવતી નથી દેખાતી.

સમગ્ર દેશની વાત કરીએ, તો છેલ્લા ૬ મહિનામાં ટોપ પર કોરોના આતંક રહ્યો અને કેટલાય શહેર ફરી લોક થવા લાગ્યા. મહારાષ્ટ્ર, છત્તીસગઢ અને મધ્ય પ્રદેશના કેટલાય જિલ્લામાં પ્રતિબંધ મુકાઈ ગયો.

સામાન્ય તો શું ખાસ લોકો પણ આ ભયંકર બીમારીની ઝપેટમાં આવી ગયા, જેમાં રોબર્ટ વાડ્રા, સચિન તેંડુલકર, અક્ષય કુમાર અને મોટી મોટી હોસ્પિટલના ડોક્ટર સુધ્ધાં સામેલ હતા.

## ગરીબોમાં ખળભળાટ

ગયા વર્ષે વર્ષના લોકડાઉનમાં લોકોને ખબર જ નહોતી કે આ બીમારી કેટલી ગંભીર છે, તેથી તે એટલી હદ સુધી ગભરાઈ ગયા હતા કે તાબડતોબ પોતપોતાના મૂળ વિસ્તાર તરફ બોરિયાબિસ્તર સમેટીને ફટાફટ નીકળી ગયા. ત્યારે તેમની પર મુસીબત આવી હતી, તો કેટલાય લોકોએ તેમની મદદ પણ કરી હતી.

રોજગાર છોડીને તે કોઈ રીતે કંગાળીમાં જીવે, જે કામ મળ્યું તેને કર્યું અને પોતાના દિવસ પસાર કર્યા. કોરોના થોડો કમજોર થયો તો પછી મોટા શહેર તરફ વળ્યા, તેમનું આ વખતનું પલાયન વધારે ભયાનક થશે. મુંબઈ અને દિલ્લી જેવા મોટા શહેરમાં તો તેની અસર જોવા મળે છે.

તેમાંથી મોટાભાગના કુશળ અને અર્ધકુશળ મજૂર છે, જે મુખ્યત્વે ઉત્તર પ્રદેશ, બિહાર, છત્તીસગઢ, રાજસ્થાન, કર્ણાટક, ગુજરાત, તેલંગાણા અને ઓરિસ્સા જેવાં રાજ્યો સાથે સંબંધ રાખે છે.



મુંબઈની ધારાવી વસ્તીમાં પહેલાં પણ કોરોનાનો વિસ્ફોટ થયો હતો. ત્યાંના કામકાજી ઘર પાછા ફરવા મજબૂર થયા હતા, જેમાંથી લગભગ ૮૦ ટકા મજૂર ઓક્ટોબર, ૨૦૨૦ સુધી પાછા આવી ગયા હતા. પરંતુ હવે તેમાંથી અડધાથી વધારે લોકો ફરીથી પોતાના ગામ પાછા ફરવાની તૈયારી કરી રહ્યા છે કે જતા રહ્યા છે.

દિલ્લીના રેલવે સ્ટેશનો અને બસ સ્ટેશન પર પણ મજૂર વર્ગની આ અફડાતફડી દેખાઈ રહી છે પરંતુ કેટલાક ગરીબ એવા પણ છે, જે દિલ્લી અને તેની આસપાસનાં શહેરોમાં રહીને પોતાનું અને પોતાના પરિવારનું ગુજરાન ચલાવી રહ્યા છે અને ન ઈચ્છા હોવા છતાં પણ આ જગ્યા નથી છોડી શકતા.

હરિયાણાના ફરીદાબાદના રાજુ નગરની એક ઝૂંપડીમાં રાજેશ રહે છે. ઝૂંપડી પોતાની છે, પણ રોજગારની કોઈ વ્યવસ્થા નથી. પરિવાર ઉત્તર પ્રદેશના આજમગઢમાં રહે છે અને રાજેશ અહીં ચાની રેંકડી ચલાવે છે. આ પહેલાં તે કોઈ ટ્રેક્ટર કંપનીમાં હેલ્પર હતો અને ૯,૦૦૦ રૂપિયા દર મહિને પગાર મેળવતો હતો. આટલામાં ગુજરાન નથી ચાલતું અને કંપનીમાં હાડતોડ મહેનત કરવી પડતી હતી.

રાજેશ હિંમત હારી ગયો અને નોકરી છોડી દીધી. પછી આ જ વર્ષના જાન્યુઆરી મહિનામાં ચાની રેંકડી લગાવી દીધી, પણ તે પછી શું થયું, આ તેની જબાની સાંભળો.

લગભગ ૫૦ વર્ષના રાજેશે જણાવ્યું, “નોકરી છોડીને વિચાર્યું કે ચાની રેંકડી પરથી ઠીકઠાક કમાણી થઈ જશે, પણ

સુનીલ શર્મા

મારી વિચારસરણી ખોટી હતી. અહીં ગરીબને વધારે દબાવવામાં આવે છે. લોકો મારી રેંકડી પર ચા પીવા આવે છે, બીડીસિગારેટ, ખાવાનો અન્ય નાનોમોટો સામાન લે છે, મોટાભાગે ઉધાર. એવું નથી કે તે રોકડ સામાન નથી લઈ શકતા, પણ એવું કરતા નથી.”



રાહુલ નિગમ

“તમે વિશ્વાસ નહીં કરો કે છેલ્લા અઢી મહિનામાં મેં માત્ર ૮,૦૦૦ રૂપિયાની કમાણીની છે. તેનાથી સારું તો ટ્રેક્ટર કંપનીની નોકરી જ હતી. હવે જ્યારે ફરીથી કોરોના બીમારી વધારે ફેલાવાની ખબર આવી રહી છે, તો તેનાથી ગરીબની વધારે કમર તૂટી જશે.”

આ રીતે દિલ્લીના આયા નગરમાં રહેતા રાહુલ નિગમની પીડા કંઈક આ રીતે છલકાઈ, “હું ગુરુગ્રામમાં બિરયાનીનો સ્ટોલ લગાવીને પોતાના પરિવારનું ગુજરાન ચલાવી રહ્યો હતો, પણ સતત ઓછી થતી આવકથી મારી હિંમત જવાબ આપી રહી હતી. હવે મેં

કડક નિર્ણય લેતા પોતાનો ધંધો સમેટી લીધો છે અને હંમેશાં માટે પાછા ઈન્દોર જઈ રહ્યો છું.”

“ગયા વર્ષે અચાનક થયેલા લોકડાઉને મારો પૂરો કારોબાર ચોપટ કરી દીધો હતો. પછી જે થોડા ઘણા પૈસા બચેલા હતા, તે પણ પૂરા થઈ ગયા. હવે જો ફરી કામ શરૂ કરવાનું પણ વિચારું તો કોરોના મહામારીની ગંભીર સ્થિતિના પગલે ફરી લોકડાઉન લાગી જવાનો ડર સતાવી રહ્યો છે, તેથી અહીંથી જવાનું જ ઠીક લાગી રહ્યું છે.”

દિલ્લીની આયા નગરમાં જ રહેનારી વસંતી લોકોના ઘરમાં કામ કરે છે. તે મૂળ તો ઉત્તરાખંડની છે અને દિલ્લીમાં રોજગારી માટે આવી છે. તે પોતાના ડ્રાઈવર પતિ અને બે બાળકો સાથે દિલ્લીમાં રહે છે.

વસંતીએ પોતાની પીડા જણાવી, “ગત લોકડાઉનમાં પતિ અને મારા બંને કામ છૂટી ગયા હતા. તે ૬ મહિનામાં


બસંતી

અમે મુશ્કેલીથી પસાર કર્યા હતા. અમે સંપૂર્ણ રીતે સરકાર અને મદદગારો પર આશ્રિત હતા. જ્યારે ધીરેધીરે બધું ખૂલવા લાગ્યું, ત્યારે ખૂબ મુશ્કેલીથી કોઈ ઘરમાં કામ મળ્યું. પતિને તો હમણાં થોડા દિવસ પહેલાં જ નોકરી મળી છે.”

“ગામમાં સાસુ બીમાર રહે છે. અમારે ત્યાં પણ પૈસા મોકલવાના હોય છે. જો ફરીથી લોકડાઉન લાગ્યું તો શું થશે, એમ વિચારીને ડર લાગવા લાગે છે. અમે તે માટે બિલકુલ તૈયાર નથી.”

મહરૌલી જિલ્લાની ભાજપા મહિલા મોરચામાં મંત્રી અને માલતી


મધુ ગુપ્તા

ફાઉન્ડેશનની સહસંસ્થાપક મધુ ગુપ્તાએ કોરોનાના વધતા કેસ પર ચિંતા વ્યક્ત કરતા કહ્યું, “ફરી લાગેલા નાઈટ કર્ફ્યૂથી લોકોમાં ખળભળાટ મચેલો છે. ગરીબ જ નહીં, પરંતુ મિડલ ક્લાસ પણ ખૂબ ચિંતિત છે. સમાજમાં બધા એકબીજા સાથે જોડાયેલા છે. જો મજૂર વર્ગ કે ગરીબ લોકો આ રીતે શહેર છોડીને પોતાના ગામ જશે તો બધું ઠપ્પ થઈ જશે.”

“જો એવું થયું તો પૂરો દેશ ફરી આર્થિક મંદી તરફ ચાલી નીકળશે. ગત લોકડાઉન તો કોઈ રીતે સહન કરી લીધું હતું, પણ હવે તો હિંમત જ તૂટી જશે. સરકારે બધું ધ્યાનમાં રાખીને કોઈ પણ નિર્ણય લેવો પડશે. સામાન્ય માણસનું વિચારવું પડશે.”

## મોટા પડકારો

કોરોનાને સહન કરતા એક વર્ષથી ઉપરનો સમય થઈ ગયો છે. રસી જરૂર આવી ગઈ છે, પણ તે પણ બીમારી દૂર ભગાડવાનો પાક્કો ઈલાજ નથી.

સરકારી આંકડા પ્રમાણે, વીરવાર, ૧૫ એપ્રિલ સુધી દેશમાં લગભગ ૧૦ કરોડ ડોઝ અપાઈ ચૂક્યા હતા, પણ જે રીતે કોરોનાના કેસ વધવા લાગ્યા છે, હજી પણ એ પ્રયાસ નાકામ લાગી રહ્યો છે.

આ બીજી લહેર ત્યારે ઝડપથી પાછી ફરી છે, જ્યારે લાગવા લાગ્યું હતું કે હવે કોરોના પર કાબૂ મેળવવો વધારે મુશ્કેલ નથી અને લોકોને રોજગાર મેળવવામાં સરળતા રહેશે. પરંતુ મોટામોટા શહેરમાં લાગેલા રાત્રિ કર્ફ્યૂએ લોકો ખાસ તો તે ગરીબ મજૂર વર્ગના શ્વાસ અટકાવી દીધા છે, જે દરરોજ કૂવો ખોદીને પાણી પીવે છે. તે ફરીથી શહેર છોડીને પોતાના ગામ જવાની હિંમત નહીં કરી શકે અને જે લોકો જતા રહેશે, તેમણે ફરી ભૂખમરાનો સામનો કરવો પડશે. આ વખતે કોઈ સોનુ સૂદ તેમની મદદ કરશે, તે શંકા છે. હા, એવા લોકોને લૂંટનારની લાળ જરૂર ટપકવા લાગશે.

અમેરિકાની એક સંસ્થાની વાત માનીએ, તો ગત એક વર્ષમાં કોરોના મહામારીના પગલે ભારતમાં દરરોજના ૭૨૫ રૂપિયાથી ૧,૪૫૦ રૂપિયાની કમાણી કરનાર ૩.૨૦ કરોડ લોકો મધ્યમ ઉંમર વર્ગથી નિમ્ન વર્ગમાં જતા રહ્યા છે. માત્ર આટલું જ નહીં, દરરોજ લગભગ ૧૫૦ કે તેનાથી ઓછા રૂપિયા કમાનાર નિમ્ન ઉંમર વર્ગના આંકડા વધીને ૭.૫ કરોડ સુધી પહોંચી ગયા છે.

કોરોના મહામારી ફરીથી મોટી ગંભીર સમસ્યા રૂપે સામે આવી છે. તેની અસર દેશની આર્થિક સ્થિતિ પર થશે. લોકોમાં નિરાશા, હતાશા અને અસલામતીની લાગણી જાગશે, પોતાના પ્રત્યે પણ અને સરકાર પ્રત્યે પણ. ●






સુનીલ શર્મા

૨૨ માર્ચ, ૨૦૨૧ના તેલંગાણાના સૂર્યપેટ જિલ્લામાં એક કબડ્ડી મેચ દરમિયાન મોટી દુર્ઘટના ઘટી હતી. થયું એવું કે તેલંગાણા કબડ્ડી એસોશિયેશન તરફથી કબડ્ડી મેચ યોજાઈ રહી હતી. ત્યાં લાકડીમાંથી બનેલી એક ગેલેરી પર કેટલાય દર્શકો બેઠા હતા. લોકોનું વજન વધારે હોવાના પગલે તે ગેલેરી તૂટી ગઈ અને ૧૦૦થી વધારે દર્શક ગેલેરીની નીચે દબાવાથી જખમી થઈ ગયા.

આ એક દુર્ઘટના હતી, જે ક્યાંય પણ અને કોઈપણ સમયે ઘટી શકે છે. જોકે તંત્રની બેદરકારીને નકારી ન શકાય પરંતુ આ બીજા કેસ વિશે તમે શું કહેશો, જ્યાં એક શિક્ષિત માએ દીકરી સાથે એવા કરતૂત કર્યા કે દુનિયા પણ શરમાઈ જાય.

દિલ હચમચાવી દેનારી આ ઘટના તેલંગાણાના સૂર્યપેટ જિલ્લાની છે. તે મહિલાનું નામ બી. ભારતી છે અને તેણે બીએસ.સી. પછી બીએડ. પણ કર્યું છે. હજી તો તે પોલીસની નોકરીની પરીક્ષા આપવાની તૈયારી કરી રહી છે.

બી. ભારતીનાં લગ્ન ૮ વર્ષ પહેલાં મહબૂબાબાદના એક માણસ સાથે થયા હતા, પણ થોડા સમય પછી જ તે લગ્ન તૂટી ગયા હતા. ૨ વર્ષ પહેલાં જ તે એક બીજા માણસ કૃષ્ણા સાથે રિલેશનમાં આવી, જેનાથી તેને એક દીકરી જન્મી.

બી. ભારતીના આ સંબંધથી તેના પરિવારજનો ખુશ નહોતા. આ વાતથી તે પરેશાન હતી અને તેણે યૂટ્યૂબ પર ધાર્મિક અને આધ્યાત્મિક વીડિયો જોવાનો શરૂ કરી દીધો. ૧૫ એપ્રિલ, ૨૦૨૧ના જ્યારે તેનો પતિ કામ બાબતે સૂર્યપેટ ગયો અને સાસરીવાળા ખેતરમાં ગયા, તો બી ભારતીએ મૂર્તિ સામે પોતાની ૬ વર્ષની દીકરી રીતુનો બલિ આપી દીધો.

જ્યારે ઘરવાળા પાછા આવ્યા અને બાળકીને ન જોઈ, તો બી. ભારતીને બાળકી વિશે પૂછ્યું. તે ચૂપ રહી, તો તે ગભરાઈ ગયા. તેમણે બાળકીને ખૂબ શોધી, તો તેની ગરદન કપાયેલી મળી.

આ વાતથી ગુસ્સે થયેલ પરિવાર પોલીસ પાસે પહોંચ્યો, જે પછી બી. ભારતીની ધરપકડ કરવામાં આવી.

કહેવાતા તાંત્રિકોને તો કહેવું જ શું. વાત બેશક વર્ષ ૨૦૧૫ની છે, પણ આપણી આંખો ખોલવા માટે તેનો ઉલ્લેખ કરવો જરૂરી છે. ત્યારે આ અંધશ્રદ્ધાના પગલે એક ૫ વર્ષના માસૂમ બાળકનો જીવ જતો રહ્યો હતો.

આ ઘટના આંધ્રપ્રદેશના પ્રકાશમ જિલ્લાની છે. આરોપીએ પોકુરુ ગામમાં તાંત્રિક અનુષ્ઠાન દરમિયાન બાળકનો બલિ ચઢાવી દેવાયો હતો.

પોલીસ તપાસમાં જાણવા મળ્યું કે બાળકનો બલિ ચઢાવનાર આરોપી ૩૫ વર્ષના કહેવાતા તાંત્રિક રાવે ગામની આંગણવાડી કેન્દ્રમાંથી એક બાળકનું અપહરણ કર્યું અને તેને પોતાના ઘરે લઈ ગયો. ઘરે લઈ ગયા પછી તેણે પોતાના ઘરમાં પૂજાપાઠ કરી અને તે દરમિયાન બાળકનું માથું કાપીને તેનો બલિ ચઢાવી દીધો. આરોપીએ માથું કાપ્યા પછી તે બાળકનું લોહી એક વાસણમાં ભરીને પૂરા ઘરમાં છાંટી દીધું.

જ્યારે તાંત્રિક રાવનો પર્દાફાશ થયો અને ગામવાળાને તેની જાણ થઈ, તો ગુસ્સે થયેલા લોકોએ આરોપીને સ્તંભ સાથે બાંધીને કેરોસિન છાંટીને તેને જીવતો સળગાવવાનો પ્રયાસ કર્યો, પણ કોઈ રીતે પોલીસે તેને છોડાવી લીધો.

કોઈ અંધશ્રદ્ધાના પગલે પોતાના કે પારકાનો આ રીતે બલિ આપવો ભારત જેવા અંધશ્રદ્ધાળુ દેશમાં નવી વાત નથી. નઠારા તાંત્રિકોની અભણ વિચારસરણી પર તો હજારો સવાલ ઉઠાવી શકાય છે, પણ જ્યારે કોઈ શિક્ષિત મહિલા પોતાની માસૂમ દીકરી સાથે એવું કરે છે, ત્યારે કાળજું મોં માં આવી જાય છે.

આ એક જઘન્ય અપરાધ જ નહીં, પરંતુ સમાજના મોં પર તમાચો પણ છે. તે પણ એ સમયે જ્યારે દેશમાં કોઈ મહિલાને સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસ બનાવવાની માંગણી જોર પકડી રહે છે. ●

# મુખ્તાર અંસારી : સરકારના સકંજામાં બાહુબલી



શૈલેન્દ્ર સિંહ

વિશ્વ હિંદુ પરિષદના નેતા નંદકિશોર રૂંગટા અને ભાજપા નેતા કૃષ્ણાનંદ રાયની હત્યા કરવાનો આરોપ મુખ્તાર અંસારી પર લાગતો રહ્યો છે. હવે યોગી સરકાર આવા તમામ અપરાધનો સહારો લઈને મુસ્લિમ નેતા અને ૫ વાર ધારાસભ્ય રહી ચૂકેલ મુખ્તાર અંસારીને પોતાની પકડમાં લઈ ચૂકી છે.

પરંતુ મુખ્તાર અંસારીને રાજકીય સંરક્ષણ આપનાર સમાજવાદી પાર્ટીના નેતા મુલાયમસિંહ યાદવ મૌન છે. મુખ્તાર અંસારીને 'ગરીબોના મસીહા' કહેનાર માયાવતીએ પણ આ મુદ્દે મૌન ધારણ કરી લીધું છે. જ્યારે મુખ્તાર અંસારીના પક્ષમાં ઊભેલી કોંગ્રેસ પંજાબ સરહદની બહાર લાચાર દેખાઈ રહી છે. મુખ્તાર અંસારીની પત્નીએ પણ રાષ્ટ્રપતિ સમક્ષ ન્યાયની અરજ કરી છે.

એક સમયે પોતાના બંને હાથમાં રિવોલ્વર નચાવનાર 'રોબિનહુડ' મુખ્તાર અંસારી વ્હીલચેર પર બેસીને સ્વયંને લાચાર દર્શાવવાનો પ્રયત્ન કરતા રહ્યા. જોકે હવે ઉત્તર પ્રદેશ પોલીસ તેમને બાંદા જેલની બેરેક નંબર-૧૫ માં મોકલી ચૂકી છે.

'પુરાણજીવી' એમ માને છે કે જો કોઈ ધાર્મિક કામમાં અડચણ પેદા કરી રહ્યું હોય અને ધર્મનું પાલન કરી રહેલાને પરેશાન કરી રહ્યું હોય તો તેનો વધ ન્યાયિક હોય છે અને વધ કરનારને યશ પ્રાપ્તિ થાય છે.

ત્રેતા યુગમાં જ્યારે રાક્ષસ ઋષિઓને યજ્ઞહવન કરવા દેતા નહોતા, ત્યારે ઋષિ વિશ્વામિત્ર રાજા દશરથ પાસેથી રામને માંગીને લઈ ગયા હતા કે તેઓ આવીને રાક્ષસોનો વધ કરે અને ઋષિમુનિ ભલે ન હોય, પરંતુ ધર્મની રક્ષાના નામે લોકોને ડરાવી શકાય, તેવું વાતાવરણ બનાવવામાં આવી રહ્યું છે.

ઉત્તર પ્રદેશ અને પંજાબ સરકાર વચ્ચે પ્રતિષ્ઠાનો પ્રશ્ન બનેલા મુખ્તાર અંસારીને પણ ડરાવવાનું કામ કરવામાં આવી રહ્યું હતું. બાહુબલી ધારાસભ્ય મુખ્તાર અંસારી પંજાબની રોપડ જેલમાં બંધ હતા, પરંતુ સુપ્રીમ કોર્ટે તેમને ઉત્તર પ્રદેશની જેલમાં શિફ્ટ કરવાનો આદેશ આપ્યો. તેમના પરિવારજનો તેમના એન્કાઉન્ટરનો ડર વ્યક્ત કરી રહ્યા છે.

જોકે મુખ્તાર અંસારીના પરિવારજનો ભારતના સ્વતંત્રતા સંગ્રામ આંદોલન સાથે જોડાયેલા રહ્યા છે. મુખ્તાર અંસારીના દાદા ડોક્ટર મુખ્તાર અહમદ અંસારી સ્વતંત્રતા સંગ્રામ આંદોલન દરમિયાન ૧૯૨૬-૨૭ માં ઈન્ડિયન નેશનલ કોંગ્રેસના અધ્યક્ષ હતા. તેમણે મહાત્મા ગાંધીના ખૂબ નજીકની વ્યક્તિ માનવામાં આવતા હતા.



મુખ્તાર અંસારીના નાના બ્રિગેડિયર ઉસ્માન 'મહાવીર ચક્ર' વિજેતા હતા. તેમણે ૧૯૪૮ ની લડાઈમાં સેના તરફથી નૌશેરાની લડાઈ લડી હતી અને તે આ લડાઈમાં શહીદ થયા.

મુખ્તાર અંસારીના પિતા સુબ્હાન ઉલ્લાહ અંસારીએ પણ આ ખાનદાની પરંપરા આગળ વધારી હતી. તેઓ એક કોમ્યૂનિસ્ટ નેતા હોવાની સાથેસાથે પોતાની સ્વચ્છ પ્રતિભાના લીધે જાણીતા હતા. આ જ કારણસર સુબ્હાનઉલ્લાહ અંસારીને વર્ષ ૧૯૭૧ ની નગરપાલિકા ચૂંટણીમાં નિર્વિરોધ ચૂંટવામાં આવ્યા હતા. ભારતના ઉપરાષ્ટ્રપતિ રહી ચૂકેલા હામિદ અંસારી પણ સંબંધમાં મુખ્તાર અંસારીના કાકા થાય છે.

## હપતા વસૂલી, હત્યા અને અપહરણ

પરિવારના વારસા ઉપરાંત મુખ્તાર અંસારીની ઈમેજ એક બાહુબલી નેતાની રહી છે. હત્યા, અપહરણ અને હપતા વસૂલી જેવી ડઝનબંધ ગંભીર ઘટનાના આરોપમાં મુખ્તાર અંસારી પર ૪૦ થી વધારે કેસ નોંધાયેલા છે. વર્ષ ૨૦૦૫ માં મઉમાં હિંસા ભડકાવવાનો આરોપ પણ મુખ્તાર અંસારી પર મૂકવામાં આવ્યો હતો.

ઉપરાંત ભાજપા નેતા કૃષ્ણાનંદ રાયના ૭ સાથી સહિત હત્યાનો આરોપ પણ મુખ્તાર અંસારી પર હતો. કૃષ્ણાનંદ રાયની હત્યા કરવા માટે સેનાના ભાગેડુ સૈનિક પાસેથી મશીનગન મંગાવી હતી.

કૃષ્ણાનંદ રાય અને તેમના ૭ સાથીની હત્યા પછી જ્યારે તેમનું પોસ્ટમોર્ટમ કરવામાં આવ્યું, ત્યારે તેમના શરીરમાંથી ૬૭ ગોળી નીકળી હતી, જેના પરથી ખબર પડે છે કે કેટલી નિર્દયતાથી કૃષ્ણાનંદ રાય અને તેમના ૭ સાથીની હત્યા કરવામાં આવી હશે.

પછી મુખ્તાર અંસારીની તાકાતમાં વધારો ત્યારે થયો, જ્યારે વર્ષ ૧૯૯૬ માં તે પહેલી વાર બહુજન સમાજ પાર્ટીમાંથી ધારાસભ્ય તરીકે ચૂંટાયા. ત્યાર પછી મુખ્તાર અંસારીને રાજકીય સંરક્ષણ મળતું રહ્યું. આમ થતા તેમનું બાહુબળ એ રીતે વધવા લાગ્યું, જે રીતે દેવતા પાસેથી વરદાન મેળવીને રાક્ષસોનો ઉત્પાત વધતો હતો.

રાજકીય સંરક્ષણ માટે મુખ્તાર અંસારી ક્યારેક સમાજવાદી પાર્ટીના નેતા મુલાયમ સિંહ યાદવની નજીક રહ્યા, તો ક્યારેક તેમના ભાઈ શિવપાલ યાદવની. પછી મુખ્તાર અંસારી અને તેમના ભાઈ અફઝલ અંસારીએ 'કોમી એકતા દળ' નામે એક રાજકીય પાર્ટી પણ બનાવી, જેનો પાછળથી સમાજવાદી પાર્ટીમાં વિલય થયો.

ત્યાર પછી સમાજવાદી પાર્ટીમાં વિવાદ થયો ત્યારે સપાનો સાથ છોડીને મુખ્તાર અંસારી ફરીથી બહુજન સમાજ પાર્ટીમાં ચાલ્યા ગયા. માયાવતીએ તેમને 'ગરીબોના મસીહા' કહ્યા હતા.

## આ રીતે બન્યા બાહુબલી

મુખ્તાર અંસારી મઉ વિધાનસભા ક્ષેત્રમાંથી ધારાસભ્ય તરીકે ૫ વાર ચૂંટાયા

હતા. તેમણે બહુજન સમાજ પાર્ટીના એક ઉમેદવાર તરીકે પોતાની પ્રથમ વિધાનસભા ચૂંટણી જીતી હતી.

ત્યાર પછી વર્ષ ૨૦૦૨ અને વર્ષ ૨૦૦૭ ની વિધાનસભા ચૂંટણી મુખ્તાર અંસારી અપક્ષ ઉમેદવાર તરીકે લડ્યા હતા. જોકે પાછળથી તે બસપામાં સામેલ થયા અને વર્ષ ૨૦૦૯ માં લોકસભાની ચૂંટણી લડ્યા, પરંતુ નિષ્ફળતા મળી હતી.

બસપાએ વર્ષ ૨૦૧૦ માં તેમને અપરાધિક પ્રવૃત્તિના લીધે પાર્ટીમાંથી બહાર કાઢી મૂક્યા. ત્યાર પછી મુખ્તાર અંસારીએ પોતાના ભાઈ સાથે મળીને 'કોમી એકતા દળ' પાર્ટી બનાવી અને તેઓ ૨૦૧૨ ની વિધાનસભા ચૂંટણીમાં મઉ સીટ પરથી ધારાસભ્ય તરીકે ચૂંટાયા.

વર્ષ ૨૦૧૭ માં તેમણે 'કોમી એકતા દળ' નો બસપામાં વિલય કરી દીધો અને બસપા ઉમેદવાર તરીકે વિધાનસભા ચૂંટણી પમી વાર જીત્યા.

કોંગ્રેસ, બસપા અને સપા ત્રણેય પક્ષમાં મુખ્તાર અંસારીની મજબૂત પકડ હતી. આ સમય દરમિયાન જેલની અંદર અને બહાર બંને જગ્યાએ તેમનો દબદબો રહેતો હતો.

જોકે જેલવાસ દરમિયાન તેમનો વધારે સમય તો હોસ્પિટલમાં પસાર થતો હતો, જેનાથી તેમની સુખસુવિધા પર કોઈ અસર નહોતી થતી.

પૂર્વાંચલના બનારસ, મઉ, ગાઝીપુર અને જોનપુર જિલ્લામાં મુખ્તાર અંસારીની મંજૂરી વિના પાંદડું પણ નહોતું હલતું. રાજધાની લખનૌના લગભગ બધા કારોબારમાં મુખ્તાર અંસારીના પૈસાનું રોકાણ હતું, તેમના વિશે કહેવાતું હતું કે તેમના કાફલાની બધી ગાડીઓ કાળા રંગની રહેતી હતી અને બધી ગાડીના નંબર પણ ૭૮૬ રહેતા હતા. તેમની ગાડીઓ કોઈ પણ ચોક પર રોકાતી અને પોલીસ પણ ક્યારેય તેમને કોઈ પણ પ્રકારનો દંડ નહોતી કરતી.

## મશીનગન કાંડ

મજબૂત કદકાઠી ધરાવતા મુખ્તાર અંસારી દૂરથી ઓળખાઈ જતા હતા. ફેશનેબલ અને રંગીન સ્વભાવના મુખ્તાર અંસારીને સોનેરી ફ્રેમના ચશ્માં પહેરવાની ટેવ હતી. તેમના ખિસ્સામાં હંમેશાં ૨ રિવોલ્વર રહેતી હતી.

મઉમાં થયેલા રમખાણમાં ખુલ્લી જીપ પર બેસીને હથિયાર અને લોકોને લલકારતી તેમની તસવીર તે સમયે ખૂબ ચર્ચામાં રહી હતી. જોકે તેમને હંમેશાં આધુનિક હથિયારો પસંદ હતા.

કોલસા, રેલવે, દારૂના કોન્ટ્રાક્ટ, ગુંડા ટેક્સ મુખ્તાર અંસારીના મુખ્ય કારોબાર હતા. મુખ્તાર અંસારીના અપરાધિક જીવનની શરૂઆત મકનૂ ગેંગથી થઈ હતી. વર્ષ ૧૯૯૫ની આસપાસ તેઓ રાજનીતિમાં આવ્યા અને પોતાની છબિ સુધારવાનું કામ શરૂ કર્યું. તેમણે ઘણા સામાજિક કાર્ય શરૂ કર્યા. ત્યાર પછી ગાઝીપુર મઉ વિસ્તારમાં હિંદુમુસ્લિમ વોટબેંક મજબૂત બનવા લાગી અને કોમી રમખાણ થવા લાગ્યા.

મુખ્તાર અંસારીના માર્ગમાં સૌથી મોટા અવરોધક કૃષ્ણાનંદ રાય હતા. તેમને મારવા માટે મુખ્તાર અંસારીએ હથિયાર એકઠા કરવાનું શરૂ કર્યું. પછી સેનાના ભાગેડુ સિપાહી પાસેથી એલએમજી એટલે કે લાઈટ મશીનગનની વ્યવસ્થા કરી લીધી.

વર્ષ ૨૦૦૪ માં વારાણસીના કેન્ટ પોલીસ સ્ટેશનમાં કૃષ્ણાનંદ રાય અને મુખ્તાર અંસારી વચ્ચે ફાયરિંગની ઘટના શરૂ થઈ ગઈ હતી. ઉત્તર પ્રદેશમાં તે સમયે સમાજવાદી પાર્ટીની સરકાર હતી. આ ઘટનામાં એટીએસને સક્રિય કરી દેવામાં આવી હતી.

આ સમયે એસટીએફને જાણ થઈ ગઈ હતી કે મુખ્તાર અંસારી એક કરોડ રૂપિયામાં સેનાના એક સિપાહી પાસેથી એલએમજી ખરીદવાનો છે. આ ડીલ મુખ્તાર અંસારીનો ગનર મુન્નર યાદવ સેનાના સિપાહી બાબુલાલ યાદવ સાથે કરી રહ્યો હતો. આ બાબુલાલ યાદવ જમ્મુકાશ્મીરની ૩૫ રાઈફલ્સથી એલએમજી ચોરીને ભાગી આવ્યો હતો.

૨૫ જાન્યુઆરી, ૨૦૦૪ ના રોજ ડેપ્યુટી એસપી શૈલેન્દ્ર સિંહે વારાણસીના ચૌબેપુર વિસ્તારમાં દરોડો પાડ્યો. અહીંથી સિપાહી બાબુલાલ અને મુન્નર યાદવ સાથે ૨૦૦ કારતૂસ અને એક એલએમજીને જપ્ત કરવામાં આવ્યા. ગુના નંબર ૧૭/૨૦૦૪ માં આર્મ્સ એક્ટ અને ૧૮/૨૦૦૪ માં મુખ્તાર અંસારી વિરુદ્ધ પોટા એક્ટ અંતર્ગત કેસ દાખલ કરવામાં આવ્યો.

પછી મુખ્તાર અંસારીને ફસાતા જોઈને તેમના રાજકીય ગોડફાધર ડેપ્યુટી એસપી શૈલેન્દ્ર સિંહ પર એફઆઈઆર બદલવા અને મુખ્તાર અંસારીનું નામ પોટા કાયદામાંથી બહાર કાઢવા દબાણ વધવા લાગ્યું. આખરે રાજકીય દબાણ સહન ન કરી શકવાથી ડેપ્યુટી એસપી શૈલેન્દ્ર સિંહે પોતાના પદ પરથી રાજીનામું આપ્યું.

ત્યાર પછી શૈલેન્દ્ર સિંહે રાજકારણને અપરાધમુક્ત કરવાની લડાઈ શરૂ કરી દીધી, ત્યારે તેમની વિરુદ્ધ ખોટા કેસ દાખલ કરીને તેમની સતામણી શરૂ કરી દેવામાં આવી. આ બધાથી પરેશાન થઈને શૈલેન્દ્ર સિંહે એક ખેડૂત તરીકે પોતાની જિંદગી પસાર કરવાનું શરૂ કરી દીધું. જોકે ૨૦૨૧ માં ઉત્તર પ્રદેશની યોગી સરકારે શૈલેન્દ્ર સિંહ વિરુદ્ધના બધા કેસ પાછા ખેંચી લીધા.

## ભારે પડી કૃષ્ણાનંદની હત્યા

મુખ્તાર અંસારીના નામે વેપારી અને વિશ્વ હિંદુ પરિષદના રાષ્ટ્રીય નાણાધ્યક્ષ રહેલા નંદ કિશોર રૂંગટાનું અપહરણ અને હત્યા કરવાનો આરોપ છે. વિશ્વ હિંદુ પરિષદના મોટા નેતા અને એક મોટા વેપારીનું અપહરણ કરવામાં આવ્યું.

નંદ કિશોર રૂંગટાનું અપહરણ તેમના વારાણસીની રવીંદ્રપુરી કોલોનીમાં આવેલા ઘરમાંથી ૨૨ જાન્યુઆરી, ૧૯૯૭ ની સાંજે કરવામાં આવ્યું હતું.



કૃષ્ણાનંદ રાય

આ ઘટનાએ પૂરા ઉદ્યોગજગતમાં સનસનાટી ફેલાવી દીધી હતી.

નંદકિશોર રૂંગટાના અપહરણમાં મુખ્તાર અંસારીની ટોળકીના કેટલાક સભ્યોના નામ સામે આવ્યા હતા. ત્યાર પછી મુખ્તાર અંસારી પર ભાજપા નેતા કૃષ્ણાનંદ રાયની હત્યાનો આરોપ મૂકાયો. હવે ભાજપાની સરકાર આવતા લાગે છે કે મુખ્તાર અંસારી પર બદલાની ભાવનાથી કામ કરવામાં આવી રહ્યું છે.

વર્ષ ૨૦૦૫ માં કૃષ્ણાનંદ રાય અને તેમના ૭ સાથીની હત્યામાં મશીનગનનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. જો શરૂમાં મશીનગન પકડાવાની ઘટનાની યોગ્ય રીતે તપાસ થઈ હોત તો કદાચ કૃષ્ણાનંદ રાયની હત્યા ન થઈ હોત. કૃષ્ણાનંદ રાયની હત્યા પછી પણ મુખ્તાર અંસારી વિરુદ્ધ રાજકીય દબાણના લીધે તપાસ શરૂ નહોતી થઈ.

કૃષ્ણાનંદ રાયની પત્નીએ ફરીથી તપાસની માગણી કરી અને વર્ષ ૨૦૦૬ માં તપાસ ફરીથી શરૂ થઈ, પરંતુ વર્ષ ૨૦૦૬ માં શશિકાંત રાયની હત્યા કરી નાખવામાં આવી, જે આ કેસમાં સાક્ષી હતા. શશિકાંત રાયે મુખ્તાર અંસારી અને તેમના સાથી મુન્ના બજરંગીના સાથીને ઓળખી લીધા હતા. જોકે પોલીસે આ ઘટનાને આત્મહત્યા જાહેર કરી દીધી અને કેસ લગભગ દબાઈ ગયો.

કૃષ્ણાનંદ રાય ભાજપાના નેતા હતા. તે જોતા ભાજપાની સરકાર બન્યા પછી વર્ષ ૨૦૧૭ માં સરકાર પર દબાણ વધ્યું કે કેસ પર ફરીથી ધ્યાન આપવામાં આવે છે, પરંતુ આ વાતનો અંદેશો મુખ્તાર અંસારીને આવી ગયો હતો. પરિણામે તેઓ બાંદા જેલમાંથી પંજાબ જેલમાં પોતાની ટ્રાન્સફર કરાવવામાં સફળ રહ્યા.

ઉત્તર પ્રદેશની યોગી સરકારે જ્યારે રાજ્યમાં માફિયાઓ વિરુદ્ધ અભિયાન શરૂ કર્યું, ત્યારે મુખ્તાર અંસારીને નિશાન પર લઈ લીધા. પછી ઉત્તર પ્રદેશના ઘણા જિલ્લામાં ફેલાયેલી મુખ્તાર અંસારીની સંપત્તિને જમીનદોસ્ત કરવાનું કામ શરૂ કરવામાં આવ્યું. રાજધાની લખનૌમાં આવેલી ઘણી સંપત્તિને બુલડોઝર ચલાવીને તોડી નાખવામાં આવી.

એટલું જ નહીં, ઉત્તર પ્રદેશ સરકારે મુખ્તાર અંસારીને પંજાબમાંથી ઉત્તર પ્રદેશ પરત લાવવાનું કામ શરૂ કરી દીધું, જે પંજાબની કોંગ્રેસ સરકાર અને ઉત્તર પ્રદેશની ભાજપા સરકાર વચ્ચે પ્રતિષ્ઠાનો પ્રશ્ન બની ગયું.

પછી આ કેસ સુપ્રીમ કોર્ટ સુધી પહોંચ્યો. મુખ્તાર અંસારીની પત્ની આસફા અંસારીએ રાષ્ટ્રપતિને એક પત્ર લખીને તેમની સુરક્ષાની અપીલ કરી. હવે મુખ્તાર અંસારીના પરિવારજનોને ડર છે કે યોગી સરકાર મુખ્તાર અંસારીને નુકસાન પહોંચાડી શકે છે.

## રાજનીતિનો શિકાર

અપરાધી ગમે તેટલો મોટો કેમ ન હોય, સત્તામાં બેઠેલી વ્યક્તિ તેનાથી વધારે પાવરફુલ હોય છે. તે પોતાની વોટબેંકને આ વાતનો સંદેશ આપવાનું કામ પણ કરે છે. વર્ષ ૧૯૯૬ માં ઉત્તર પ્રદેશમાં દલિતસવર્ણ વોટબેંકની લડાઈ ચાલી રહી હતી. આ સમયગાળામાં માયાવતી મુખ્યમંત્રી બન્યા અને તેમણે બાહુબલી ધારાસભ્ય રઘુરાજ પ્રતાપ સિંહ ઉર્ફે 'રાજા ભૈયા' ને જમીનદોસ્ત કરવાનો સંકલ્પ કરી લીધો.

પ્રતાપગઢની કુંડા વિધાનસભા સીટ પરના ધારાસભ્ય 'રાજા ભૈયા' વિરુદ્ધ માયાવતીએ પોટા કાનૂન અંતર્ગત કેસ દાખલ કરીને તેમને જેલમાં મોકલી દીધા. 'રાજા ભૈયા' ના વૃદ્ધ પિતા અને બીજા પરિવારજનો પર કેસ દાખલ કરી દેવામાં આવ્યો અને તેમનું ઘર પણ તોડી નાખવામાં આવ્યું.

'રાજા ભૈયા' ની વિરુદ્ધ બધા કેસ શરૂ થયા, પરંતુ તેમને કોઈ પણ નેતા કે અદાલતમાંથી મદદ ન મળી. 'રાજા ભૈયા' ત્યારે જેલમાંથી બહાર આવી શક્યા, જ્યારે માયાવતીના હાથમાંથી ઉત્તર પ્રદેશની ખુરશી ગઈ.

વર્ષ ૧૯૯૬ થી વર્ષ ૨૦૧૭ સુધી મુખ્તાર અંસારીની યૂપીમાં બોલબાલા

હતી. જોકે ૨૦ વર્ષ પછી મુખ્તાર અંસારીને ડરનો આભાસ ત્યારે થયો, જ્યારે ઉત્તર પ્રદેશમાં ભાજપાની સરકાર બની અને યોગી આદિત્યનાથ મુખ્યમંત્રીની ખુરશી પર બેઠા. ત્યાર પછી મુખ્તાર અંસારીનું બાહુબળ નબળું પડવા લાગ્યું. જીપ પર હથિયારબંધ સાથી સાથે લલકારતા મુખ્તાર અંસારી વ્હીલચેર પર પોતાને સૌથી વધારે નબળા સાબિત કરવાના પ્રયત્ન કરવા લાગ્યા, જેથી કાયદો તેમની મદદ કરી શકે.

જોકે મુખ્તાર અંસારી વિરુદ્ધ ઘણા કેસ છે, પરંતુ એક પણ કેસમાં તેમને સજા અપાવી શકે તેવા મજબૂત પુરાવા કોઈની પણ પાસે નથી.

### ડરાવીને દબાવવાની નીતિ

યોગી સરકાર મુખ્તાર અંસારીને ડરાવીને આગળ વધવા ઈચ્છે છે અને આ બહાના હેઠળ પોતાની હિંદુત્વની વોટબેંકને પણ જાળવી રાખવા ઈચ્છે છે.

જોકે હવે મુખ્તાર અંસારી વિષયક લડાઈ એક બાહુબલીની લડાઈ ન રહેતા પંજાબ વિરુદ્ધ ઉત્તર પ્રદેશ અને કોંગ્રેસ વિરુદ્ધ ભાજપાની બની ગઈ છે. જોકે ભાજપા પોતાની વિરુદ્ધ બોલનાર બીજા નેતા સાથે આ પ્રમાણે કરી રહી છે.

ગુજરાતના હાર્દિક પટેલ, ઉત્તર પ્રદેશના ચંદ્રશેખર રાવણ અને આજમ ખાં તેમજ બિહારના કન્હૈયા કુમાર આ યાદીમાં ખાસ છે. માયાવતી અને અખિલેશ યાદવના નજીકના નેતા પર કેસ દાખલ કરવામાં આવી રહ્યા છે, જેથી તેઓ પણ ગરીબ અને વંચિતોની મુશ્કેલી અને પીડાને ઉજાગર ન કરી શકે.

મુખ્તાર અંસારીને નિશાન પર લેવાનું કારણ એ છે કે તેઓ એક મજબૂત મુસ્લિમ નેતા છે અને તે મુસ્લિમોનો અવાજ બનવાનું કામ કરી રહ્યા હતા.

ભાજપા સરકાર પોતાની વિરુદ્ધ બોલનારને ડરાવી રાખવા ઈચ્છે છે. ઉત્તર પ્રદેશના એક પોલીસ અધિકારી અમિતાભ ઠાકુરને આ જ કારણસર જબરદસ્તી વીઆરએસ આપી દેવામાં આવ્યું, કારણ કે તે આરટીઆઈ કાયદા દ્વારા સરકારને પ્રશ્નો પૂછી રહ્યા હતા.

એક પોલીસ અધિકારી હોવાથી સરકાર તેમના પ્રશ્નો પૂછવાથી અસહજ થઈ જતી હતી. આ સ્થિતિમાં તેમને સમય પહેલાં રિટાયર કરી દેવામાં આવ્યા. આ જ રીતે દિલ્લીના રમખાણમાં સરકારને પ્રશ્નો કરનાર પત્રકારો પર રાજદ્રોહના કેસ દાખલ કરી દેવામાં આવ્યા છે.

પશ્ચિમ બંગાળની ચૂંટણીમાં મુખ્યમંત્રી મમતા બેનર્જી વિરુદ્ધ ભાજપા બધા દાવપેચ અજમાવી રહી છે. આજે વિરોધી નેતામાં મમતા બેનર્જી અંતિમ નેતા રહ્યા છે, જે ભાજપા વિરુદ્ધ ખૂલીને જાહેરમાં બોલી રહ્યા છે. ●



# ગામડાને ચમકાવવાની યોજના કે પછી લૂંટફાટ?

નિર્મલ રાની

છેલ્લા દિવસો દરમિયાન છાપામાં એક સમાચાર શીર્ષક સાથે છપાયા હતા કે હવે બિહારના ગામડા પણ બનશે વીઆઈપી.

બિહારના પંચાયતી રાજ મંત્રી સમ્રાટ ચૌધરીના નામજોગ છપાયેલા આ સમાચારમાં બિહારના લગભગ ૮,૩૦૦ ગામડા (પંચાયત) ના વિકાસ અને તેમની ઉત્તમ વ્યવસ્થા અને વિકાસ માટેની એક રૂપરેખા રજૂ કરવામાં આવી હતી, જેમાં પૂરા રાજ્યની દરેક પંચાયતમાં પાર્ક બનાવવા, રમતગમત માટેના મેદાન બનાવવા, સિક્યોરિટી માટે ગામડેગામડે સીસીટીવી કેમેરા લગાવવા, છઠ ઘાટ બનાવવા તથા તેને નવો ઓપ આપવા અને જાહેર શૌચાલય બનાવવા જેવી ઘણી યોજનાને લાગુ કરવાની વાત કરવામાં આવી હતી.

પંચાયતી રાજ મંત્રી સમ્રાટ ચૌધરીએ એમ પણ જણાવ્યું હતું કે ૧૫ મા નાણા પંચની ભલામણ અંતર્ગત કેન્દ્ર સરકારે બાકી નીકળતા ૧,૨૫૪ કરોડ રૂપિયા પંચાયતી રાજ વિભાગને મોકલી દીધા છે, જ્યારે ૩,૭૬૩ કરોડ રૂપિયાની રકમ પહેલાથી મોકલી દેવામાં આવી છે.

વાસ્તવમાં આ સમાચાર એ લોકો પર જરૂર અસર કરશે, જેમણે હજી સુધી બિહારના ગામડાના દર્શન નથી કર્યા, પરંતુ આ લોકો બિહાર સાથે જોડાયેલા છે અને ઘણું ખરું બિહારના ગામકસબાના વિસ્તારમાં આવતાજતા રહે છે, તેમના માટે આ સમાચાર ખાસ ઉત્સાહજનક ન હોઈ શકે. ખરેખર આ સમાચાર ગામકસબાના વિસ્તારની પ્રગતિ અને તેને



સમ્રાટ ચૌધરી

નિખારવાની વાત ઓછી અને લૂંટફાટ તથા ભ્રષ્ટાચાર કરવા માટે બનાવવામાં આવેલી યોજના વધારે દેખાય છે.

જે ગામડા 'વીઆઈપી ગામ' બનાવવાની વાત કહેવાઈ રહી છે, તેની આજના સમયમાં કેવી સ્થિતિ છે, તેની જાણકારી મેળવવી જરૂરી બની જાય છે. ગામડાની તો વાત જવા દો, તમે બિહારના શહેરની ત્યાં સુધી કે રાજધાની પટણાની વાત કરો તો અહીંના ઘણા વિસ્તાર એવા છે, જ્યાંથી તમારા માટે નાક પર રૂમાલ રાખ્યા સિવાય પસાર થવું મુશ્કેલ છે.

હજી ગત વર્ષની વાત છે, જ્યારે પટણાની પાણીના નિકાલની વ્યવસ્થા સંપૂર્ણ રીતે ઠપ થઈ ગઈ હતી. લોકોના ઘરમાં પાણી ઘૂસી ગયા હતા. ત્યાં સુધી કે રાજ્યના ઉપમુખ્યમંત્રી સુશીલ મોદી પણ ઘૂંટણ સમા પાણીમાં સપરિવાર મદદ માટે રસ્તા પર ઊભેલા જોવા મળ્યા હતા.

આજે બિહારના મોટાભાગના ગામડા દુર્દશાની સ્થિતિમાંથી પસાર થઈ રહ્યા છે. કદાચ રાજ્યના કોઈ પણ ગામમાં પાણીના નિકાલની કોઈ સુચારુ વ્યવસ્થા

નથી, પરંતુ હા, ઘણા ગામડામાં નાળા કે ખુલ્લી ગટર બનેલા જરૂર દેખાશે, પરંતુ આજે તે બધા જર્જરિત હાલતમાં પડ્યા છે અથવા તેમાં કચરાના ઢગ પડ્યા છે. આ નાળા બનાવવાનો જે હેતુ હતો તે ક્યારેય પૂરો થઈ શક્યો નથી.

આ કચરાના ઢગલાનો નિકાલ કરવાની કોઈ પણ યોજના રાજ્યના કોઈ પણ ગામડામાં નથી. પરિણામે લગભગ દરેક ઘરની સામે કચરાના ઢગલા પડેલા જોઈ શકાય છે, જે દુર્ગંધ ફેલાવે છે અને આ ગંદકીના લીધે માખીમચ્છરોનો ઉપદ્રવ પણ વધી ગયો છે.

આજે પણ ગામડામાં લોકો રસ્તાના કિનારે ખુલ્લામાં શૌચ કરે છે, જેથી ત્યાંથી પસાર થનારા માટે ત્યાંથી પસાર થવું મુશ્કેલ બની જાય છે. આ વાતના લીધે દુર્ગંધની સાથે બીમારી ફેલાવાનું જોખમ પણ રહે છે.

ગત વર્ષે ચોમાસાના દિવસોમાં દરભંગા જિલ્લા તથા તેની આસપાસના ઘણા વિસ્તારમાં પૂર અને વરસાદનું જે પાણી ગામડામાં ઘૂસી ગયું હતું, તે હજી સુધી ઘણી જગ્યાએ ભરાયેલું પડ્યું છે. તેથી આ જગ્યાએ માખીમચ્છરનું સામ્રાજ્ય છે જ, સાથે આ જગ્યા પરના આંબા સહિત ઘણા વૃક્ષો સતત પાણીમાં રહેવાથી ખરાબ થઈ ગયા છે.

મુખ્યમંત્રી નીતિશ કુમારે પોતાના ગત શાસનકાળમાં ‘દરેક ઘરમાં નળજળ’ યોજનાની શરૂઆત કરી હતી, પરંતુ આ યોજના જનહિતકારી યોજના ઓછી, પરંતુ ભ્રષ્ટાચારથી ડૂબેલું એક નાટક જરૂર સાબિત થઈ.

આ યોજના અંતર્ગત ગામડેગામડે પાણીની પ્લાસ્ટિકની ટાંકીઓ મૂકવામાં આવી, જેને મોટાભાગના લોકો પોતાના મકાન પર પાણીના સંગ્રહ માટે મુકાવતા હોય છે. તદુપરાંત ફાઈબરના પાઈપ નાખવામાં આવ્યા, જે લગાવવાના થોડા સમયમાં ખરાબ થવા લાગ્યા હતા.

આ ટાંકીમાં મોટરથી બોરનું પાણી ભરવામાં આવતું હતું અને ત્યાર પછી તેનો સપ્લાય કરવામાં આવતો હતો, પરંતુ આજે આ યોજના લગભગ નિષ્ફળ બની ગઈ છે, કારણ કે પ્લાસ્ટિકની પાઈપ તૂટી ગઈ છે અથવા જમીનની નીચેથી પાણી ખેંચનાર મોટર બળી ગઈ છે.

હવે એવું લાગે છે કે આ પ્રકારની યોજના જનતાની સુવિધા માટે નહીં, પરંતુ જનતાના ટેક્સના પૈસાને લૂંટવા માટે બનાવવામાં આવે છે. આ જોઈને શંકા જરૂર પેદા થઈ રહી છે કે રાજ્યના ગામડાને ચમકાવવા અને તેમને ‘વીઆઈપી’ બનાવવાની યોજના શરૂ કરવામાં આવી રહી છે, તે હકીકતમાં જમીન પર દેખાશે કે પછી નેતા અને પંચાયતના પ્રતિનિધિ અને સરકારી અધિકારી માટે ભ્રષ્ટાચારથી પૈસા કમાવાનું માત્ર સાધન બનીને રહેશે?

સીસીટીવી કેમેરા અને પાર્ક બનાવવાથી વધારે જરૂરી છે યોગ્ય રીતે પાણીનો નિકાલ કરતા નાળા અને ગટર વ્યવસ્થા બનાવવામાં આવે અને જે બિસ્માર અને બંધ હાલતમાં છે તેને ઠીક કરવામાં આવે. દરેક ગામમાં કચરાના નિકાલની પણ ઉત્તમ વ્યવસ્થા હોવી જોઈએ.

‘દરેક ઘરમાં નળજળ યોજના’ ની ફરીથી સમીક્ષા કરવામાં આવે અને પાઈપ બદલીને લોખંડની પાઈપ નાખવામાં આવે તેમજ જળશોધન પછી પાણીની સુચારુ સપ્લાય વ્યવસ્થા ગોઠવવામાં આવે. જોકે તેના માટે માત્ર પાણીની ટાંકી પૂરતી નથી, પણ મોટી સિમેન્ટની પાકી ટાંકી બનાવવામાં આવે.

જોકે આ બધાથી જરૂરી છે કે આ યોજનાને ભ્રષ્ટાચારથી મુક્ત રાખવામાં આવે અને જે પણ સરકારી અધિકારી, જનપ્રતિનિધિ અથવા કોન્ટ્રાક્ટર આ જનહિતની યોજનામાં ભ્રષ્ટાચાર કરતા દેખાય તેમની તરત ધરપકડ કરીને જેલમાં પૂરી દેવામાં આવે. સાથેસાથે ગામડાના લોકોને પણ જાગૃત કરવામાં આવે અને તેમને પણ સ્વચ્છતાનું મહત્ત્વ સમજાવવા ચળવળ ચલાવવામાં આવે. ●







## લોક જનશક્તિ પાર્ટી

# બિહારમાં સતત ઘટતી શાખ



શંભુ શરણ સત્યાર્થી

લોક જનશક્તિ પાર્ટીના સર્વેસર્વા રામવિલાસ પાસવાન નથી રહ્યા, ત્યારથી આ પાર્ટી પોતાનું અસ્તિત્વ બચાવવાની લડાઈ લડી રહી છે. દીકરા ચિરાગ પાસવાને હવાલો તો સંભાળ્યો, પણ તે પોતાનો દબદબો કાયમ ન રાખી શક્યા. પહેલાં તેમના એકમાત્ર ધારાસભ્યે પાર્ટી છોડી, પછી દેખાદેખી એકમાત્ર એમએલસીએ પણ લોજપા સામે હાથ જોડી લીધા.

પરિણામે, હવે બિહારમાં લોજપાનો ધારાસભ્ય નથી રહ્યો, એમએલસી પણ નથી. આ પહેલાં લોજપાના ૨૦૮ નેતાઓ જનતા દળ (યૂનાઈટેડ) માં જોડાઈ ગયા. તેથી ચિરાગ પાસવાનની મુશ્કેલીઓ દિવસે દિવસે વધી રહી છે.

બિહાર વિધાનસભા અને વિધાનપરિષદનો દરવાજો લોજપા માટે બંધ થઈ ગયો છે. હવે બિહારની રાજનીતિમાં ૨ ગઠબંધન સંપૂર્ણ રીતે સામસામે છે. ત્રીજી પાર્ટીની કોઈ હેસિયત નથી રહી. એક તરફ રાષ્ટ્રીય જનતાંત્રિક ગઠબંધન તો બીજી તરફ મહાગઠબંધન.

બિહારની સત્તાના કેન્દ્રમાં નીતિશ કુમાર છે, જે છેલ્લા કેટલાય વર્ષથી મુખ્યમંત્રીની ખુરશી પર કબજો જમાવીને બેઠા છે. તે રાષ્ટ્રીય જનતા દળની સાથે અને ભાજપા સાથે પણ મુખ્યમંત્રી બન્યા, તેથી બિહારની જનતા તેમને હવે ‘ખુરશી કુમાર’ ના નામથી ઓળખવા લાગ્યા છે.

જે લોક જનશક્તિ પાર્ટીનું રામવિલાસ પાસવાને લોહીપરસેવાથી સિંચન કર્યું હતું, આજે તે ધરાશાયી થઈ રહી છે. રામવિલાસ પાસવાનના મૃત્યુ પછી પાર્ટીની કમાન તેમના દીકરા ચિરાગ પાસવાનના હાથમાં છે, પણ ચિરાગ પાસવાન અને નીતિશ કુમારને એકબીજા સાથે બનતું નથી. તે બંને એકબીજાને પસંદ નથી કરતા.

બિહાર વિધાનસભાની ચૂંટણીમાં જદ(યૂ) ને ચિરાગ પાસવાનના લીધે ૨૫-૩૦ સીટનું નુકસાન થયું હતું. પરિણામે, નીતિશ કુમાર ચિરાગ પાસવાનથી નારાજ છે. તે દરેક સ્થિતિમાં લોજપાનું નામોનિશાન હટાવવા માંગે છે.

આ જ કારણ છે કે તેમણે લોજપા ધારાસભ્ય રાજકુમાર સિંહને પોતાની સાથે કરી લીધા. એકમાત્ર એમએલસી નૂતન સિંહ પણ વર્તમાન રાજકીય સ્થિતિ જોતા ભાજપામાં સામેલ થયા. નૂતન સિંહના પતિ નીરજ સિંહ ભાજપા સીટથી નીતિશ સરકારની કેબિનેટમાં મંત્રી બનાવ્યા છે.

લોજપા દલિત જાતિની રાજનીતિ કરવાનો દાવો કરે છે, પણ તેના પાર્ટી નેતાઓમાં દલિતની આગેવાની ઓછી રહે છે. દલિતોના નામે રામવિલાસ પાસવાનના પરિવારના સભ્યો જ સાંસદ અને પાર્ટીમાં પ્રમુખ પદ પર બિરાજમાન રહ્યા છે. આ રામવિલાસ પાસવાનના જમાનાથી જ ચાલતું આવ્યું છે. ચિરાગ પાસવાન પણ તેમના પિતાના વિચારો પર ચાલી રહ્યા છે.

રામવિલાસ પાસવાન રાજનીતિમાં મોસમ વૈજ્ઞાનિક રૂપે જણાતા હતા. તે હવાની દિશાને ઓળખીને પોતાના રાજકીય રોટલા શેકતા હતા, પણ ચિરાગ પાસવાનમાં તે કાબેલિયત નથી. ચિરાગ પાસવાન બિહારમાં વોટકટવા બનીને રહી ગયા છે.

લોજપા અધ્યક્ષ ચિરાગ પાસવાન પોતાની ડૂબતી રાજકીય નાવને દલિતસવર્ણ ગઠબંધન સાથે બચાવવા માંગે છે, તેથી તેમણે બિહાર પ્રદેશ લોજપાના કાર્યકારી અધ્યક્ષ રાજુ તિવારીને બનાવ્યા છે. ચૂંટણી પછી રાજ્ય અને જિલ્લાસ્તરીય સંગઠનના પદાધિકારીઓને ચિરાગ પાસવાને ભંગ કરી દીધો હતો.

હવે નવેસરથી દલિત સવર્ણ અને પછાત જાતિને સંગઠન સાથે જોડીને પાર્ટીને મજબૂત કરવાની કવાયત થઈ રહી છે. તેનું પરિણામ શું આવશે, તે આવનારો સમય જ બતાવશે. ●

# તું તો 'નપુંસક' છે

શૈલેન્દ્ર સિંહ

'તમે નપુંસક છો' આ શબ્દ કોઈ પણ પુરુષ માટે સૌથી શરમજનક અને અપશબ્દ છે. આ શબ્દ એવો છે, જેમ કોઈ મહિલાને વંધ્યત્વ કહેવામાં આવે. પુરુષ હોય કે મહિલા આવા શબ્દ 'બોડી શેમ' નું ઉદાહરણ હોય છે.

પતિપત્નીની વચ્ચે છૂટા પડવું એટલે ડિવોર્સની સ્થિતિમાં 'નપુંસક' અને 'વંધ્યત્વ' શબ્દનો સહારો લેવામાં આવે છે. અદાલતે સ્વીકાર્યું છે કે પુરુષને 'નપુંસક' કહેવો તેનું અપમાન છે. આવા આરોપ મૂકનારને જેલમાં મોકલાય છે.

'તમે નપુંસક છો' આ શબ્દ કોઈ પણ પુરુષના મન પર ઘેરી અસર કરે છે. વાસ્તવમાં પુરુષનું પૌરુષત્વ તેના સેક્સ પાવર પર ટકેલું હોય છે અને તેને આ સાચવવાના તે પ્રયત્ન કરે છે.

'પૌરુષત્વ' નો અર્થ માત્ર શારીરિક સંબંધમાં ન જોઈ શકાય, પણ આ તેની આન, બાન અને શાન સાથે જોડાયેલો હોય છે. પુરુષની 'મર્દાનગી' માં તેની ઈમેજ છુપાયેલી હોય છે. કબીલા અને પંચાયતના સમયમાં પુરુષની આ ઈમેજ રજૂ કરવામાં આવે છે. તેમાં તેનું સુદૃઢ મજબૂત શરીર, રુઆબદાર ચહેરો, મોટીમોટી મૂછો, પહોળી છાતી અને છાતી પર કર્લી વાળ સામેલ હોય છે. બદલાતા સમાજમાં કબીલા અને પંચાયતની માનસિકતામાં કોઈ પરિવર્તન નથી આવ્યું. આજે પણ સિક્સ પેક' નો યુવાનોને ક્રેઝ રહે છે.

## ફિલ્મોમાં બદલાવ

ફિલ્મોમાં હીરોની ઈમેજને દર્શાવતી વખતે 'મર્દાનગી' વાળી ઈમેજ ધરાવતા હીરોને અલગ શ્રેણીમાં મૂકવામાં આવે છે. ૭૦ ના દાયકામાં રાજેશ ખન્ના, રાજેન્દ્ર કુમાર, દેવાનંદ જેવા હીરો ભલે ને દર્શકોને ગમતા હોય, પરંતુ 'હીમેન' ની ઈમેજ ધરાવતા હીરોને અલગ ઓળખ આપવામાં આવી હતી. તેમાં મુખ્યત્વે ધર્મેન્દ્રનું નામ લઈ શકાય છે. આ જ સમયગાળામાં અમિતાભ બચ્ચનની એ ફિલ્મો હિટ રહી, જેમાં તેમની ઈમેજ એન્ગ્રિ યંગમેનની હતી.

જોકે દર્શકોને ત્યાર પછી ફિલ્મમાં ચોકલેટી હીરો પસંદ ન આવ્યા. રફટફ ઈમેજ ધરાવતા કલાકારોમાં અનિલ કપૂર, જેકી શ્રોફ જેવા હીરો લોકોને ગમવા લાગ્યા હતા અને આ નવા કલાકારોમાં સલમાન ખાન અને અક્ષય કુમારને પોતાની 'મર્દવાળી' ઈમેજના લીધે પસંદ કરવામાં આવી રહ્યા છે.

અહીં માત્ર ફિલ્મોની વાત નથી. આજના યુગમાં નવયુવાનોમાં મૂછો અને દાઢી રાખવાનો ક્રેઝ વધ્યો છે. જોકે આ યુવાનોને પસંદ કરવામાં આવી રહ્યા છે. સલમાન ખાન, અક્ષય કુમાર અને જ્હોન અબ્રાહમ જેવા લુક અને બોડી શેપ મેળવવા માટે નવયુવાનો જિમમાં જઈને ખૂબ મહેનત કરે છે.

વાત કોઈ પણ સમયગાળાની હોય, પુરુષ હંમેશાં પોતાના 'મર્દાના લુક' માં રહેવા ઈચ્છે છે. તે ઈચ્છે છે કે તેની 'મર્દાનગી' પર કોઈ આંગળી ન ઉઠાવી શકે.

અલ્હાબાદ હાઈકોર્ટના જાણીતા વકીલ અભિષેક ચૌહાણ કહે છે, ''હત્યા અને હત્યાની કોશિશના ઘણા કેસ એવા આવે છે, જેમાં અપરાધનું કારણ હોય છે કે વિરોધીઓએ જ્યારે 'મર્દાનગી' ને લઈને પડકાર આપ્યો, ત્યારે ગુસ્સો આસમાને પહોંચી ગયો અને ત્યાર પછી અપરાધને અંજામ અપાયો.''

## મૂછનો સવાલ


લખનૌમાં હત્યાના એક કેસમાં આવું ઉદાહરણ જોવા મળ્યું હતું. ૪ લોકો ઝઘડો થયા પછી એક માણસને લાકડીથી મારી રહ્યા હતા. આ માણસ લગભગ મરવાની અણી પર હતો. આ સમયે તેની પત્ની રોકકળ કરતી આવી અને પતિને બચાવવા તેની પર ઊંધી ગઈ. આ માણસને મારી રહેલા લોકોએ પછી લાકડીઓ ફેંકી દીધી, કારણ કે તેઓ એક મહિલા પર લાકડીથી હુમલો કરવાને 'મર્દાનગી' વિરુદ્ધ સમજતા હતા. માણસ મરી ગયો. આરોપી પર અદાલતી કાર્યવાહી શરૂ થઈ અને મહિલાની સાક્ષી પર તેમને સજા થઈ.

સજા થયેલા લોકોનું કહેવું હતું કે જો અમે મહિલાને પણ મારી નાખી હોત તો પછી સાક્ષી આપનાર કોઈ ન રહેતું, પરંતુ એટલા માટે તેને મારી નહીં, કારણ કે મહિલાને મારવી 'મર્દાનગી' ની વિરુદ્ધનું કૃત્ય હતું.

પુરુષને દરેક સમયે 'મર્દાનગી' ની ચિંતા રહે છે. 'મૂછો અને અપમાન સહન કરવાને પણ' મર્દાનગીના ભાવથી જોવામાં આવે છે.

પુરુષોની 'મર્દાનગી' ને સૌથી મોટી ઈજા તો 'નપુંસક' ના આરોપથી થાય છે. જ્યારે પંચાયતમાં પુરુષમહિલા વચ્ચેના વિવાદના નિર્ણય થાય છે, ત્યારે ઘણી વાર મહિલાઓ 'નપુંસક' ના આરોપ મૂકે છે. તેઓ આ આરોપ પણ ખૂબ હસવું આવે તે રીતે મૂકે છે.

પંચાયતમાં જ્યારે પતિપત્ની વચ્ચે વિવાદ થાય છે અને તેઓ એકબીજાને છોડીને અલગ રહેવા ઈચ્છે છે, ત્યારે પંચાયતમાં જાહેરમાં સુનાવણી થાય છે. અહીં વાતને છુપાવીને ઉદાહરણરૂપે કહેવાનો રિવાજ હોય છે.



ગહરૂ ગામની પંચાયતમાં કવિતા નામની મહિલાએ પતિથી અલગ થવાનું કારણ જણાવતા કહ્યું, “તમને ૨ રોટલી ખાવાનું મન હોય અને તમને એક રોટલી મળે તો સાથે રહેવાનો શું લાભ?”

અહીં કવિતાએ જે રોટલી ખાવાની વાત કહી છે, તે વાસ્તવમાં રોટલી સાથે જોડાયેલી નહોતી. અહીં કવિતા પોતાના પતિ સાથેના સંબંધને ઉદાહરણ દ્વારા છુપાવીને કહી રહી હતી. અહીં તેનું કહેવું હતું કે પતિમાં પૌરુષત્વની ખામી છે, જેથી તે તેને સંતુષ્ટ કરી શકતો નથી.




તે અભણ હોવા છતાં કવિતાએ પોતાના પતિ પર ‘નપુંસક’ હોવાનો સીધો આરોપ નહોતો મૂક્યો, પરંતુ આધુનિક યુગમાં શિક્ષિત મહિલાઓ કોર્ટ સમક્ષ જાહેરમાં પતિ પર નપુંસકનો સીધો આરોપ મૂકી દે છે.

## અપમાન છે નપુંસક કહેવું

દિલ્હી હાઈકોર્ટે એક કપલ વચ્ચેના ડિવોર્સની નિમ્ન અદાલતના આદેશને યથાવત્ રાખવા કહ્યું હતું કે જીવનસાથી વિરુદ્ધ નપુંસકતાનો ખોટો આરોપ મૂકવો એક ક્રૂરતા છે.

આ કેસમાં અલગ રહેતી પત્નીએ પતિ પર સેક્સ સંબંધ નહીં બનાવી શકવાનો આરોપ મૂક્યો હતો. હાઈકોર્ટે પતિના વકીલની એ દલીલને સ્વીકારી હતી કે પત્ની દ્વારા લેખિત નિવેદનમાં લગાવવામાં આવેલા આરોપ ગંભીર છે અને તે પુરુષની ઈમેજને અસર કરવાની સાથેસાથે તેની માનસિક સ્થિતિને પ્રભાવિત કરી શકે છે.

જસ્ટિસ મનમોહન અને જસ્ટિસ નરૂલાની બેંચે કહ્યું હતું, ‘તેથી અમને આ વિષય પર કાયદાને જોતા નિમ્ન અદાલતના ચુકાદા અને ટિપ્પણીમાં કોઈ ખામી દેખાતી નથી કે અરજકર્તાના લેખિત નિવેદનમાં પતિના નપુંસકતા સંબંધિત આરોપ સ્પષ્ટ રીતે કાયદા અંતર્ગત પરિભાષિત ક્રૂરતાની વ્યાખ્યામાં આવે છે.

પતિપત્ની વચ્ચે વિવાદ ૨૦૧૨ માં થયો હતો. હાઈકોર્ટે હિંદુ લગ્નધારા અંતર્ગત ડિવોર્સ આપવાની પતિની અરજી પર નિમ્ન અદાલતની આદેશ વિરુદ્ધ મહિલાની અપીલને નકારતા આ ચુકાદો આપ્યો હતો.

આ યુગલના લગ્ન જૂન ૨૦૧૨ માં થયા હતા. મહિલાના આ પ્રથમ લગ્ન હતા, જ્યારે પુરુષ આ સમયે ડિવોર્સી હતો. પુરુષે એ આધારે લગ્નને નાબૂદ કરવાની અપીલ કરી હતી કે મહિલાને કથિત રીતે સેક્સ સંબંધમાં રસ નથી અને લગ્ન માટે તેની મંજૂરી મહિલાની કથિત માનસિક સ્થિતિ સંબંધિત તથ્યને છુપાવીને લેવામાં આવી હતી.

પુરુષે કહ્યું હતું કે જો તેને આ વાતની જાણકારી હોત તો પોતે આ લગ્ન માટે ક્યારેય રાજી થયો ન હોત. ત્યાર પછી મહિલાએ આરોપ મૂક્યો હતો કે તેનો પતિ નપુંસકતાની સમસ્યાથી પીડિત છે અને લગ્ન વિચ્છેદનું મૂળ કારણ આ જ છે. તદુપરાંત તેના સાસુસસરા ઝઘડાળુ છે અને દહેજની માગણી કર્યા કરે છે.

મહિલાએ બીજો આરોપ એ પણ મૂક્યો હતો કે દહેજ માંગવાની સાથેસાથે સાસરીના લોકો તેની સાથે ક્રૂરતાભર્યો વ્યવહાર કરતા હતા અને તેના પતિની સામે તેની ખૂબ ખરાબ રીતે મારપીટ કરતા હતા.

મહિલાએ હાઈકોર્ટ સમક્ષ નિમ્ન અદાલતના ડિવોર્સ મંજૂર કરવાના હુકમને રદ કરવાની માગણી કરી તેમજ પરિણીત અધિકારને પુનઃસ્થાપિત કરવાની માગણી કરતા કહ્યું હતું કે પોતે આ લગ્નબંધનને તૂટતું બચાવી લેવા માંગે છે. તેની આ દલીલ પર હાઈકોર્ટે કહ્યું હતું કે મહિલાના આરોપોને નિમ્ન અદાલતે નકારી દીધા છે.

## થઈ શકે છે જેલ

કોઈ પણ પુરુષને નપુંસક કહેવું તમને જેલમાં પહોંચાડી શકે છે. મુંબઈ હાઈકોર્ટની નાગપુર બેંચે પોતાના એક ચુકાદામાં કહ્યું હતું કે કોઈ પણ પુરુષને નપુંસક કહેવો માનહાનિ અંતર્ગત આવે છે. આ સ્થિતિમાં કોઈ વ્યક્તિ આ પ્રકારના શબ્દોનો ઉપયોગ કરતો હોય, તો તેને જેલની સાથેસાથે દંડ પણ ચૂકવવો પડી શકે છે.

કોર્ટ આ જ રીતે એક કેસની સુનાવણી કરતા એક મહિલાના કાનૂની કાર્યવાહીથી મુક્ત કરવાની અરજીને અસ્વીકાર્ય કરી દીધી હતી, જેના પર તેના પતિએ પોતાને નપુંસક કહેવાનો આરોપ મૂક્યો હતો. બંને પતિપત્ની વચ્ચે ડિવોર્સનો કેસ ચાલી રહ્યો હતો.

૨૧ નવેમ્બરના રોજ જ્યારે મહિલા પોતાના પિયર ગઈ ત્યારે બંને વચ્ચેના સંબંધમાં ખટાશ આવી ગઈ હતી. પિયરમાં રહેવા દરમિયાન આ મહિલાએ કોર્ટમાં ડિવોર્સની અરજી દાખલ કરી દીધી. બંનેને એક દીકરી હતી. આ સ્થિતિમાં જ્યારે કોર્ટમાં ડિવોર્સનો કેસ ચાલ્યો, ત્યારે દીકરીની કસ્ટડી તેના પિતાને મળી ગઈ હતી.

જોકે મહિલાનો કોર્ટનો આ નિર્ણય ઠીક ન લાગ્યો અને તેણે કોર્ટના આ નિર્ણયને હાઈકોર્ટમાં એમ કહેતા પડકાર્યો કે તેનો પતિ ‘નપુંસક’ છે. પછી મહિલાના આ આરોપથી પરેશાન થઈને તેના પતિએ પત્નીના પરિવારજનો પર માનહાનિનો કેસ દાખલ કરી દીધો.

સુનાવણી દરમિયાન મહિલાએ કહ્યું હતું કે પોતે પતિની નપુંસકતા વિશે કંઈ બોલવા ઈચ્છતી નહોતી, પરંતુ તેની હરકતે તેને આમ કરવા વિવશ કરી દીધી હતી. મહિલાએ આગળ કહ્યું હતું કે તેની દીકરી મેડિકલ ઓવ્યુલેશન ટેક્નિકથી થઈ છે.

આ કેસની સુનાવણી કરી રહેલા જસ્ટિસ શુકરે કહ્યું હતું કે મહિલા જાણીજોઈને પોતાના પતિની ઈમેજને ખરાબ કરવા ઈચ્છી રહી છે. આમ પણ પત્નીએ પતિને ધમકી આપી હતી કે તે વાતને માનશે નહીં, તો તે તેની ઈમેજને ખરાબ કરશે. આ સ્થિતિમાં કોર્ટનો આ નિર્ણય એવા પુરુષ માટે મદદરૂપ સાબિત થશે, જેઓ નપુંસકતાના આધારે ડિવોર્સનો સામનો કરી રહ્યા છે.

આ કેસમાં કોર્ટે ચુકાદામાં કહ્યું હતું કે ‘નપુંસક શબ્દના તાર્કિક અથવા વ્યાકરણિય અર્થને જો સમજવામાં આવે, આ શબ્દ કોઈ પુરુષની મર્દાનગી પર વિપરીત અસર કરે છે. સાથે બીજા સમક્ષ પુરુષ વિશે અપમાનજનક સલાહને આમંત્રિત કરવાની માનસિકતા ધરાવે છે, તેથી કલમ ૪૯૯ અંતર્ગત આ શબ્દનો પ્રયોગ અને પ્રકાશન બંને માનહાનિ અંતર્ગત આવશે. બીજી તરફ આઈપીસીની કલમ ૫૦૦ અંતર્ગત આમ કરનાર પર સજાની જોગવાઈ કરવામાં આવી છે.


## નપુંસકતા અને કારણો

આમ શરીરનું દરેક અંગ મહત્ત્વનું હોય છે અને કોઈ પણ અંગ શરમનું કારણ નથી હોતું. જે રીતે દરેક બીમારી વિશે વાત કરી શકાય છે, તે રીતે પોતાના ગુપ્તાંગ બાબતે કોઈ સમસ્યા હોય તો તેના વિશે વાત કરી શકાય છે. આમ કરવામાં શરમની કોઈ વાત નથી.

દુનિયાભરમાં લાખો લોકો નપુંસકતાનો શિકાર છે. આ નપુંસકતા ઘણી વાર કાયમ માટે નથી હોતી. કેટલાક લોકો સમયના હિસાબે અને કેટલાક લોકો ડોક્ટરની સલાહ પર દવાઓ દ્વારા ઠીક થાય છે. નપુંસકતા આજે એક સામાન્ય સમસ્યા બની ગઈ છે.

૪૦ થી ૭૦ વર્ષની ઉંમર ધરાવનાર અડધાથી પણ વધારે લોકો આ સમસ્યાનો સામનો કરી રહ્યા છે. છેલ્લા કેટલાક વર્ષથી યુવાનોમાં નપુંસકતાના કિસ્સા વધી રહ્યા છે. તેનું ખાસ કારણ ડાયાબિટીસ, હૃદયની બીમારી અને બ્લડપ્રેશર જેવી બીમારી છે. બ્લડપ્રેશર, કોલેસ્ટ્રોલ અથવા ડાયાબિટીસની સ્થિતિમાં અંગની લોહીની નળી સંકોચાઈ જાય છે. હૃદયની બીમારીના લીધે નપુંસકતાની બીમારી વધે છે. ધમનીઓના બંધ થવાની ન માત્ર હૃદયની લોહીની નસ પ્રભાવિત થાય છે, પરંતુ પૂરા શરીર પર અસર કરે છે. અંગમાં ખેંચાણ ન આવવાની બીમારીથી પીડિત ૩૦ ટકા લોકો હૃદયની બીમારીથી પીડિત જોવા મળ્યા છે.

પોર્નોગ્રાફી જોવાની વધી રહેલી ટેવ પણ આ બીમારીનું ખાસ કારણ રહ્યું છે. પોર્નોગ્રાફી ફિલ્મ જેવી હોય છે. તેનો રિયલ લાઈફ સાથે કોઈ સંબંધ નથી હોતો. સેક્સ વિશે ફેલાયેલી માન્યતા પણ આ બીમારીનું ખાસ કારણ હોય છે.



આ કારણસર નપુંસકતાને શારીરિક નહીં, પણ માનસિક બીમારી માનવામાં આવે છે. આજના સમયમાં ઘણા લોકો એવા છે, જે નપુંસકતા તેમજ શીઘ્રપતનની સમસ્યાથી પીડિત છે.

આ સમસ્યાના લીધે તેમને પણ અનેક સમસ્યાનો સામનો કરવો પડે છે. આ સમસ્યાથી તેમનું લગ્નજીવન ખરાબ થાય છે સાથે તેમને પિતા બનવામાં મુશ્કેલી થાય છે.

કોઈ પુરુષને નપુંસકતા અને શીઘ્રપતનની સમસ્યા હોય તો તેમના માટે આજે બધા પ્રકારની સારવાર ઉપલબ્ધ છે, જેનાથી આ સમસ્યા ઠીક થાય છે. સારવારથી પુરુષોનો સ્ટેમિના વધે છે અને તે લાંબા સમય સુધી સેક્સ સંબંધ બનાવવામાં સફળ રહે છે. ●



સુનીલ શર્મા

## ડ્રાઈવિંગનું જોખમ

# પતિ જ્યારે નશામાં હોય…

ગત વર્ષે કોરોના મહામારીના ચક્કરમાં દુનિયાનું અન્ય દુર્ઘટના પર ધ્યાન જ ન ગયું કે સમાચારમાં આવેલી મોટીમોટી અને દિલ દુભાવનારી ખબરને જાણે નજરઅંદાજ કરી દીધી હતી.

નવેમ્બરનો મહિનો હતો. ઉત્તર પ્રદેશના બાગપત જનપદમાં ઈસ્ટર્ન પેરિફેરલ એક્સપ્રેસવે પર એક રાત્રે મોટી દુર્ઘટના ઘટી હતી. હિમાચલ પ્રદેશથી ઉત્તર પ્રદેશમાં બરેલી જઈ રહેલી ડબલ ડેકર બસ કંટ્રોલ ગુમાવીને હાઈવે પર પલટી ખાઈ ગઈ, જેમાં ૨૮ મુસાફર જખમી થયા.

તે બસમાં લગભગ ૨૦૦ મુસાફર હતા અને દિવાળીએ ઘરે જઈ રહ્યા હતા. બસની ગતિ ઝડપી હતી. મુસાફરોએ કેટલીય વાર ડ્રાઈવરને ધીરે ચલાવવા માટે કહ્યું, પરંતુ ડ્રાઈવર દારૂ પીને ગાડી ચલાવી રહ્યો હતો. એટલામાં બસ રોડની સાઈડમાં અથડાઈને પલટાઈ ગઈ.

બીજા કિસ્સા પર નજર નાખીએ. નવેમ્બરનો જ મહિનો હતો અને વર્ષ હતું ૨૦૨૦. છત્તીસગઢની રાજધાની રાયપુરના ટાટીબંધ ચોકની નજીક અડધી રાત્રે એક કારે કંટ્રોલ ગુમાવી દીધો અને રસ્તાની બાજુમાં લોખંડની એક સેફ્ટી વોલ સાથે અથડાઈ ગઈ. આ દુર્ઘટનામાં એક નવયુવાનનું ઘટનાસ્થળે જ મૃત્યુ થઈ ગયું.

પોલીસનું માનવું છે કે કારમાં બેસેલા ત્રણ નવયુવાન શુભમ પાંડેય, વૈભવ તિવારી અને નીતિશ યાદવે દારૂ પીધો હતો. તે રાયપુરથી ભિલાઈ જઈ રહ્યા હતા. કાર વૈભવ તિવારી ચલાવી રહ્યો હતો.

ટાટીબંધ ચોક પાસે પાછળ બેસેલા નીતિશ યાદવે નશામાં કહ્યું, 'હવે હું કાર ચલાવીશ…' અને એટલું કહીને તે ચાલતી કારમાં જ પાછળની સીટથી ડ્રાઈવિંગ સીટ પર આવવાનો પ્રયાસ કરવા લાગ્યો. તેથી કાર બેકાબૂ થઈ ગઈ. સેફ્ટી વોલનો એક ટુકડો વિંડ સ્કીન તૂટતા કારની અંદર આવ્યો. આ દુર્ઘટનામાં નીતિશ યાદવનું ઘટનાસ્થળે જ મૃત્યુ થયું.



આપણા દેશમાં દારૂ પીને કાર ચલાવવાથી થતી દુર્ઘટનાની ફેહરિસ્ત ખૂબ લાંબી છે. આંકડાની વાત કરીએ તો ખબર પડે છે કે દર વર્ષે ૧૪,૦૦૦ થી વધારે માર્ગ અકસ્માત માત્ર એટલે થાય છે કે કાર ચલાવનારે દારૂ પીધેલો હોય છે. ઉત્તર પ્રદેશમાં વર્ષ ૨૦૧૭ માં ૩,૩૩૬, વર્ષ ૨૦૧૯ માં ૪,૪૯૬ અકસ્માત દારૂ પીવાથી થયા હતા. આ રીતે ઓરિસ્સામાં વર્ષ ૨૦૧૭ માં ૧,૫૩૩, વર્ષ ૨૦૧૮ માં ૧,૨૨૦ અને વર્ષ ૨૦૧૯ માં ૧,૦૬૮ અકસ્માત નોંધાયા હતા.

આ તો માત્ર ૨ રાજ્યના આંકડા છે, જ્યારે પૂરા દેશને અન્ય રાજ્યમાં પણ દારૂના નશામાં કરવામાં આવેલી ખબરની ચર્ચા બનતી રહે છે. પહાડી રાજ્ય હિમાચલ પ્રદેશમાં પણ ૯૦ ટકા માર્ગ અકસ્માત ચાલકના નશામાં રહેવાથી થાય છે. દુખ અને આશ્ચર્યની વાત છે કે તેમાં મૃત્યુ પામતા મોટાભાગના લોકોની ઉંમર ૧૮ થી ૩૫ વર્ષ સુધી થાય છે.

આ જ કારણ છે કે ડ્રંક એન્ડ ડ્રાઈવ એટલે દારૂ પીને કાર ચલાવવાને લઈને વર્ષ ૨૦૧૭ માં દિલ્લીની જિલ્લા અને સત્ર અદાલતના જજ ગિરીશ કઠપાલિયાએ તો પોતાના એક નિર્ણયમાં એવું કહી દીધું હતું કે દારૂ પીને કાર ચલાવવી એક નિર્ધારિત અપરાધ નથી, પણ એક ગંભીર સામાજિક જોખમ છે. દારૂ પીને કાર ચલાવનાર વ્યક્તિ ન માત્ર પોતાની જિંદગીને જોખમમાં મૂકે છે, પણ રસ્તા પર ચાલનારા અન્ય લોકોની જિંદગી સાથે પણ રમે છે.

જજે આગળ કહ્યું કે આવા અકસ્માતનો શિકાર રસ્તાનો ઉપયોગ કરનારા લોકો અને સાથે દારૂ પીને કાર ચલાવનારા ડ્રાઈવરનો પરિવાર નિર્દોષ હોય છે. રસ્તા પર ચાલનારા આવા ચાલક કોઈ 'આત્મઘાતી હુમલાખોર' થી ઓછા નથી.

આવી જ કોઈ ઘટનાને અટકાવવાના હેતુથી કેન્દ્રીય માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રી નિતિન ગડકરીએ જુલાઈ, ૨૦૧૯ માં 'મોટર વ્હીકલ (સંશોધન) બિલ, ૨૦૧૯' ને લોકસભામાં પ્રસ્તુત કર્યું હતું. આ સંશોધિત મોટર વ્હીકલ એક્ટમાં માર્ગ વાહનવ્યવહાર ઉલ્લંઘનને લઈને નિયમો કડક કર્યા છે. સંશોધિત બિલમાં એ પણ પ્રસ્તાવ મૂક્યો છે કે દારૂ પીને ગાડી ચલાવવા પર ૧૦,૦૦૦ રૂપિયા દંડની સજા થશે.

લોકો ક્યાં માને છે. સૌથી વધારે મુશ્કેલી તે મહિલા સાથે થાય છે, જેમના પતિ અથવા પુરુષ સાથી સામાન્ય રીતે દારૂ પીને ગાડી ચલાવે છે અને બાજુની સીટ પર બેસવાથી તેમના જીવને પણ જોખમ રહે છે.




ક્યારે ક-ક્યારે ક તેમને આવું કરવું રોમાંચક લાગી શકે છે, પણ તેમણે જજ સાહેબની ચેતવણી પર ધ્યાન આપવું જોઈએ કે દારૂ પીને ગાડી ચલાવનારા લોકો 'આત્મઘાતી હુમલાખોર' હોય છે.

### ઈલાજ શું છ

આ સમસ્યા તે મહિલાઓ સામે વધારે આવે છે, જે જાતે ડ્રાઈવિંગ નથી કરી શકતી અને પુરુષ સાથીના નશામાં હોવા છતાં તે તેમની સાથે બેસવા મજબૂર હોય છે.

આ અકસ્માતમાં ડ્રાઈવરના મૃત્યુ થવા અથવા તેને ગંભીર ઈજા થવાનું જોખમ સૌથી વધારે હોય છે. જોકે મોટાભાગના કિસ્સામાં તે પુરુષ મહિલાનો પતિ હોય છે, પરિણામે અકસ્માત થયા પછી સૌથી મોટું નુકસાન મહિલાનું જ થાય છે.

જો તે મહિલા ગાડી ચલાવી શકે છે, તો ડ્રાઈવિંગ કરીને આવા અકસ્માત ઘટાડી શકે છે, પણ જો એ શક્ય ન થઈ શકે તો તેણે પુરુષ સાથી સાથે કડકાઈપૂર્વક વર્તવું જોઈએ અને આ વાત ને અમલમાં મૂકવી જોઈએ :

☛ શક્ય હોય તો પુરુષ સાથીને દારૂ પીને ગાડી ચલાવવાનો ઈન્કાર કરો.

☛ જો એ શક્ય નથી, તો તમારી ગાડીના બદલે કોઈ કેબ અથવા પ્રાઈવેટ ટેક્સીમાં ઘરે જવામાં ભલાઈ છે.

☛ પુરુષ સાથીને મજા માટે દારૂ પીવા બિલકુલ ન ઉશ્કેરો. તે પોતાના પગ પર જાતે કુહાડી મારવા જેવું છે.

☛ તમે પણ દારૂ પીધો છે અને પુરુષ સાથી પણ નશામાં છે, તો તેને ચલાવવાનું ક્યારેય ન કહો.

☛ એક વાત યાદ રાખો કે દારૂ પીને ગાડી ચલાવવી સ્વયંને જોખમમાં મૂકે છે, સામેવાળાના જીવ પણ મુસીબતમાં મૂકી દે છે, તેથી પુરુષ સાથીને કંટ્રોલમાં રાખો, કારણ કે આવા અકસ્માતમાં મૃત્યુ પામનારના પરિવારજનો આજીવન ભોગવે છે. ●

# પુરુષનો માર સહન કરે અથવા ઘર છોડી દે મહિલા?

ધીરજ કુમાર

માલાનો પતિ મહેશ રોજ દારૂ પીને ઘરે આવતો હતો. પછી નાનીનાની વાતે પણ પોતાની પત્ની સાથે ઝઘડો કરતો હતો, પરંતુ જ્યારે દારૂનો નશો ઊતરતો ત્યારે માલા સાથે ખૂબ પ્રેમભરી વાત કરતો હતો.

માલા પણ તેની પ્રેમભરી વાતોથી પીગળી જતી હતી અને પોતાના પતિના માર અને તિરસ્કારને ભૂલી જતી હતી.

માલા મહેશને પોતાના સોગંદ આપીને દારૂ છોડવાની વાત કહેતી, ત્યારે તે તરત માની પણ જતો, પરંતુ સાંજ થતાંથતાં તે ફરી પાછો મૂળ સ્વભાવ પર આવી જતો હતો. તે પોતાની પત્નીને આપેલા વચનને ભૂલી જતો અને દારૂ પીને આવી જતો. ત્યાર પછી રોજની જેમ પોતાની પત્ની અને બાળકોને અપશબ્દો બોલતો અને મારપીટ કરવા લાગતો.

મહેશ અને માલાના ૨ બાળકો છે. માલા ઘરેલુ મહિલા છે અને તે બહાર કામ નથી કરી શકતી. તેના પિયરમાં તેને કોઈ સહારો આપનારું નથી. તેથી તે ઈચ્છવા છતાં પોતાના પતિ મહેશને છોડી શકે તેમ નહોતી. તે ગમે તે રીતે પોતાના બાળકોને સારી રીતે ઉછેરવા ઈચ્છતી હતી. તે ઈચ્છતી હતી કે તેના બાળકો ભણીગણીને સારા માણસ બને.

પરંતુ માલાના પતિની દારૂ પિવાની આદતના લીધે ઘરમાં હંમેશાં પૈસાની અછત રહેતી હતી. તેનો પતિ મોટરગેરેજમાં કામ કરતો હતો. જોકે અહીં તે સારું એવું કમાઈ લેતો હતો, પરંતુ સાંજ થતાંથતાં તેના અડધાથી વધારે પૈસાનો દારૂ પી લેતો હતો. જોકે અન્ય વસ્તુ પર તેનો કાબૂ જરૂર હતો, પરંતુ પોતાની દારૂ પિવાની ટેવને તે રોકી શકતો નહોતો.

આજે પણ દેશભરમાં મહિલાઓ સાથે ઘરેલુ હિંસાની ઘટના બને છે. ભલે ને આપણા દેશમાં શિક્ષણનું સ્તર વધ્યું હોય, પરંતુ આ પ્રકારની ઘટનામાં ઘટાડો નથી થયો. આજે પણ મહિલાઓને પુરુષથી ઊતરતી આંકવામાં આવે છે, તેમને કમજોર સમજવામાં આવે છે. તેમને ભોગવવાની વસ્તુ માનવામાં આવે છે, તેથી તેમની સાથે આજે પણ ઘરેલુ હિંસા જળવાઈ રહી છે.

જ્યારે કોઈ પુરુષ પોતાની પત્ની સાથે ઝઘડો કરે છે, ત્યારે પત્નીનું મોં બંધ કરવા માટે તેની પર હાથ ઉપાડવાથી પણ દૂર નથી રહેતો, જ્યારે મહિલાઓ આવું નથી કરી શકતી. આજે પણ મહિલાઓ પોતાના પતિને ખૂબ માનસન્માન આપે છે. પતિને મહત્ત્વપૂર્ણ અને પોતાને તેના પગના જૂતા બરાબર સમજતી હોય છે અને તેમની આજ માનસિકતાનો પતિ અનૈતિક લાભ ઉઠાવે છે.

ઘણી વાર મહિલાઓ ઘરેલુ હિંસાને સહન કરતી રહે છે, પરંતુ કાયદાની મદદ નથી લેતી, કારણ કે તેમનું માનવું હોય છે કે આમ કરવા પર ઘરપરિવારની પ્રતિષ્ઠા લિલામ થઈ જશે. જ્યારે બીજી તરફ તેઓ પોતાને કોર્ટકચેરીના ચક્કરથી બચાવવા ઈચ્છે છે, કારણ કે ઘરેલુ હિંસાનો શિકાર બનેલી મહિલા પાસે એટલી તાકાત નથી હોતી કે તે એકલી કોર્ટકચેરી અને પોલીસ સ્ટેશનના ચક્કર લગાવી શકે.

આજે પણ હિંસાનો શિકાર બનેલી મહિલાઓ મરીમરીને જીવે છે. તે ઈચ્છવા છતાં પોતાના પતિથી અલગ નથી થઈ શકતી. પછી પતિ ભલે ને તેમની પર ગમે તેટલા અત્યાચાર કરે, તે તેની સાથે જિંદગી જીવવા મજબૂર હોય છે.

આ વાતનું મોટું કારણ એ છે કે એકલી રહેતી મહિલાને અનેક સમસ્યાનો સામનો કરવો પડે છે. ઉદાહરણ રૂપે તેમને કોઈ ભાડાનું મકાન નથી આપતું, લોકોની તેમના તરફની જોવાની દૃષ્ટિ બદલાઈ જાય છે. એકલી મહિલાને જોઈને લોકો જાતજાતની કહાણી બનાવે છે. જોકે નાના શહેર અને ગામ, કસબામાં વધારે પ્રમાણમાં સમસ્યા થાય છે.

હકીકત આ વાતની પાછળ પિયરમાંથી મળેલી શિખામણની પણ ઘેરી અસર થાય છે. લગ્ન પહેલાં દરેક છોકરીને શિખામણ આપવામાં અને ગેરવાજબી વાતને ગમે તે સ્થિતિમાં પણ માનવી જોઈએ. એક પરિણીત મહિલા માટે સાસરી સર્વસ્વ હોય છે, ત્યાં તેણે જીવવાનું અને મરવાનું પણ છે. લગ્ન પછી દરેક છોકરીની અરથી સાસરીમાંથી નીકળી હોય છે એટલે કે તેનો પોતાના માતાપિતાના ઘરથી સંબંધ તૂટી જાય છે.

આ વાતને લીધે છોકરી પોતાને કમજોર સમજે છે. પછી ખરાબમાં ખરાબ સ્થિતિમાં તે પોતાના પતિ સાથે અનેક પ્રકારના અત્યાચાર કરે છે. જોકે આ માન્યતાને માનતી મહિલાઓ હિંસાની વધારે શિકાર બને છે.

રંજના દેખાવે ખૂબસૂરત નહોતી. તે થોડી શ્યામ અને નિમ્ન કદની હતી. તેના માતાપિતાએ પોતાની શક્તિ મુજબ દહેજ આપીને ખાતાપીતા પરિવારમાં તેના લગ્ન કરાવ્યા હતા.

પરંતુ લગ્ન પછી થોડા સમયમાં તેનો પતિ તેને નાપસંદ કરવા લાગ્યો, કારણ કે આ લગ્ન અરેન્જ મેરેજ હતા, તેથી તે રંજનાને પહેલા બરાબર જોઈ શક્યો નહોતો.

આ વાતનું પરિણામ એ આવ્યું કે પતિ નાનીનાની વાતમાં પણ રંજના સાથે ઝઘડો કરતો અને મારપીટ કરતો. તેમ છતાં રંજના પોતાના આ સંબંધને નિભાવવાનો પ્રયત્ન કરતી હતી. તેને આશા હતી કે પોતાના રંગરૂપથી તે પતિને આકર્ષિત નહીં કરી શકે, પરંતુ સારા ગુણથી એક દિવસ જરૂર તેમને આકર્ષિત કરી શકશે. આમ વિચારીને તે પતિ અને સાસુસસરાની દિવસરાત સેવા કરતી હતી, છતાં તે લોકોમાં કોઈ બદલાવ ન આવ્યો.

રંજના ૧૨ મા ધોરણ સુધી ભણેલી હતી. રાજ્યમાં પ્રાથમિક શિક્ષકની ભરતીની જાહેરાત આવી, ત્યારે તેણે પણ અરજી કરી. શિક્ષકની ભરતીમાં ૫૦ ટકા મહિલા અનામત હોવાથી રંજનાને પોતાના ગામની એક સ્કૂલમાં નોકરી મળી ગઈ. આમ તે આત્મનિર્ભર બની ગઈ.

રંજના પોતાના નિર્ણય લેવા આઝાદ હતી. તે વર્ષોથી પોતાના પતિ, સાસુ અને નણંદના મહેણાટોણાં સહન કરી રહી હતી, પરંતુ હવે તે વિચારતી હતી કે પોતે પોતાના પતિથી અલગ થઈને બાકીની જિંદગી બાળકો સાથે વિતાવશે.


પરંતુ તેની સાસરીના લોકોએ પરિવારનું આર્થિક નુકસાન જોતા તેને સાથે રાખવાનું સ્વીકારી લીધું. તેનો પતિ અને સાસુસસરા કમાતી પત્ની હોવાથી તેનું બધું સહન કરવા તૈયાર થયા હતા. ગઈ કાલ સુધી રંજના પતિ અને સાસુની અવહેલના સહન કરતી હતી, પરંતુ હવે તે પરિવારમાં ગર્વભેર રહેવા લાગી હતી.

રંજનાની આર્થિક સ્થિતિ બદલાતા પતિના પરિવારજનોનો તેના પ્રત્યેનો વ્યવહાર બદલાઈ ગયો હતો. હવે તે પરિવારની જરૂરિયાત બની ગઈ હતી, તેથી પરિવારના લોકો હવે તેના નખરા સહન કરવા તૈયાર હતા.

આ જોઈને કહી શકાય કે જે મહિલાઓ ઘરપરિવાર, સાસુસસરા અને પતિ દ્વારા પીડિત હોય, તેમણે સૌપ્રથમ પોતાના પગ પર ઊભા રહેવા માટે વિચારવું જોઈએ. આ વાત માટે જરૂરી નથી કે કોઈ સરકારી નોકરી મળે. સૌપ્રથમ પોતાની આર્થિક સ્થિતિને મજબૂત કરવા વિશે વિચારવું જોઈએ, કારણ કે પોતાના પગ પર ઊભી રહેલી મહિલા પોતાનો માર્ગ પોતે નક્કી કરી શકે છે અને જરૂર પડતા પોતાના ઘરપરિવાર, સાસરી અને પતિથી અલગ થઈ શકે છે. ●



હરીશ જાયસવાલ




# ગુંડા

**રાજુ કોઈ ગુંડો હતો કે નહીં, પણ વસ્તીના મોટાભાગના લોકો ખાસ છોકરીઓ તેને ગુંડો કહેતી. એક દિવસ એવો આવ્યો, જ્યારે છોકરીઓ પણ રાજુની ગુંડાગીરીથી કાયર થઈ ગઈ. એવું શું થયું હતું...?**

લગભગ ૩ લાખની વસ્તી ધરાવતા તે શહેરમાં ગરીબ પરિવારની એક વસ્તી છે. અહીં મોટાભાગે કારખાના અથવા કારખાનામાં કામ કરતા મજૂરોના ઘર છે. શહેરમાં હોવા છતાં આ વસ્તી શહેરથી દૂર છે. સુવિધાના નામે કરિયાણાની ૪ નાનીનાની દુકાન છે, જે ઘરથી જ ચાલે છે અને મજૂરોની ઉધારી પર ચાલે છે.

બાળકો માટે એક સરકારી સ્કૂલ છે, જે સવારે પ્રાથમિક તો બપોરે માધ્યમિક સ્કૂલ થઈ જાય છે. વસ્તીના બધા બાળકો, તે છોકરો હોય કે છોકરી, આ જ સ્કૂલમાં ભણે છે. રાજુ પણ આ જ સ્કૂલમાં ૫ મું ધોરણ ભણે છે.

રાજુનું ઘર એક રૂમ અને એક કિચનવાળું છે. ઘરમાં મમ્મીપપ્પા સિવાય બીજું કોઈ નથી. તે નાનો હતો, ત્યારે તેના દાદાદાદી ગુજરી ગયા હતા. હા, બીજા શહેરમાં નાનાનાની રહેતા હતા. તેમની આર્થિક સ્થિતિ સારી નહોતી અને કદાચ એટલે જ તેના મામા બાળપણમાં જ ઘર છોડીને ભાગી ગયા હતા.

રોજની જેમ તે દિવસે પણ રાજુ સ્કૂલે ગયો હતો. પપ્પા કોઈ કારખાનામાં કામ કરતા હતા અને આજે તેમને રજા હતી.

રાજુના સ્કૂલે ગયા પછી તેના મમ્મીપપ્પા ખરીદી કરવા મોપેડ પર શહેર ગયા. રાજુ બજાર ગયા પછી ઘણી વાર બિનજરૂરી સામાન ખરીદવાની જિદ્દ કરતો હતો, તેથી તેના સ્કૂલે ગયા પછી બજાર જવાનો પ્રોગ્રામ બનાવ્યો.

જોકે રાજુ છે પણ તોફાની છોકરો. ક્લાસના બધા બાળકો ખાસ તો છોકરીઓ તેનાથી ખૂબ પરેશાન રહે છે. કુલ મળીને રાજુની ઈમેજ એક બગડેલા છોકરાની છે.

થોડા દિવસ પછી તહેવાર ચાલુ થવાના હતા. તેથી ખરીદીનું લિસ્ટ લાંબું થઈ ગયું. રાજુના મમ્મીપપ્પા મોપેડ પર બરાબર બેસી પણ નહોતા શકતા, એટલામાં સામેથી આવતી કાર સામે રાજુના પપ્પા પોતાની ગાડી કંટ્રોલ ન કરી શક્યા અને કારની નીચે કચડાઈ ગયા.

અકસ્માત સર્જાયો અને રાજુના મમ્મીપપ્પા બંને આ દુનિયા છોડીને ચાલ્યા ગયા.

સગાંસંબંધીમાં એવું કોઈ નહોતું, જે રાજુને લઈ જાય. તેને સહારો આપે, તેથી નાનાનાની જ તેને પોતાની સાથે લઈ ગયા.

છેલ્લા ૧૦ વર્ષમાં આ શહેર ખૂબ બદલાઈ ગયું છે. સાંકડી ગલી પર પાકો રસ્તો બની ગયો છે. ગલીના અન્ય છેડા પર પાર્ક બની ગયો છે. મોટી દુકાનો બની ગઈ છે. રાજુ પણ ૨૧ વર્ષનો થઈ ગયો છે. ૪ મહિના પહેલાં તેના નાના ગુજરી ગયા છે. નાની ૫ વર્ષ પહેલાં ગુજરી ગઈ હતી.

રાજુ વધારે ભણી ન શક્યો. કોઈ રીતે ૧૦ મા ધોરણ સુધી પહોંચ્યો, પણ પાસ ન થઈ શક્યો.

નાનાના ગુજરી ગયા પછી રાજુ પોતાના શહેર આવી ગયો. પોતાની પાસે જમા કરેલા પૈસાથી ઘરની આગળ જ તેણે પાનની દુકાન ખોલી.

મોટી દાઢીના લીધે રાજુ પહેલી નજરમાં ગુંડા જેવા દેખાતો હતો. બાકીની કસર તેની બોલવાની રીતે પૂરી કરી હતી.

તેના કારનામા હતા જ એવા. પોતાની સાથે પ્રાથમિક સ્કૂલમાં ભણતી છોકરીઓના નામ તેને હજી સુધી યાદ હતા. તેમાંથી જો કોઈ છોકરી તેને રસ્તામાં એકલી મળી જાય, તો તે હાથ જોડીને રસ્તાની વચ્ચે ઊભો થઈ જતો અને પૂરા દાંત દેખાડીને તેને નમસ્કાર કહેતો.

કેટલીય વાર છોકરીઓએ તેની ફરિયાદ પરિવારને કરી, પરંતુ મહોલ્લામાં બેસીને કોણ ઝઘડો કરે? કોઈની પણ કંઈ કહેવાની હિંમત નહોતી થઈ.

મહોલ્લાવાળાની સહનશીલતા જોઈને રાજુની હિંમત વધવા લાગી. તેણે

પોતાની દુકાનમાં મ્યૂઝિક સિસ્ટમ લગાવી લીધી હતી. મ્યૂઝિક સિસ્ટમ પર છોકરીઓને પરેશાન કરવાવાળા ગીતો વગાડતો હતો.

હવે ગત શુક્રવારની જ વાત કરો. આ શર્માની છોકરી, જે રાજુ સાથે ભણતી હતી, લાલ રંગના સલવારસૂટ પહેરીને જઈ રહી હતી. ત્યારે રાજુએ મ્યૂઝિક સિસ્ટમ પર ગીત લગાવી દીધું, 'લાલ છડી મેદાન ખડી...'

આ રીતે જ જ્યારે ગુપ્તાની છોકરી કોઈ ફંક્શનમાં જવા ચમકધમકવાળો ડ્રેસ પહેર્યો હતો, ત્યારે સાહેબ તેને જોઈને ગીત વગાડી રહ્યા હતા, 'બદન પે સિતારે લપેટે હુએ ઓ જાને તમન્ના કિધર જા રહી હો...'

કોઈ સાદા કપડાંમાં છોકરી દેખાય તો ગીત વગાડતો, 'ધૂપ મેં નિકલા ન કરો રૂપ કી રાની...' કે 'દિલ કે ટુકડેટુકડે કર કે મુસકરા કર ચલ દિએ...'

મહોલ્લાની બધી છોકરીઓ પરેશાન થઈ ગઈ હતી. કેટલીય વાર તે પરસ્પર મળી હતી અને રાજુને ચંપલસેન્ડલથી સબક શિખવાડવા વિશે વિચારી ચૂકી હતી, પરંતુ તે દિવસ વાતો સિવાય ક્યારેય ન આવ્યો.

શર્માની છોકરી દીપ્તિ એમએસસી કરી રહી હતી. ક્લાસ હોવાથી કોલેજથી ઘરે આવવામાં મોડું થઈ ગયું. કોલેજ ઘરથી ૫ કિલોમીટરના અંતરે હતી અને દીપ્તિ સાઈકલથી કોલેજ જતી હતી.

દીપ્તિ તેની એક અન્ય સાહેલી સાથે સાઈકલ લઈને બહાર નીકળી જ હતી કે તે બંનેને ૨ મોટરસાઈકલ પર આવેલા ૫ છોકરાએ ઘેરી લીધા. બધા છોકરા દીપ્તિ અને તેની સાહેલીની છેડતી કરી રહ્યા હતા.

દીપ્તિ અને તેની સાહેલીને પરસેવો આવી રહ્યો હતો. સામાન્ય અંધારું અને રસ્તો સૂમસામ હોવાથી છોકરાઓની હિંમત વધી રહી હતી. બંને સાહેલી ડરી ગઈ હતી. તેમના મોઢામાંથી અવાજ નહોતો નીકળી રહ્યો.

૨ કિલોમીટર પછી તે બંનેએ મુખ્ય શહેરમાં પ્રવેશ કર્યો. હવે બંનેના જીવમાં જીવ આવ્યો. દીપ્તિની સાહેલી રહેતી હતી, તેથી તે બીજા રસ્તે નીકળી પડી.

''તારી ઢીલના લીધે એક છોકરી તો હાથમાંથી નીકળી ગઈ. હવે આ છોકરીને તો સાથે લઈ ચાલ.'' પાંચમાંથી કદાચ આ છોકરો બધાનો સરદાર હતો, જે ગુસ્સે થતા બોલી રહ્યો હતો.

''અરે છોડો બસ, આપણી પાસે તેને બેસાડવાની જગ્યા ક્યાં હતી. બસ, હવે આ પક્ષીને લઈને ઊડી જઈએ.'' બીજો બદમાશ બોલ્યો.

દીપ્તિને તેમના ઈરાદા હવે સમજમાં આવી ગયા હતા. તેના હૃદયના ધબકારા વધી ગયા. આંખો સામે અંધારું છવાઈ ગયું. તેણે હિંમત કરીને પોતાની સાઈકલની ઝડપ વધારી દીધી.

કોઈ રીતે દીપ્તિ પોતાની ગલીની બહાર પહોંચી ગઈ. ઝડપથી સાઈકલ ચલાવવાથી તે હાંફવા લાગી હતી. ગભરામણના લીધે તેને ચક્કર આવ્યા અને તે ત્યાં જ પડી ગઈ.

છોકરા કદાચ તેની રાહ જોઈ રહ્યા હતા. તે દીપ્તિને ઉઠાવીને પોતાની મોટરસાઈકલ પર લઈ જવા ઈચ્છતા હતા. દીપ્તિની હાલત ખૂબ વણસી હતી.

રાજુ દુકાન પર બેસીને આ નજારો જોઈ રહ્યો હતો. તે સમજી ગયો હતો કે દીપ્તિ મુસીબતમાં છે અને છોકરાઓના ઈરાદા સારા નથી. એક ક્ષણની પણ રાહ જોયા વિના તેણે પોતાની દુકાનમાંથી મોટી લાકડી લીધી, દોડીને દીપ્તિ પાસે પહોંચી ગયો અને સરદાર જેવા તે છોકરાઓ પર હુમલો કરી દીધો. તેણે લાકડીથી તે છોકરાના પગ પર એવો વાર કર્યો કે તે નીચે પડી ગયો.

આ રીતે થયેલા અચાનક વારથી અન્ય છોકરાઓ ગભરાઈ ગયા. તે કંઈ સમજે, તે પહેલાં રાજુએ પૂરી તાકાતથી બીજો વાર કર્યો. તે છોકરો ઊભા થવાની હાલતમાં નહોતો.

પોતાના સાથીની આવી હાલત જોઈને બાકીના છોકરાઓએ ત્યાંથી ભાગવામાં જ પોતાની ભલાઈ સમજી.

આ ઘટના જોઈને કેટલાય લોકોની ભીડ ભેગી થઈ ગઈ હતી. બધા રાજુના વખાણ કરી રહ્યા હતા. ત્યાં દીપ્તિ સાથે રહેતી આડોશપાડોશની છોકરીઓ પણ પહોંચી ગઈ. તે છોકરીઓને રાજુના વખાણ કરવા નહોતા ગમી રહ્યા, કારણ કે તે રાજુની હકીકત જાણતી હતી. તેમાંથી એક છોકરી હિંમત બતાવતા બોલી, ''રાજુ પોતે કયો દૂધનો ધોયેલો છે. તે પણ આવતીજતી છોકરીઓને જોઈને ગીતો વગાડીને અમને શરમમાં મૂકી દે છે. કોણ જાણે આજની ઘટના આ ગુંડાની ચાલ હોય.''

આ છોકરીની વાત સાંભળીને ભીડમાં એકદમ સન્નાટો છવાઈ ગયો. બધા રાજુ સામે સવાલોની નજરથી જોવા લાગ્યા.

રાજુ કદાચ આ સવાલ માટે તૈયાર હતો. તે આગળ વધ્યો અને તે છોકરી સામે જઈને ઊભો થયો અને બોલ્યો, ''મને એ કહેવામાં થોડો પણ સંકોચ નથી કે આ મહોલ્લામાં રહેતી દરેક છોકરી મારી બહેન છે. હા, હું મારા મ્યૂઝિક સિસ્ટમ પર આ ગીતો જાણીજોઈને વગાડતો હતો. તમે લોકો કારણ જાણવા ઈચ્છો છો?''

''હું ઈચ્છતો હતો કે મારા મહોલ્લામાં રહેતી મારી દરેક બહેન એટલી હિંમતવાળી બને કે તે કોઈ પણ સ્થિતિનો સામનો સરળતાથી કરી શકે.''

''હું આવા ગીતો વગાડીને અને તમને સંભળાવીને તમારામાં આત્મવિશ્વાસ અને આત્મસન્માન જગાડવા ઈચ્છતો હતો. હું ઈચ્છતો હતો, ભલે એક છોકરી, પણ દુખની વાત એ છે કે કોઈ છોકરી આગળ ન આવી.''

''યાદ રાખો, કોઈ પણ માણસનું સન્માન તેના પોતાના ઘરથી શરૂ થાય છે. જ્યારે તમે જાતે તમારું સન્માન નહીં કરો, તો બહારવાળાને શું પડી છે કે તે તમારું સન્માન કરશે.''

''જો તમે મારા કામનો વિરોધ પહેલાં જ કરી દીધો હોત, તો કદાચ આજે આ પ્રકારની ઘટના ન ઘટતી.''

''બીજી વાત, તમે આજે જ વિરોધ કરશો તો ભવિષ્યમાં 'મીટુ' કહેવા જેવા કોઈ આંદોલનની જરૂર નહીં પડે.''


''મને ખુશી છે, આટલી ભીડમાં, એકનો આત્મવિશ્વાસ, આત્મસન્માન જાગ્યો તો ખરો. મને વિશ્વાસ છે, ધીરેધીરે આ મહોલ્લાની બધી છોકરીઓમાં આ ભાવના જાગશે. આજે મારી ગુંડાગીરી સફળ થઈ.''

''વાહ રાજુ જેવી વિચારસરણીવાળા ગુંડા શહેરના દરેક ગલીમહોલ્લામાં હોય, તો આપણી મહિલાઓ, છોકરીઓ સુરક્ષિત કેવી રીતે નહીં રહે.'' દીપ્તિના પપ્પા રાજુની પીઠ થપથપાવતા કહી રહ્યા હતા. ●


# પોલીસ સ્ટેશનમાં ખૂલી અનોખી લાઈબ્રેરી

દક્ષિણપશ્ચિમ દિલ્લી જિલ્લાના આરકે પુરમ સેક્ટર ૧૨ ના પોલીસ સ્ટેશનમાં એક લાઈબ્રેરી બની છે. વર્ષ ૨૦૧૯ માં રાજેશ શર્માના અહીંના અધિકારી બનીને આવ્યા હતા. તેમણે જણાવ્યું કે અહીંના ઝૂંપડપટ્ટી વિસ્તારના કેટલાય બાળકો સ્કૂલ નથી જતા. જાય પણ છે, તો ૧-૨ મહિનામાં સ્કૂલ છોડી દે છે અને પછી ગુંડાગર્દી કરે છે. આજકાલ નાની ઉંમરના બાળકો અપરાધ તરફ ઝડપથી વધી રહ્યા છે.

તે ઉપરાંત મોટી ઉંમરના બાળકો પણ છે. જે કોઈ સરકારી નોકરીની પરીક્ષાની તૈયારી કરી રહ્યા છે, પણ ગરીબીના લીધે સંબંધિત પુસ્તક ખરીદી નથી શકતી, તેથી રાજેશ શર્માએ નક્કી કર્યું કે તેમણે એવી જગ્યા ઉપલબ્ધ કરાવી, જ્યાં તે શાંતિથી વાંચી શકે.



આ દિલ્લી પોલીસ પબ્લિક લાઈબ્રેરીમાં ઘણી જગ્યા છે અને તેના ૪ સેક્શન બનાવી દીધા છે. પહેલું સ્માર્ટ બોર્ડ સેક્શન છે, બીજું કમ્પ્યૂટર સેક્શન છે, જેમાં ૧૦ કમ્પ્યૂટર છે, જે વાઈફાઈથી સજ્જ છે. ત્રીજું પુસ્તકનું સેક્શન છે અને ચોથું વાંચન સેક્શન છે.



અહીં તાજેતરમાં ૧૨ વર્ષથી ૨૦ વર્ષની ઉંમરના ૭૮ બાળક આવે છે, જે આ લાઈબ્રેરીનો લાભ ઉઠાવી રહ્યા છે. તે પણ એકદમ મફત. બસ, તેમણે આધારકાર્ડ જમા કરાવવું પડે છે. આ લાઈબ્રેરી અઠવાડિયાના સાત દિવસ સવારે ૯ થી સાંજે ૫ સુધી ખૂલે છે.

આજે મોટાભાગના બાળકો મોબાઈલ ફોનની પકડમાં છે, ત્યારે આ લાઈબ્રેરી એક પ્રકારની રાહત જેવી છે કે જાગૃતિથી આપણે સમાજમાં મોટા પરિવર્તનની પહેલ કરી શકીએ છીએ.

- સુનીલ ●



# બેગમ રજા પર છે

ઉમેશ કુમાર ચૌરાસિયા

રવિવારની સવાર. લાંબી ઊંઘમાંથી ઊઠીને મેં આળસ મરડી. ઘડિયાળમાં ૯ વાગ્યા હતા. બારીમાંથી આવતા સવારના કૂણા તડકાથી તનમન ખીલી ઊઠ્યું હતું.

મેં ખુશ થઈને એકબેત્રણ... કરીને ૭ વાર તેનો આભાર માન્યો, જેણે અઠવાડિયામાં એક દિવસ રજાનો બનાવ્યો. આ રવિવાર ન હોત, તો કદાચ આટલી ખુશહાલ સવાર ક્યારેય ન હોત.

તકિયો સીધો મૂકીને હું બેઠો, તો ટેબલ પર ચાનો ગ્લાસ ન જોઈને ચોંકી ગયો. ૧૫ વર્ષની પરંપરા તૂટતી જોઈને મારા મનમાં શંકા ઊભી થઈ.

કારણ કે દર રવિવારે સવારે ઊઠતા જ ચાનો ગ્લાસ તૈયાર મળતો હતો. બેગમ એ વાતનું ખાસ ધ્યાન રાખતી હતી કે મને ઊઠતા જ સમયસર ચા મળી જાય, પરંતુ આજે... કોઈ રીતે ચાની તડપ પર કાબૂ રાખતા હું રાહ જોવા લાગ્યો કે બેગમ હમણાં ચા લાવતી જ હશે.

પૂરો અડધો કલાક વીતી ગયા પછી પણ ચા ન જ મળી, તો હું ગુસ્સે થઈને ઊઠ્યો અને સીધો કિચનમાં ગયો. હું બેગમ પર ગુસ્સો કરવાનો જ હતો કે કિચનનો દરવાજો બંધ જોઈને મને આશ્ચર્ય થયું.

દર રવિવારે બેગમ સવારથી જ તમામ પ્રકારના પકવાનની રેસિપી લઈને કિચનમાં વ્યસ્ત રહે છે, આજે કિચન બંધ કેમ... હું બેચેન મનથી બેગમના રૂમમાં ગયો, તો જોયું કે તે આરામ કરી રહી છે.

ચાની તડપથી તરસતા હું ગુસ્સે તો થયો, ચિંતા પણ થઈ. મેં પહેલા બેગમના માથા પર હાથ મૂકીને ઉષ્ણતામાન માપીને નસ ચેક કરી.

બધું ઠીકઠાક જોઈને મેં બેગમને જગાડીને પૂછ્યું, ''બેગમ, શું થયું? માથું દુખતું હોય તો બામ લગાવી દઉં?''

બેગમ ઊંઘમાં ખલેલ પડવાથી ગુસ્સે થઈ, ''કેમ પરેશાન કરી રહ્યા છો? મને કંઈ નથી થયું. ઊંઘવા દો.''

''પણ બેગમ, મારી ચાનું શું થશે અને નાસ્તો પણ બનાવવાનો છે.'' મારા અવાજમાં સ્ફૂર્તિ આવી ગઈ.

બેગમ પડખું ફેરવીને બોલી, ''આજે તો રજા છે.''

''એ તો છે જ બેગમ, એટલે જ તો મને ચા સાથે સમોસા ખાવાની ઈચ્છા થઈ રહી છે. ચાલ, ફટાફટ બનાવી દે.'' મેં આદેશ આપ્યો, તો બેગમ ગુસ્સે થઈ, ''આજે હું કંઈ જ નથી બનાવવાની. આજે મારે પણ રજા છે.''

''તારી રજા...'' મને આશ્ચર્ય થયું.

''હા, રવિવારે તમારી ઓફિસમાં કામની રજા હોય છે ને, મારે પણ અઠવાડિયામાં એક દિવસ ઘરના કામમાંથી રજા રહેશે.'' બેગમની આ વાતથી હું ચકિત રહી ગયો.

મામલાની ગંભીરતા સમજતા હું બાળકોના રૂમમાં ગયો. તેમના ઊતરેલા ચહેરા જોઈને તેમની સ્થિતિ જણાઈ રહી હતી. મારા કંઈક બોલતા પહેલાં તેમણે મિયાંબીવીનો પરસ્પર ઝઘડો કહેતા ઘરેલુ કામમાં મદદ કરવાની સ્પષ્ટ ના પાડી દીધી.

મેં તેમને મનાવવા માટેના બધા પેંતરા અજમાવી લીધા, પણ કોઈ ટસથી મસ ન થયું.

મેં મનોમન બેગમને મહેણાં આપતા કે શું થયું, જો બેગમ કામ નથી કરતી, હું પણ બધું કામ કરી શકું છું... અને જાતે ચાનાસ્તો બનાવવાની કસમ ખાધી અને કિચનમાં ગયો.

થોડી વાર તો હું ઊભો રહ્યો કે ક્યાંથી શરૂ કરું, પણ કહેવાય છે ને, જ્યાં ચાહ, ત્યાં રાહ. તેથી થોડી વાર શોધખોળ કર્યા પછી ચા અને ખાંડનો ડબ્બો મળી ગયો.

ચા બનાવીને મેં એવું અનુભવ્યું કે જાણે કોઈ કિલ્લો જીતી લીધો હોય, પણ આરામથી સોફા પર બેસીને ચાની ચૂસકી લેતા જ મારા ગર્વની હવા નીકળી ગઈ. ચામાં ખાંડ એટલી હતી કે પૂરી પી લઉં, તો કદાચ ડાયાબિટીસ થઈ જાય.

ચાની હાલત જોઈને મારી નાસ્તો બનાવવાની ઈચ્છા મરી ગઈ. લંચ બનાવવાનું કામ તો હવે પહાડ જેવું લાગવા લાગ્યું. આજ સુધી ખાવાનું કામ આવડતું હતું. આજે તો સમોસા ખાતા પહેલાં બનાવવાની રીત પર વિચાર કરવાનો સમય આવ્યો. જે અકળાવનારી વાત તો હતી.

દિવસના ૧૧ વાગી રહ્યા હતા. પેટમાં બોલી રહેલા બિલાડા મને કિચનમાં જવા મજબૂર કરી રહ્યા હતા. હિંમત કરીને હું ફરી કિચનમાં પહોંચ્યો. બટાકા-ડુંગળી સિવાય બીજું કોઈ શાક નહોતું. બટાકા સમારવા લાગ્યો તો આંગળી પર ચપ્પુ વાગવાથી ચીરો પડી ગયો અને ડુંગળીએ તો જાણે મારી હાલત પર આંસુ વહાવવાનું ચાલુ કરી દીધું હતું.

હું તે ક્ષણને કોસી રહ્યો હતો, જ્યારે મેં પુરુષ અને મહિલાની સરખામણીની વકીલાતમાં લાંબાલાંબા ભાષણ આપ્યા હતા. સરખામણીની સાઈડ ઈફેક્ટનો અહેસાસ તે સમયે મને નહોતો.

હવે તો પસ્તાવો કરીને શું થાય... મરચુંમસાલો નાખીને મેં શાક માટે પ્રેશર કૂકર ચઢાવી દીધું અને તે પછી રોટલી બનાવવા માટે લોટ શોધવા લાગ્યો.

થોડો લોટ, થોડું પાણી લીધું અને લોટ ગૂંદવા લાગ્યો. હવે મુસીબત એ ઊભી થઈ કે ક્યારેક લોટમાં પાણી વધારે પડતા તે પાતળો, તો ક્યારેક પાણી ઓછું. ક્યારેક લોટ, ક્યારેક પાણી મિક્સ કરવામાં હું એટલો થાકી ગયો કે મને તો ચક્કર આવવા લાગ્યા.

પ્રેશર કૂકરની સીટીથી હું ચોંકી ગયો, તો લોટવાળા હાથે કૂકર ઉતારીને જોયું તો શાક બળી ગયું હતું, કારણ કે હું તો કૂકરમાં પાણી નાખવાનું જ ભૂલી ગયો હતો.


બધી મહેનતને બરબાદ થતી જોઈને મારા હૃદયના ધબકારા વધવા લાગ્યા, પરસેવે રેબઝેબ થવા લાગ્યો. પાણી પીવા આગળ વધ્યો, તો ત્યાં જ ફસડાઈ પડ્યો.

જ્યારે ભાન આવ્યું, ત્યારે સ્વયંને બેગમ અને બાળકની વચ્ચે જોયો. બેગમ મારું માથું દબાવી રહી હતી અને બાળકો પગે માલિશ કરી રહ્યા હતા.

હવે અહેસાસ થઈ રહ્યો હતો કે ઘરેલુ કામકાજ ઓફિસના કામથી વધારે મુશ્કેલ છે. આ બેગમનો જ હુન્નર છે કે સવારની ચાથી લઈને રાતના ડિનર સુધીનું બધું કામ તે કેટલી સરળતાથી કરી લે છે. બેગમ ભલે ને મારી પાસે ગુલામી કરાવી લે, પણ કિચનનું કામ કરવાનું ક્યારેય ન કહે.

મારા ધબકારા હવે કાબૂમાં આવી ગયા હતા. મેં બેગમ સામે નજર કરી, તો તેમણે સ્મિત કર્યું. કદાચ તેમણે મારું મન વાંચી લીધું હતું. ●

પારુલ હર્ષ બંસલ



# પાંગળી વિચારસરણી

કૂકડાના અવાજથી જાણે ગામકસબામાં એલાર્મ ઘડિયાળ વાગી જાય છે. બધા લોકો લોટા સાથે ખુલ્લામાં શૌચ કરવા નીકળી પડે છે, જે તેમનો જન્મસિદ્ધ અધિકાર છે.

ભારતમાં કોણ જાણે કેટલા શૌચાલય બની ગયા છે, તેમ છતાં એટલા જ હજી બનવાના બાકી છે. કેટલીક જગ્યાએ બંધ દરવાજા પાછળ ઊતરતી નથી. આ શૌચાલય બનવાથી મહિલા અને છોકરીઓને તો જાણે જીવનદાન મળી ગયું છે.

જમુનાના જીવમાં જીવ આવી ગયો, કારણ કે તેની દીકરી કજરી મોટી થઈ રહી છે. તે નહોતી ઈચ્છતી કે જે સમસ્યા ગામની કઠોર જિંદગીમાં તેણે વેઠી છે, તેનો સામનો કજરી પણ કરે.

એક દિવસ વહેલી સવારે કજરી પથારીમાં બેસીને રડી રહી હતી. તેનો બાપુ ભવાની સિંહ ઘરની બહાર ચબૂતરા પર બેસીને હુક્કો પી રહ્યો હતો. આ તેનો ખાનદાની શોખ રહ્યો છે અને આવો શોખ હરિયાણાના દરેક ગામના પુરુષની ટેવમાં સામેલ છે.

કજરીનો અવાજ ભવાની સિંહને કામ લાગ્યો, એટલા જ ઊંચા અવાજમાં તે જમુનાને કોસવા લાગ્યો, "અરે ક્યાં મરી ગઈ... તારી સાથે તેને પણ લઈ જતી... આ કેમ મારા કાનમાં ગણગણી રહી છે..." ભવાની સિંહની નારાજગી જમુનાને છોકરો ન થવાના લીધે હતી.

જમુનાનું તો મનોમન આ કટાક્ષભરી વાતોથી લોહી ઊકળી રહ્યું હતું. જોકે આવી વાત તેના માટે કોઈ નવો કિસ્સો નહોતો. ભવાની સિંહ જાણે પતિની જગ્યાએ સાસુનો અભિનય નિભાવી રહ્યો હોય. હંમેશાં બેઠાંબેઠાં મૂછો પર હાથ ફેરવતો રહેતો અને જીભથી ઝેર ઓકાતું રહેતું.

જમુનાના દિલનું સાંભળો, તો તેના હિસાબથી ભવાની સિંહ તેની જિંદગીમાં સાપની જેમ કુંડળી મારીને બેઠો હતો, જે છેડતી કર્યા વિના ડંખ મારવા તૈયાર રહેતો હતો.

જમુના મન મારીને અને મોં પર તાળું મારીને ભવાની સિંહની બૂમ સાંભળીને જાણવા હાજર થઈ ગઈ.

"અરે, આજે તારી છોકરી કેમ રડી રહી છે?" ભવાની સિંહે પૂછ્યું.

આ સાંભળીને જમુના કજરી તરફ લાંબાલાંબા ડગ માંડતા પહોંચી.

કજરી એક ખૂણે બેઠી હતી. તેણે ઘૂંટણમાં મોં છુપાવી રાખ્યું હતું જાણે કોઈ ગુનો કર્યો ન હોય.

"આ હાલતમાં રડાય નહીં... આ તો દરેક મહિલા સાથે થાય છે."

"પણ મમ્મી, આ બધું... ગંદું..."

"હા, આવું જ થાય છે. જ્યારે છોકરી મોટી થાય છે."

"હું સમજી નહીં..."

"મતલબ કે હવે તું સમજદાર થઈ ગઈ છે. આ બધી વાતો પછી... પહેલાં તું નહાઈ લે અને આ કપડાનો ઉપયોગ કર."

"સારું મમ્મી... પણ એક દિવસ મેં ચંપાને ઘાસફૂસ અને સૂકા પાંદડાં ભેગા કરતા જોઈ હતી. મેં તેને પૂછ્યું, તો તે બોલી હતી કે તને સમય આવતા બધું ખબર પડશે."

"દીકરી, ગરીબ લોકો પાસે એટલા કપડાં નથી હોતા, જે માસિકના મુશ્કેલ દિવસોમાં ઉપયોગમાં લઈ શકે, તેથી તે ઘાસફૂસ, સૂકા પાંદડાંનો ઉપયોગ લોહી અટકાવવા માટે કરે છે અને તે જ બીમારીનું કારણ બને છે."

"અરે, બંને મા-દીકરી ગણગણતા રહેશો કે મારા હુક્કામાં કોઈ કોલસો પણ નાખશે?" ભવાની સિંહે બૂમ પાડી.

"મારું ચાલે તો કોલસો સીધો તેમની ચિતામાં નાખી દઉં. કામના ન કાજના દુશ્મન અનાજના."

"કજરી ક્યાં છે... એ છોકરી... તેં શું મેંદી લગાવી છે?"

"તે ૨ દિવસ આરામ કરશે..."

"શું થયું?"

"અરે એ જ... હવે છોકરી સમજદાર થઈ ગઈ છે."

"સારું."

"કજરીના બાપુ એક વાત કહું... આપણી છોકરી ખૂબ હોશિયાર છે. હવે તેણે મોટી સ્કૂલમાં જવું પડશે. માસ્તર સાહેબ આવ્યા હતા કાલે. તે કહી રહ્યા હતા કે આ છોકરી તમારું નામ રોશન કરી શકે છે."

"અક્કલ નથી કે શું... આપણા ઘરની છોકરીઓ ઘરના કામ જ શીખે છે, કાળા અક્ષર નહીં... હવે સારો છોકરો જોઈને તેના લગન કરાવી દઈશ." ભવાની સિંહ બોલ્યો.

એટલામાં માસ્તર સાહેબ ત્યાં આવી ગયા અને બોલ્યા, 'મેં કજરીનું ફોર્મ મંગાવી લીધું છે."

"અરે માસ્તર સાહેબ, તમે બધા જાણો છો, તેમ છતાં... મહિલાઓ આપણા પગના જૂતા છે અને જૂતાને ક્યારેય માથા પર ન મૂકી શકાય. આજે છોકરો હોત તો તેને ભણાવવા વિદેશ પણ મોકલી દેત." ભવાની સિંહે કહ્યું.

જમુનાને મન ભરીને પતિને ગાળો આપવાનું મન થયું હતું. તે વિચારવા લાગી, 'આ ગામ-ના કોઈ પુરુષે ક્યારેય એક ફલીના બે ટુકડા કર્યા છે... બધા પત્નીના કામકાજ પર નિર્ભર છે. તેમની મર્દાનગી તો બસ ધોતીમાં જ છે. મૂછો તો તેમણે કાઢી દેવી જોઈએ. પુરુષ કહેવડાવવા લાયક જ નથી.

'દીકરો ન થવાનું કારણ મારી પર થોપે છે. હવે તેમને કોણ સમજાવે કે દીકરો કે દીકરી પેદા થવામાં મહિલા અને પુરુષ બંને સમાન જવાબદાર હોય છે, પણ ગુનેગાર પત્નીને સમજી બેસે છે.'

પોતાની દીકરીને બહાર ભણાવવાની જિદ પૂરી કરાવવા માટે જમુના ગામની કેટલીય મહિલાઓને ભેગી કરી લાવી અને ધરણાં પર બેસી ગઈ. ગામના સરપંચ સુધી આ ખબર પહોંચી ગઈ. પરિણામે આજે ભવાની સિંહના ઘરમાં પંચાયત બેસશે.

મહિલાઓએ ગામની છોકરીઓને પ્રાથમિક શાળાથી માધ્યમિક સ્કૂલમાં મોકલવાની વાત મૂકી. ખૂબ વાદવિવાદ થયો.

સરપંચ જમુનાને બોલ્યા, "આ નવી રીતિ કેમ...? આપણા ગામના બસ છોકરા ભણે છે, ન કે છોકરી."

જમુના બોલી, "અહીંના છોકરાએ આજ સુધી એક ઉંદર પણ માર્યો છે? આજે તો જમાનો છોકરીઓનો છે. તે પોતાની બુદ્ધિ દેખાડશે. તમે તેમને એક તક આપી તો જુઓ."

ભવાની સિંહને સરપંચની મરજી સાથે પોતાની સહમતી પણ આપવી પડી. હવે જમુના રાતદિવસ કામ કરવા લાગી, જેથી અભ્યાસ માટે પૈસા ભેગા થઈ શકે.

ભવાની સિંહને હુક્કો પીવાથી નવરાશ નહોતી. જમુના તે સમયે ૮ મું પાસ હતી. અંગૂઠાછાપ મહિલાઓ વચ્ચે તે બેસતી ત્યારે તે તેને શિક્ષિકાનો દરજ્જો આપતી, પણ ભવાની સિંહને તેની કોઈ કદર નહોતી.

બીજી બાજુ કજરી પોતાના નામની જેમ રંગેરૂપે પણ શ્યામ હતી, પણ કજરીના અભ્યાસે તેના રંગરૂપને પાછળ મૂકી દીધા હતા.

થોડા વર્ષ પછી એક ગાડી ભવાની સિંહના ગામમાં આવીને ઊભી રહી, તેમાંથી એક મહિલા ઓફિસર ઊતરી. તે દૃશ્ય જોઈને ભવાની સિંહ ચકિત રહી ગયો કે એક મહિલાની આટલી પ્રતિષ્ઠા કેવી રીતે?

તે કજરી હતી અને આજે જિલ્લા અધિકારીના પદ પર કાર્યરત હતી.

આ દૃશ્ય જોઈને ભવાની સિંહ મૂછો પર હાથ ફેરવતા બોલ્યો, "આ મારી છોકરી છે. તેણે મારું નામ રોશન કરી દીધું છે."

ભવાની સિંહની આંખો જમુના સામે ઢળી ગઈ, જને તેણે ક્યારેય સાચા અર્થમાં મહિલાનો દરજ્જો ન આપ્યો. હંમેશાં તેને ખૂંટે બાંધેલ બળદ સમજી, પણ મહિલામાં સમાજને બદલવાની તાકાત હોય છે, જેને ભવાની સિંહ જેવા અભણ, ગમારને સમજવામાં કદાચ દાયકાઓ વીતી જશે. ●

# મહવિશ અને સિરાજ

નીરજ કુમાર મિશ્રા

''મહવિશ... તું શું આ થેલા અને કપડાની કતરણ પર નકશીકામ કરે છે... નાની ઉંમરમાં જ ચશ્માં આવી જશે.'' અમ્મી હંમેશાં ઠપકો આપતી તો દાદી બચાવ કરતા કહેતા, ''અરે, તેના હાથમાં હુન્નર છે, તો તને કેમ ઈર્ષા થઈ રહી છે... અને તે નકામા પડેલા કપડાં પર જ તો કડાઈ કામ કરે છે...''

''તેને જોઈને મને પણ મારી જુવાનીના દિવસ યાદ આવી જાય છે. જાણે કાલની જ વાત હોય... કોણ જાણે કેટલી ચાદર, શાલ અને તકિયા પર કડાઈ કામ કર્યું હતું.''

દાદાની વાત સાંભળીને અમ્મીએ મહવિશના હાથમાંથી કપડું છીનવીને જોવા લાગી અને જોતાંજોતાં બોલી, ''હા, ઠીક તો છે... પણ ઘરના બીજા કામ કર્યા કર.''

અમ્મીના હાથથી કપડું જેવું મહવિશના હાથમાં આવ્યું, જાણે તેના શરીરમાં પાછો જીવ આવ્યો. તેણે તરત જતેની બેગમાં સૌથી નીચે કપડું મૂકી દીધું.

કેટલી સુંદરતાથી મહવિશે ફૂલની કડાઈ વચ્ચે સિરાજનું નામ લખ્યું હતું. કોઈ પારખી નજરવાળું જ નામ શોધી શકતું હતું.

સિરાજ મહવિશના ભાઈ ફૈજનો મિત્ર હતો અને અભ્યાસના સિલસિલામાં ઘણી વાર તેની સાથે ઘરે આવતો જતો હતો.

સિરાજ આવે ત્યારે મહવિશને ખબર નહીં શું થઈ જાય. થોડી ગભરામણ, તો થોડું સ્મિત મહવિશના હોઠ પર આવતા. તેની નજર વારંવાર સિરાજની નજરથી મળવા ઉત્સુક રહેતી, પણ સિરાજ હતો, તે મહવિશ સામે ક્યારેય જોતો સુધ્ધાં નહોતો.

તેનું એક કારણ હતું કે સિરાજ પોતાની કરિયરને લઈને ગંભીર હતો અને તેનું પૂરું ધ્યાન અભ્યાસ પર હતું. બીજું કારણ હતું કે તેના ઘરની આર્થિક સ્થિતિ ફૈજની સરખામણીમાં નબળી હતી, જેથી તે વિચારોમાં ખોવાયેલો રહેતો હતો.

સિરાજ એક ગરીબ પરિવારથી હતો. તેના અબ્બા ખાંડના કારખાનામાં સામાન્ય કાંટાના ક્લાર્ક હતા અને તેની ૨ બહેન હતી. મુશ્કેલીથી તેના પરિવારનું જીવન વ્યાપન થતું હતું, તેથી સિરાજ ભણીગણીને એક ઓફિસર બનવા ઈચ્છતો હતો.

મહવિશ અને સિરાજના ઘર નજીકનજીક હતા અને બંને ઘરના લોકો પણ એકબીજાથી પરિચિત હતા.

મહવિશને સિરાજની ગંભીરતા ગમતી હતી. તેને પોતાના માટે હંમેશાંથી સિરાજ જેવો શોહર જોઈતો હતો, જે વાતચીત કરવામાં સારો હોય, જે હૃષ્ટપુષ્ટ હોય અને ચહેરા પર લાઈટ દાઢી હોય તો શું કહેવું... હા, જો દાઢી વધારે હોત તો તે મહવિશને ક્યારેય ન ગમતું.

'તું મને ગમે છે અને હું તારી સાથે લગ્ન કરવા માંગું છું.' આ વાત મહવિશે સિરાજને કેટલીય વાર કહેવા ઈચ્છી, પણ વાત દર વખતે પૂરી નહોતી થતી.

''આ વખતે સિરાજ પૂરા ૨૫ વર્ષનો થઈ ગયો, પણ અદાઓ પરથી જાણે હજી બાળક છે એવું લાગતું... લાગે છે, મારે જાતે મારા નિકાહની વાત અને પહેલ જ સિરાજથી કરવી પડશે.'' મહવિશ ગણગણી રહી હતી અને આ કામ માટે મહવિશે ઘરની છતને પોતાનો રસ્તો બનાવ્યો...

સિરાજ અને મહવિશની છત જોડેજોડે હતી અને સરળતાથી એકબીજાની છત પર અવરજવર કરી શકાતી હતી. એક રાત્રે જ્યારે મહવિશના ઘરના લોકો ઊંઘી ગયા ત્યારે તે ધીરેથી છત પર આવી અને સિરાજના ઘરની છત પર પહોંચીને ધીરેથી નીચે ઊતરી ગઈ.

જોકે સિરાજના ઘરવાળા નીચે રહેતા અને ઉપરના રૂમમાં સિરાજ અડધી રાત સુધી અભ્યાસ કરતો હતો, તેથી મહવિશ આરામથી સિરાજના રૂમમાં પહોંચી હતી અને તેની સામે જઈને ઊભી હતી.

''અરે મહવિશ, તું અહીં... અને તે પણ અડધી રાત્રે.'' સિરાજે ચકિત થતા પૂછ્યું.

મહવિશે તેને ચુપ રહેવાનો ઈશારો કર્યો અને કંઈ જ બોલ્યા વિના સિરાજની નજીક જવા લાગી. આજે પ્રેમનો એકરાર કરવો હતો. મહવિશના હૃદયના ધબકારા વધવા લાગ્યા. સિરાજ બધું સમજી રહ્યો હતો, પણ તે ચુપચાપ ઊભો હતો.

અચાનક ખબર નહીં શું થયું કે મહવિશ સિરાજના ગળે વળગી ગઈ. મહવિશના તનની સુગંધ સિરાજના તનમાં પ્રસરી રહી હતી. સિરાજ મહવિશની કમર પર હાથ મૂકીને વળગી ગયો અને બંનેના તન એકબીજાના યૌવનની માગણી કરવા લાગ્યા.

અચાનક મહવિશ અલગ થઈ અને દુપટ્ટો ગળામાં નાખતા બોલી, ''જો સિરાજ, હું અહીં અડધી રાતે તારી સાથે કોઈ ખોટું કામ કરવા નથી આવી, પણ હું તો તને એટલું કહેવા માંગું છું કે હું તને પ્રેમ કરવા લાગી છું અને હું તારી સાથે નિકાહ કરવા માંગું છું.''

સિરાજ તો જાણે દંગ રહી ગયો હતો. થોડી વાર સુધી તો તે મહવિશ સામે તાકી રહ્યો, પછી બોલ્યો, ''ના મહવિશ... મારા નિકાહ તારી સાથે થવા શક્ય નથી.''

''કેમ...? કેમ શક્ય નથી... હું કોઈનાથી ઊતરતી છું કે શું...આ પૂરા મહોલ્લામાં કોઈ છે, જે મારી સુંદરતાની સરખામણી કરી શકે.'' મહવિશ ગુસ્સે થવાની સાથેસાથે થોડી નખરા કરી રહી હતી.

''હા... નથી કોઈ તારા જેવું... મને ખબર છે.... પણ સમસ્યા જુદી જ છે.''

''પણ, મને તો કોઈ સમસ્યા નથી દેખાતી.'' મહવિશે કહ્યું.

''જો મહવિશ, મારી અને તારી વચ્ચે પૈસા અને રહેણીકરણીની એક મોટી ખીણ છે... મારા ઘરે બે સમયનું ભોજન પણ મુશ્કેલીથી ચાલે છે અને તારા ઘરે રોજ મીટ બને છે... મારા ઘરે અમારા કપડાં જાતે ધોઈએ છીએ, જ્યારે તમે લોકો વોશિંગ મશીનમાં કપડાં ધુઓ છો અને તે પણ કામવાળી ધુએ છે.''

''ક્યાં તારા આ ડિઝાઈનર કપડાં... અને ક્યાં આ મારા કુરતાપાયજામા. તારા ઘરનું બાથરૂમ અને મારો ઊંઘવાનો રૂમ સરખા છે... મારા અને તારામાં ક્યાં કોઈ સંબંધની આશા છે?''

થોડી વાર પછી સિરાજે આગળ કહ્યું, ''જો મહવિશ, હું પણ તને એટલો જ પ્રેમ કરું છું, જેટલો તું... પણ, હું ઈચ્છવા છતાં તારી સાથે નિકાહ નથી કરી શકતો, કારણ કે હું તારા આ ખર્ચા ઉઠાવી નહીં શકું... તું અહીંથી જતી રહે... ક્યાંક હું મારી સ્થિતિ પર રડી ન પડું.'' સિરાજે કહ્યું.

''પણ હું તારી સાથે કોઈ પણ સ્થિતિમાં જીવન વિતાવવા તૈયાર છું... હું ક્યાં તારી પાસે કોઈ માગણી કરી રહી છું.''

''હા મહવિશ... માગણી તું નથી કરી રહી, પણ શું તું ગરમીમાં એસી અને પંખા વિના રહી શકે છે? શું તું ફિલ્ટર વિનાનું પાણી પી શકે છે? અને શું તું મારી સાથે બસ અને ઓટોરિક્ષામાં સફર કરી શકે છે?'' સિરાજે પૂછ્યું.

''હા... હા, હું તને મેળવવા બધું કરી શકું છું.'' મહવિશે વાત એટલા વિશ્વાસથી કહી હતી કે સિરાજ કંઈ બોલી ન શક્યો.

મહવિશ બીજું કંઈ કહેવા જઈ રહી હતી કે નીચે મકાનમાં કોઈ હલચલ થઈ, જેથી મહવિશ ત્યાંથી નીકળી ગઈ.



સિરાજ આમ તો દરેક રીતે હોશિયાર હતો અને ઘરની જવાબદારી સમજવાવાળો છોકરો હતો, પણ તે દિવસે મહવિશના તનના સ્પર્શથી તેના જુવાન દિલમાં ઉમંગ પેદા કરી દીધી હતી.

તેથી તે દિવસ પછી સિરાજ અને મહવિશમાં વોટ્સએપ પર સવારેસવારે મેસેજની આપલે શરૂ થઈ જતી હતી અને બંને એકબીજાને મહોબ્બતની શાયરી મોકલતા હતા.

''મહવિશમાં કોઈ ખરાબી તો નથી.'' સિરાજ જાતે વાત કરી રહ્યો હતો.

''હા... બસ આ જ ખરાબી છે મહવિશમાં કે તેમાં કોઈ બૂરાઈ નથી... તે સારા ઘરની છે... શિક્ષિત છે અને સુંદર પણ... પરિવારને લઈને ચાલવાવાળી છે... અમ્મીઅબ્બુનું ખૂબ ધ્યાન રાખશે તે... અને સૌથી મોટી વાત એ છે કે તે મને પ્રેમ કરે છે.'' સિરાજ ગણગણી રહ્યો હતો.

''તો પછી આગળ વધીને મહવિશનો હાથ પકડી લે... કારણ કે કોઈએ કહ્યું છે કે આપણે લગ્ન તેની સાથે ન કરવા જોઈએ, જેને આપણે પ્રેમ કરીએ છીએ, પણ તેની સાથે કરવા જોઈએ, જે આપણને પ્રેમ કરે છે... અને આ વાત મહવિશે કહી છે કે તે મને પ્રેમ કરે છે.'' સિરાજ આજકાલ ખોવાયેલો રહેતો હતો અને જાતે જવાબ આપતો હતો.

બીજા દિવસે સિરાજ ખૂબ પરેશાન

રહ્યો અને જ્યારે તેના કુંવારા મનથી રહેવાયું નહીં, તો સિરાજે પોતાની વાત મિત્ર અને મહવિશના ભાઈ ફૈજને કહેવાનું વિચાર્યું.

જોકે આ વાત વિચારતા તેના મનમાં ડર હતો કે ફૈજ આ વાત પર શું રિએક્ટ કરશે, તેમ છતાં ડરતાંડરતાં સિરાજે પોતાના અને મહવિશના સંબંધ વિશે ફૈજ સાથે વાત કરી.

''જો ફૈજ... વાત થોડી ગંભીર છે, પણ જરૂરી છે, તેથી તને કહેવામાં મને કોઈ સંકોચ નથી...'' સિરાજે ફૈજને કહ્યું.''

''અરે સિરાજ, તારે મને કંઈ પણ કહેવા માટે સંકોચ રાખવાની જરૂર નથી. સ્પષ્ટ કહે ને.''

''હકીકતમાં, હું અને મહવિશ એકબીજાને પસંદ કરીએ છીએ અને નિકાહ કરવા માંગીએ છીએ.'' એટલું કહીને સિરાજ ચુપ થઈ ગયો અને ફૈજની પ્રતિક્રિયાની રાહ જોવા લાગ્યો.

ફૈજના ઘરે સિરાજની અવરજવર તો હતી, તેથી ફૈજને વધારે સમજવામાં વાર ન લાગી. થોડી વાર સુધી ફૈજ કંઈ વિચારતો રહ્યો, ત્યાર પછી બોલ્યો, ''જો મહવિશ પણ તારી સાથે નિકાહ કરવા માંગે છે તો તે તેની નાદાની હોઈ શકે છે, પણ તું તો સમજદાર છે, તારી અને મહવિશ વચ્ચેનો ફરક સારી રીતે સમજી શકે છે.''

થોડી વાર ચુપ રહ્યા પછી ફૈજ બોલ્યો, ''જો, તને મારી વાત ખરાબ લાગે, પણ આ સત્ય છે કે મહવિશ એશઆરામમાં મોટી થયેલી છોકરી છે... અને તારે મને આ વાત કહેતા પહેલાં જાતે વિચારવું જોઈએ કે ક્યાં મહવિશ અને અમારી લાઈફ સ્ટાઈલ અને ક્યાં તું?''

મહવિશ આટલા મોટા ઘરની છોકરી તારા જેવા ગરીબ છોકરા સાથે કેવી રીતે નિભાવી શકશે...'' જોકે જે પણ વાત ફૈજ કહી રહ્યો હતો. તેની જાણકારી સિરાજને પહેલાંથી હતી.


ફૈજે સિરાજને ઘણું ખરુંખોટું સંભળાવ્યું અને તેના અને મહવિશના જીવન સ્તર વચ્ચેનું અંતર સારી રીતે સમજાવ્યું.

સિરાજ ફૈજની વાત સાંભળીને દુખના દરિયામાં ડૂબવા લાગ્યો, તે સમજી ગયો હતો કે એક ગરીબ માટે મોટા ઘરની છોકરી સાથેનું સપનું ક્યારેય હકીકત નથી બની શકતું.

થોડા દિવસ આ રીતે વીતી ગયા. સિરાજ ઘરની બહાર ન નીકળ્યો, મહવિશ દરેક અવાજ થતા દરવાજો ખોલતી, વારંવાર ફૈજના રૂમમાં બહાનું બનાવીને જતી, પણ સિરાજનો ક્યાંય અતોપતો નહોતો.

મહવિશે સિરાજના હાલચાલ જાણવા માટે તેને ફોન કર્યો, તો સિરાજે ફોન ન ઉઠાવ્યો. મહવિશ પરેશાન થઈ ગઈ હતી. તેણે વિચાર્યું નક્કી કંઈક ખોટું થયું છે, નહીં તો સિરાજ તેના ફોનનો જવાબ આપતો. મહવિશનો દિવસ બેચેનીમાં વીત્યો. તેણે વિચાર્યું કે સવાર થશે તો તે ગમે તેમ સિરાજને મળીને અસલી વાત જાણવાનો પ્રયાસ કરશે.

રાત્રે પણ મહવિશને ઊંઘ નહોતી આવી રહી. તેના કેટલાય મેસેજનો જવાબ પણ સિરાજે નહોતો આપ્યો. મહવિશ મોબાઈલને ઊલટસુલટ કરીને જોઈ રહી હતી કે મોબાઈલ પર મેસેજ આવ્યો. મહવિશે તરત જોયું. જે સિરાજનો મેસેજ હતો.



મહવિશે તેને જલદીજલદી વાંચવાનું શરૂ કર્યું, જેમાં સિરાજે ફૈજ સાથે થયેલી પૂરી વાત જણાવી હતી અને લખ્યું હતું કે આ મેસેજ વાંચીને મારો નંબર બ્લોક કરી દેજે અને મને ભૂલી જજે.

મહવિશ પણ આ જાણીને પરેશાન થઈ ગઈ કે તેના ઘરવાળા માત્ર એટલે તેના નિકાહ સિરાજ સાથે નહીં કરે, કારણ કે તેમને ડર છે કે એશઆરામમાં મોટી થયેલી તેમની દીકરી સિરાજના ઓછા સુવિધાવાળા ઘરમાં ગુજારો નહીં કરી શકે.

'તો ઠીક છે... હું સિરાજને પ્રેમ કરું છું તો હું તેને મેળવવા કંઈ પણ કરીશ.'' મહવિશે મનોમન વિચારી લીધું હતું.

બીજા દિવસે મહવિશે પોતાના માટે એક નોકરી શોધવાનું શરૂ કર્યું. તેણે બધા છાંપા જોયા, મોબાઈલ ફોન પર પણ નોકરી શોધી, પણ કોઈ ફાયદો ન થયો, કારણ કે આ એક નાનું ગામ હતું અને ત્યાં નોકરીઓની અછત હોય છે. મહવિશ ઉદાસ હતી, પણ તેણે હિંમત ન હારી.

''મારે સિરાજ સાથે રહેવું છે, તો મારે તેના મુજબ ઢળવું પડશે.'' સ્વયંને કહી રહી હતી મહવિશ અને તે જ સમયથી મહવિશે પોતાની તિજોરીમાંથી કિંમતી કપડાં કાઢીને આજુબાજુની જરૂરિયાતમંદ છોકરીઓને આપી દીધા અને બજાર જઈને પોતાના માટે સસ્તા કપડાં લાવી.

સિલાઈ અને નકશીકામ પર મહવિશનો હાથ સાફ હતો, પગ મશીન પર બેસીને પોતાના માટે ૨ સલવારસૂટ સીવીને પહેરવા લાગી.

''હવે તને આ ફરીથી નવો શોખ શું જાગ્યો છે, જે આ સસ્તા કપડાં પહેરી રહી છે.'' અમ્મીએ પૂછ્યું.

''કંઈ નહીં અમ્મી, બસ મારી જાતને ઢાળી રહી છું.'' સ્મિત કરતા મહવિશે કહ્યું.

મહવિશના આ જવાબનો અર્થ અમ્મીને સમજાયો નહીં, તો માથું હલાવીને ત્યાંથી નીકળી ગઈ.

તે જ દિવસે મહવિશે પોતાનો રૂમ પણ બદલી નાખ્યો. તેણે પોતાના રૂમનો બધો કિંમતી સામાન કાઢીને નીચે સ્ટોરરૂમની બાજુના રૂમમાં મુકાવી દીધો.

''અરે... કપડાં સુધી તો ઠીક હતું, પણ હવે તે ભેજવાળા રૂમમાં તારું લેપટોપ અને એલઈડી લઈ જઈ રહી છે. આ સામાન ભેજથી ખરાબ થઈ જશે.'' અમ્મીએ કહ્યું.

''કંઈ ખરાબ નહીં થાય અમ્મી... કારણ કે હું તેમાંથી કોઈ સામાન નીચે લાવી નથી રહી... હું તો બસ મારા પુસ્તક અને મારો કામનો સામાન લઈ ગઈ છું.'' મહવિશે જવાબ આપ્યો.

''અરે, પણ તે રૂમમાં એસી તો દૂર, પંખો પણ નથી... તું ત્યાં કેવી રીતે ઊંઘીશ?'' અમ્મીના અવાજમાં સંકોચ સ્પષ્ટ દેખાયો.

''સ્વયંને ઢાળી રહી છું અમ્મી.'' મહવિશે ફરીથી સ્મિત કરતા જવાબ આપ્યો. અમ્મી કંઈ જ ન સમજી શકી, પણ દાદી તેની વાત પર સ્મિત કરી રહ્યા હતા.

મહવિશના મગજમાં શું ચાલી રહ્યું હતું, તે સમજી ન શકી, પણ એટલું જરૂર હતું, આ મહવિશ હવે પહેલાં જેવી મહવિશ નહોતી રહી. આ મહવિશ સ્વયંને કોઈ બીજા બીબામાં ઢાળવાનો પ્રયત્ન કરી રહી હતી, પણ તે બીબું કયું હતું, તે હજી સુધી કોઈ જાણી નહોતું શક્યું.

મહવિશ નોકરી કરીને પગ પર ઊભી થવા માંગતી હતી, જેથી તે સિરાજને જણાવી શકે કે તેની અને સિરાજની આવકથી તેમનું ઘર સારી રીતે ચાલશે, પણ નોકરી ન મળવાથી તે પરેશાન રહેવા લાગી.

આજે બાજુવાળી છત પર ખૂબ ચહલપહલ હતી. શહેરમાંથી નુસરતની મોટી બહેન નેમત આવી હતી, બધા બાળકો તેની આગળપાછળ ફરી રહ્યા હતા, પણ મહવિશનું મન ત્યાં લાગતું નથી. તે બસ એક થેલી હાથમાં લઈને તેની પર ભરતકામ કરી રહી હતી.

નુસરતની બહેન નેમતે છત પરથી જોયું, તો જોતી જ રહી ગઈ, તેની નજર મહવિશના હાથમાં રહેલી થેલી પર રંગબેરંગી ઊનથી બનતા ફૂલ અને ગુલદસ્તા પર પડી.

કોઈને પોતાની તરફ ઘૂરતા જોઈને મહવિશ ચોંકી ગઈ.

''અરે, આ રીતે શું જોઈ રહી છે?''

''જોઈ રહી છું કે શું હુન્નર છે તારા હાથમાં... તારી સોય કેવી રીતે આ થેલી પર રંગબેરંગી ફૂલો બનાવી રહી છે અને તું જે રીતે આ કામમાં ડૂબેલી છે... લાગે છે કે કોઈ શાયર ગઝલ લખી રહ્યું હોય.'' નેમતે કહ્યું.

''આભાર.'' મહવિશે સ્મિત કરતા કહ્યું.

''પણ તું તારો હુન્નર દુનિયા સામે કેમ નથી લાવતી... અને પછી આ કામ તો કમાણીનું માધ્યમ પણ બનશે.'' નેમતે કહ્યું.

કમાણીની વાત સાંભળીને મહવિશના હાથ થંભી ગયા. માન્યું કે તેના અબ્બુ પાસે ઘણા રૂપિયા હતા, પણ તેને તો પોતાની જાતને સાબિત કરવી હતી કે તે પણ કંઈક કરી શકે છે. મહવિશની આંખોમાં ચમક આવી ગઈ.

''આ તો ઘરમાં કામ આવતી સામાન્ય વસ્તુ છે... તેનાથી શું કમાણી થઈ શકે?'' મહવિશે પૂછ્યું.

''છે તો સામાન્ય, પણ કસબાથી

બહાર નીકળેલી આ જ વસ્તુ જ્યારે શહેરના મોટા શોરૂમમાં મુકાય છે, ત્યારે તેની હજાર ગણી કિંમત વધી જાય છે... મને જો, મારા શોહરે મને ફોન પર જ તલાક આપી દીધા, કારણ કે તે અન્ય મહિલાના ચક્કરમાં હતા....મારા ૨ બાળકોની જવાબદારી હવે મારી પર આવી પડી હતી...''

''મારા સસરા મારી પર એક મોટી ઉંમરના વૃદ્ધ સાથે નિકાહ કરવા દબાણ કરવા લાગ્યા અને છૂટાછેડા થયેલા હોવાથી ઘરના લોકો જ મારી પર દબાણ કરવા લાગ્યા... પણ મેં ન માત્ર તે નિકાહ માટે ઈન્કાર કર્યો, પણ હું મારા પગ પર ઊભી થઈ...''

''તારી જેમ મને પણ ચિકનકારીનું કામ આવડે છે, તેથી જથ્થાબંધ વેપારી પાસેથી કાપડ ખરીદીને તેની પર ચિકનકામનું નકશીકામ કરીને સસ્તી કિંમતે બજારમાં દુકાનદારને વેચું છું...''

''ધીરેધીરે મારું કામ ચાલવા લાગ્યું અને આજે મારી પાસે એટલું કામ છે કે મારું એક નાનું કારખાનું છે અને ૮-૧૦ છોકરીઓને મેં રોજગાર આપ્યો છે, જેમને હું દર મહિને પગાર આપું છું... મારે કોઈની સામે હાથ ફેલાવવાની જરૂર ન પડી." નેમત સ્મિત કરતા બોલી.

મહવિશને લાગ્યું કે તે પણ આ રીતે કામ કરી શકે છે.

''અને હા, જો તું ઈચ્છે તો હું તારા આ કામનો નમૂનો મારી સાથે શહેર લઈ જઈને ત્યાંના દુકાનદારને બતાવી શકું છું. તેમને ગમશે તો હું તને ફોન કરીને જણાવી દઈશ અને પછી આગળનો પ્રોગ્રામ સેટ કરી લઈશું.''

મહવિશને તેમાં શું વાંધો હોય... તેણે અમ્મીની નજરથી ચોરીછૂપી ૫-૭ નમૂના નેમતને આપી દીધા.

લગભગ ૧૦ દિવસ પછી નેમતનો ફોન આવ્યો, જેમાં તેણે જણાવ્યું કે શહેરમાં તેનું કામ પસંદ આવ્યું છે, તેથી તે ઓછામાં ઓછા ૫૦ પીસ બનાવીને મોકલે, તેના બદલામાં મહવિશને એડવાન્સમાં ૫,૦૦૦ રૂપિયાનો ચેક મોકલ્યો હતો.

મહવિશ ખૂબ ખુશ હતી. તેને પોતાના હુન્નરના લીધે આજે કમાણીનું માધ્યમ મળી ગયું હતું. એક વાર મહવિશનો ચેક આવ્યો, પછી તેની પાસે દર મહિને કામના ઓર્ડર આવવા લાગ્યા અને પૈસા પણ આવવા લાગ્યા.

હવે મહવિશને કંઈ જ નહોતું જોઈતું. તે સામેના રસ્તેથી સિરાજને મળવા ગઈ અને તેના અમ્મીઅબ્બુની સામે જ તેને કહ્યું, ''જે જિંદગી તું જીવી રહ્યો છે... હું પણ એવી રીતે જ જીવીશ સિરાજ... તું જો એક રોટલી આપીશ તો હું અડધી ખાઈને ખુશ રહીશ અને હવે હું પૈસા પણ કમાવા લાગી છું...

''આપણે બંને મળીને કામ કરીશું તો આપણો ગુજારો થઈ જશે અને આ બહેનના નિકાહ પણ.. અને પછી જ્યાં સંબંધમાં પ્રેમ હોય છે ત્યાં નાનીમોટી સમસ્યા હલ થઈ જાય છે.''

મહવિશ જે પ્રેમભર્યા અંદાજમાં સિરાજને નિકાહ કરવા રાજી કરી રહી હતી, તે જોઈને સિરાજના અમ્મીઅબ્બુ ખૂબ ખુશ થયા.

''પણ દીકરી, તારા ઘરવાળા અમારા સિરાજ સાથે તારા નિકાહ કેમ કરશે, જ્યારે તે અમારી હેસિયત જાણે છે.'' સિરાજના અબ્બુએ કહ્યું.

''તેમને મનાવવા મારું કામ છે... બસ મુશ્કેલી તો સિરાજની છે.'' મહવિશે સિરાજ સામે જોતા કહ્યું. સિરાજ ચુપ હતો, પણ તેની ખામોશી એકરારનામું કરી ચૂકી હતી.

જ્યારે મહવિશના નિકાહની વાત તેના ઘરે ચાલી, તો મહવિશે ધીરેથી કહ્યું કે તે પોતાની જિંદગી સિરાજ સાથે વિતાવવા માંગે છે.

''પણ દીકરી, તે લોકો આપણાથી હેસિયતમાં નિમ્ન છે. તેમના ઘરમાં તું કેવી રીતે નિભાવી શકીશ?'' અમ્મીએ કહ્યું.

''મેં સ્વયંને દરેક સ્થિતિમાં રહેવા માટે ઢાળી લીધી છે અમ્મી.'' સ્મિત કરતા મહવિશે કહ્યું.

''અમ્મી સમજી ગઈ હતી મહવિશનું રૂમ બદલવું, સાદા કપડાં પહેરવા અને જાતે કપડાં ધોવા.'' અમ્મીની આંખમાં આંસુ આવી ગયા.

બંને પરિવારે પરસ્પર સહમતીથી સિરાજ અને મહવિશના નિકાહ કરાવી દીધા.

મહવિશના કામને શહેરમાં ખૂબ ઓળખ મળી. હસ્તકલા ઉદ્યોગના નામે કામને ઓળખ મળી. મહવિશને તમામ ઓર્ડર મળતા, તે સમયસર પૂરા કરી દેતી.

આજે સિરાજ અને મહવિશના નિકાહને ૧૦ વર્ષ થઈ ગયા છે. સિરાજના બહેનના પણ નિકાહ થઈ ગયા છે અને તે સાસરીમાં ખુશ છે.

મહવિશના સાચા પ્રેમથી તમામ મુશ્કેલીઓ હલ થઈ ગઈ હતી.

સિરાજ અને મહવિશ પાસે પોતાની એક ફેક્ટરી છે, જેનું નામ છે 'મહ રાજ હસ્તકલા ઉદ્યોગ'. છેવટે સિરાજ અને મહવિશ એક થઈ ગયા હતા. ●



# એક્સપોઝર હવામાં ઉડાવી શકે છે -ગુલ્કી જોશી

સુનીલ શર્મા

ટેલિવિઝનના કોમેડી શો 'મેડમ સર' માં પોલીસ ઓફિસર હસીના મલિકનો અભિનય નિભાવનાર ખૂબસૂરત અભિનેત્રી ગુલ્કી જોશીને ખરી જિંદગીમાં ટ્રેકિંગ અને પેરાગ્લાઈડિંગ કરવાનો શોખ છે. તે બિનધાસ્ત જિંદગી વિતાવવામાં વિશ્વાસ ધરાવે છે. કોરોનાની ઝપેટમાં આવ્યા પછી પણ તેણે હિંમતથી કામ લીધું અને આ મહામારીનો સામનો કર્યો.

ગુલ્કી જોશી છેલ્લા ૧૦ વર્ષથી ટેલિવિઝન પર દર્શકોનું મનોરંજન કરે છે અને ધીરેધીરે ફિલ્મ અને વેબસીરિઝ તરફ જઈ રહી છે. પ્રસ્તુત છે, તેની સાથે થયેલી વાતચીતના મુખ્ય અંશ :

તમારા અને તમારા પરિવાર વિશે કંઈક જણાવો?

મારો જન્મ ઈન્દોરમાં થયો છે. મારા માતાપિતા બંને ઈન્દોરના છે, પણ મારી સ્કૂલનો અભ્યાસ દિલ્લીમાં થયો હતો, કારણ કે અમે દિલ્લી શિફ્ટ થઈ ગયા હતા.

મારા માતાપિતા બંને હિંદી રંગમંચ સાથે જોડાયેલા છે. તેથી મારું બાળપણ નાટક અને તેમના રિહર્સલ જોતા વીત્યું. તેની મારી પર ઊંડી અસર થઈ છે. પરિવારમાં હંમેશાં નાટક, સાહિત્ય અને ફિલ્મની વાત થતી હતી, તેની સાથે જોડાયેલા લોકો મળતા હતા અને આ માહોલમાં મને બાળપણથી મજા આવતી હતી.

તમે એક્ટિંગ ક્ષેત્રમાં કેવી રીતે આવ્યા?

મારા ઘરમાં રંગમંચ સાથે જોડાયેલા લોકો આવતા હતા, નાટકની વાત થતી હતી, તેથી બાળપણથી જ મને આ ક્ષેત્રમાં રુચિ હતી. હું સ્કૂલ લેવલ પર પણ નાટક, ડિબેટ વગેરે સાથે જોડાયેલી રહી.

જ્યારે હું મુંબઈની મીઠીબાઈ કોલેજમાં ગઈ, ત્યારે ત્યાં ડ્રામા ટીમ જોઈન કરી અને મારી રંગમંચની સફર શરૂ થઈ. નાનાનાના રોલ કરતાંકરતાં એકદોઢ વર્ષમાં મેં કેટલાય નાટકો કર્યા અને મારી કોલેજ માટે પુરસ્કાર જીતી લીધા.

તે દરમિયાન લોકો એક્ટર શોધવા માટે કોલેજમાં આવતા હતા. મેં કેટલાય ઓડિશન આપ્યા અને મને 'ક્રાઈમ પેટ્રોલ' શોના કેટલાક એપિસોડ મળ્યા અને મારી એક્ટિંગની કરિયર શરૂ થઈ.

કઈ ટેલિવિઝન સીરિયલથી તમને ઓળખ મળી?

મને પ્રથમ ટેલિવિઝન સીરિયલ 'ફિર સુબહ હોગી' થી ઓળખ મળી, જેમાં મારી એક્ટિંગના વખાણ થયા હતા. ત્યાર પછી મેં સતત કામ કર્યું. 'નાદાન પરિંદે ઘર આ જા', 'સ્વાભિમાન : એક શૃંગાર', 'પિયા રંગરેજ' વગેરે મારી ખાસ ટેલિવિઝન સીરિયલ રહી.

તાજેતરમાં 'મેડમ સર' કરી રહી છું. તેમાં નિભાવેલા હસીના મલિકનો અભિનય મારા દિલની ખૂબ નજીક છે.

તાજેતરમાં દુનિયાભરમાં કોરોનાનો પડછાયો ફેલાયો છે. કલાકાર તરીકે તમને કઈકઈ મુશ્કેલી આવી?

કોરોના છે તો મુશ્કેલી પણ વધારે છે, પણ ટીમ સ્પિરિટ હોય તો બધા કામ મેનેજ થાય છે. બધાએ મુશ્કેલીનો સામનો કર્યો અને કામ પણ સારી રીતે થયું.

ગ્લેમરની દુનિયામાં ટકી રહેવા પરિવારનો સહયોગ કેટલો જરૂરી છે?

પરિવારનું મોટું યોગદાન હોય છે. તમને એટલો પ્રેમ મળે છે, એટલું એક્સપોઝર મળે છે કે તમારા હવામાં ઊડવાના પૂરા ચાન્સ હોય છે. તમે સ્વયંને ગુમાવી શકો છો, પરંતુ તમારો પરિવાર સાથે હોય તો તમે જમીન સાથે જોડાઈ રહો છો.

ફિલ્મમાં જવા વિશે શું વિચારો છો?

ફિલ્મ વિશે હું એટલું જ કહીશ કે સારી સ્ક્રિપ્ટ, સારી કહાણી, સારો રોલ મળશે, તો હું જરૂર કરીશ. દરેક કલાકારનું સપનું હોય છે સારી ફિલ્મ કરવાનું. બસ યોગ્ય તકની અને સારા રોલનો ઈંતેજાર છે.

એન્ટરટેઈનમેન્ટ ઈન્ડસ્ટ્રીમાં ડ્રગ્સ અને 'મી ટુ' બાબતને લઈને ચર્ચા થઈ રહી છે. તમારી શું સલાહ છે?

ડ્રગ્સ અને 'મી ટુ' વિશે કમેન્ટ કરવા માટે હું હજી ખૂબ નાની છું. જો કંઈ ખોટું થઈ રહ્યું છે તો તે ન થવું જોઈએ, પરંતુ મને આ પ્રકારનો કોઈ એક્સપીરિયંસ નથી થયો, તેથી આ વિશે કંઈ પણ કહેવું યોગ્ય નથી.

મેં હંમેશાં સારા લોકો સાથે અને સારા માહોલમાં કામ કર્યું છે. દરેક શોમાં પૂરી યુનિટ એક પરિવારની જેમ રહે છે, તેથી મને આ પ્રકારનો કોઈ અનુભવ નથી.

વેબસીરિઝ 'ભૌકાલ' અને ફિલ્મ 'નક્કાશ' માં કામ કરવાનો અનુભવ કેવો રહ્યો? શું કોઈ નવી ઓફર આવી છે?

'ભૌકાલ' મારી પહેલી વેબ સીરિઝ છે. તેમાં કામ કરવાની ખૂબ મજા આવી. વેબ સીરિઝનું મીડિયમ પણ ટેલિવિઝન જ છે, તેથી તમારે એવી જ એક્ટિંગ કરવી પડે છે, જેવી તમે ટેલિવિઝન મીડિયમ માટે કરો છો, પરંતુ શૂટિંગ કરવાની રીત થોડી અલગ હોય છે. ડેડલાઈનનું દબાણ નથી હોતું, તો રિલેક્સ અને સારા માહોલમાં કામ કરી શકો છો. ફિલ્મ 'નક્કાશ' વિશે પણ આ જ કહીશ.

તમારા આવનારા પ્રોજેક્ટ કયાકયા છે?

હાલ મારો પૂરો સમય 'મેડમ સર' અને 'ભૌકાલ' ના શૂટિંગમાં વીતી જાય છે. હાલમાં નવા પ્રોજેક્ટનું કોઈ પ્લાનિંગ નથી.

તમે ફ્રી સમયમાં શું કરો છો?

મને જ્યારે પણ ફ્રી સમય મળે છે, તે આરામ કરવા, ભણવા, પરિવાર અને મિત્રો સાથે ગપસપ કરવામાં વિતાવું છું. ●






## ‘શ્રદ્ધા કપૂર ‘ચાલબાજ’ બનશે

**ખૂબસૂરત** શ્રદ્ધા કપૂર ફિલ્મ સ્ક્રીન પર ૨-૨ અભિનયમાં દેખાશે. આ ફિલ્મ જૂની ‘ચાલબાજ’ ની રિમેક હશે, જે વર્ષ ૧૯૮૯ માં રૂપેરી પડદા પર આવી હતી. તે ફિલ્મમાં શ્રીદેવીએ રોલ નિભાવ્યો હતો અને તેની સાથે સની દેઓલ અને રજનીકાંત હતા.

તે ફિલ્મમાં એક ખાસ વાત બીજી હતી કે શ્રદ્ધા કપૂરના પપ્પા શક્તિ કપૂરે કામ કર્યું હતું અને શ્રીદેવીને પોતાની હરકતથી ખૂબ દુખી કરી હતી. જોકે તેમણે કોમેડીથી લોકોને હસાવ્યા પણ હતા.



## ‘માસ્ટર’ બની શકે છે સલમાન

**આજકાલ** દક્ષિણ ભારતની ફિલ્મનું હિંદીમાં રિમેક થઈ રહ્યું છે. ત્યાંની એક ફિલ્મ ‘માસ્ટર’ એ કોરોનાકાળમાં ખૂબ કમાણી કરી હતી. તેની હિંદી રિમેક બનવાની વાત ચાલી રહી છે અને તે માટે સલમાન ખાનની પ્રથમ પસંદગી બતાવી રહ્યા છે.

જોકે સલમાન ખાન અન્ય પ્રોજેક્ટ પર કામ કરી રહ્યો છે. તેનું કેટરિના કૈફ સાથે ફિલ્મ ‘ટાઈગર ૩’ નું શૂટિંગ ચાલી રહ્યું છે. જો ‘માસ્ટર’ તેના હાથમાં આવશે, તો આ તેના માટે માસ્ટરસ્ટ્રોક સાબિત થશે.

## કાર્તિક પાસે કામ જ કામ



**આ** વર્ષ કાર્તિક આર્યન માટે ખુશીઓ લાવનાર છે. તેની ફિલ્મ ‘ધમાકા’ નું શૂટિંગ પૂરું થઈ ગયું છે અને પછી તે ‘ભૂલભૂલૈયા ૨ ’ માં બિઝી થશે. તે પૂરી થતા જ તે ફિલ્મ ‘દોસ્તાના ૨’ માં વ્યસ્ત થઈ જશે.

આ લિસ્ટ હજી પૂરું નથી થયું. સાંભળ્યું છે કે તે એક દક્ષિણ ભારતીય ફિલ્મની હિંદી રિમેકમાં જોવા મળશે. સૌથી મોટી ખબર છે કે તે ડાયરેક્ટર શરણ શર્માની નવી ફિલ્મમાં જોવા મળશે, જે કરણ જોહર પ્રોડ્યૂસ કરશે.

આ ફિલ્મમાં કાર્તિક આર્યન એક ક્રિકેટરનો અભિનય નિભાવશે. ટૂંક સમયમાં જ તે આ ફિલ્મ સાઈન કરશે અને દર્શકોને ચોગ્ગાછગ્ગા લગાવતો જોવા મળશે. ●




*મારી ઉંમર ૨૫ વર્ષ છે અને હું મારા પરિવારની લાડલી છું. સમસ્યા એ છે કે હું મારી એક સાહેલી પર ફિદા છું અને તેને કોઈ પ્રેમીની જેમ પ્રેમ કરું છું. તે છોકરી પણ મને પ્રેમિકાની જેમ પ્રેમ કરે છે, પણ શું અમારો પ્રેમ નૈતિક છે? મને યોગ્ય સલાહ આપો.*

આ પ્રેમ ન અનૈતિક છે અને ન નૈતિક, પણ તેમાં કોઈ વાંધો નથી. હવે તેને કાયદેસર મંજૂરી મળી ગઈ છે. તમે પ્રેમીની જેમ સાહેલીને પ્રેમ કરી શકો છો, પણ પ્રેમિકા બની રહેવા માટે તેની મંજૂરી પણ જરૂરી છે.

જોકે મજા કોઈ છોકરાને પ્રેમ અને સેક્સ કરવામાં આવશે, તે તેમાં કદાચ જ આવે, તેથી કોઈ છોકરાને પ્રેમ કરી જુઓ, પછી નિર્ણય કરો કે કયો પ્રેમ સારો અને રસપ્રદ છે. તમને આ ગમે તો આ જ ઠીક.

●

*કેટલાય વર્ષથી મારો એક પરિણીત મહિલા સાથે સહશયન કરવાનો સિલસિલો ચાલી રહ્યો હતો. તે મહિલાનો તેના દિયર સાથે પણ સંબંધ છે. આ વર્ષે મારા લગ્ન થયા. મારી પત્ની સારી છે, પણ હું તે મહિલાને ભૂલી નથી શક્યો. તે પણ મારી યાદમાં બીમાર છે. હું શું કરું?*

તમે પણ તકવાદી છો અને તે મહિલા પણ પુરુષોની શોખીન લાગે છે. આવા સંબંધને વધારે મહત્ત્વ આપવું મૂર્ખામી છે.

જ્યાં સુધી શક્ય હતું, તમે લોકોએ મસ્તી કરી, પણ હવે સુધરીને પત્ની સાથે વફાદાર બનવાનો પ્રયત્ન કરો. તે મહિલાને તમારા જેવા બીજા મળી જશે, તેથી તેની ચિંતા ન કરો.

●

*મારા લગ્નને હજી ૧૦ વર્ષ થયા છે, પરંતુ મારી પત્ની કોઈને કોઈ બહાનું બનાવીને સેક્સ કર્યા વિના ઊંઘી જાય છે. ક્યારેક એમ કહે છે કે પેટમાં દુખે છે. આ વાતથી હું તાણમાં રહું છું. કોઈ ઉપાય જણાવો?*

તમારી સમસ્યા ગંભીર છે, તેથી ધીરજથી કામ લો. શક્ય છે કે પત્નીના મનમાં શારીરિક સંબંધ બાબતે કોઈ ડર બેસી ગયો હોય. થોડા દિવસ તેની સાથે પ્રેમભર્યો વ્યવહાર કર્યો અને પથારીમાં જતા સેક્સની ઉતાવળ ન કરો. પત્નીને ધીરેધીરે સેક્સ માટે તૈયાર કરો અને જાણવાનો પ્રયાસ કરો કે તેનું સેક્સ પ્રત્યેના અણગમાનું કારણ શું છે. બની શકે કે તે પોતાની મુશ્કેલી તમને જણાવી દે અને ત્યાર પછી તમારી સમસ્યા દૂર થઈ જાય.

●

*હું ૧૮ વર્ષનો છું અને એક કસબામાં રહું છું. અમારી એક કરિયાણાની દુકાન છે. મારા પપ્પા ઈચ્છે છે કે હું અભ્યાસ છોડીને દુકાન સંભાળી લઉં, પણ હું ભણવામાં હોશિયાર છું અને આગળ ભણવા ઈચ્છું છું. મારી સમજમાં નથી આવતું કે શું નિર્ણય કરું. તમે કોઈ સલાહ આપો?*

તમે બંને કામ સાથે પણ કરી શકો છો. એવા ઘણા યુવક છે જે આ બંને કામ સાથે કરી રહ્યા છે. જો તમે ખરેખર ભણવામાં હોશિયાર છો તો પ્રાઈવેટ અભ્યાસ પણ કરી શકો છો. કરિયાણાની જૂની ચાલુ દુકાનથી દૂર થવું સમજદારી નથી. તમારા પપ્પા કદાચ એમ વિચારતા હશે કે આજકાલ નોકરી સરળતાથી મળતી નથી અને જો ૨૦-૨૫ હજારની મળી પણ જાય તો તેટલી આવકમાં જીવનનિર્વાહ ચલાવવો મુશ્કેલ છે.

તમે પપ્પાને સમજાવો કે અભ્યાસ અને દુકાનદારી સાથે પણ થઈ શકે છે. પોતાની જ દુકાનમાં પાર્ટ ટાઈમ કામ કરો. તમારી પહેલથી તમારા પપ્પાની વેપારની ચિંતા પણ દૂર થશે.

●

*હું ૨૭ વર્ષનો કુંવારો યુવક છું. મારી પાડોશમાં રહેતી એક ભાભી સાથે મારા શારીરિક સંબંધ બંધાઈ ગયા છે, પણ હવે મને લાગે છે કે આ બધું ખોટું છે, જ્યારે પણ તે મને બોલાવે છે ત્યારે હું ઈન્કાર નથી કરી શકતો. હું શું કરું?*

ભૂલનો આ અહેસાસ મન ભરાઈ જવું અથવા ડર પણ હોઈ શકે છે, કારણ કે ક્યારેક પકડાઈ જશો તો બદનામી તો થશે, સાથે પિટાઈ પણ થશે. વળી તમારા લગ્નમાં પણ મુશ્કેલી પડશે, તેથી ધીરેધીરે પાડોશની ભાભીથી અંતર બનાવવાનું ચાલુ કરો અને કોઈ સારી છોકરી જોઈને લગ્ન કરો. યાદ રાખો, લગ્ન પછી ક્યારેય ભાભી સામે ન જોશો. ●



ZEE LABORATORIES
કરોડો લોકોએ અજમાવેલ
MYFAIR
Cream
MYFAIR
Cream
કરચલી
કાળાં કુંડાળાં
ચકામાં
MYFAIR
રૂપ સજાવે, સ્કિન નિખારે
ક્રીમ
સાબુ
ફેસવોશ
સન સ્ક્રીન
સંપૂર્ણ કોસ્મેટિક રેન્જ
તમામ મુખ્ય દવા વિક્રેતાને ત્યાં ઉપલબ્ધ
9896134500
A Product of
ZEE LABORATORIES LTD.
Online Shopping:
www.myfair.in




રોગ પ્રતિરોધક ક્ષમતા વધારે
MultipreX
Multivitamin, Multiminerals & Antioxidant Soft Gelatin Capsules
MultipreX
Advanced Formula for
Strong Immunity
ZEE
ZEE DRUGS
MultipreX™
કેપ્સ્યૂલ, સિરપ,
ઓરલ ડ્રોપ્સ, પાઉડર
Multivitamin, Multiminerals
& Antioxidants
Advanced Formula For
Strong Immunity
દરરોજ સેવન કરો
9896134500
દરેક મુખ્ય દવા વિક્રેતાને ત્યાં ઉપલબ્ધ
પ્રતિરક્ષામાં સુધારો, વિટામિન અને મિનરલની કમીને પૂર્ણ કરી રોગથી બચાવે

Licenced to Post Without Pre Payment (REGISTERED)RNI DELGUJ/2003/9232 DL(C)-14/1099/2021-23 Saras Salil (Gujarati) May P.O. SRT Nagar, ND-55 Posting Dt. 27 to 03, Published on 15/4/2021 Pgs.24

